# આદિવાસી વિસ્તારમાં હાટ

With the Compliments of
Centre for Social Stu
South Gujarat University Campu
Udhna Magdalla Rd; SURAT - 395

એસ. પી. પુનાલેકર

અનુવાદ
શાંતિભાઈ મેરાઈ

સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત

આદિવાસી વિસ્તારમાં હાટ

લેખક : એસ. પી. પુનાલેકર

અનુવાદક : શાંતિભાઈ મેરાઈ

આવૃત્તિ : પ્રથમ ૧૯૮૩

કિંમત : રૂ. ૧૨/–

પ્રકાશક :
ઘનશ્યામ શાહ,
સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ વતી
સુરત.

મુદ્રક :
રાકેશ કે. દેસાઈ
ચંદ્રિકા પ્રિન્ટરી
મિરઝાપુર રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

## નિવેદન

સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝે છેલ્લાં દસ વર્ષમાં ગુજરાતના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય પ્રક્રિયાઓને લગતા ઘણા અભ્યાસો કર્યા છે; જે લેખો અને પુસ્તકો સ્વરૂપે પ્રસિદ્ધ પણ થયા છે. મોટા ભાગના અભ્યાસો એક યા બીજી મર્યાદાને કારણે અંગ્રેજીમાં લખાયા. જ્યારે અમે અંગ્રેજીમાં લખતા ત્યારે અમારા સૌ (સેન્ટરના સભ્યો)ના મનમાં એક વસવસો રહ્યા કરતો હતો – આજે પણ તે છે, – કે આ લખાણો ગુજરાતના લોકો – ખાસ કરીને વિદ્યાર્થીઓ અને શિક્ષકો, વિકાસના કામોમાં, આંદોલનોમાં, રોકાયેલા અને જાહેર સંસ્થાઓ ચલાવતા કાર્યકર્તાઓ અને જિલ્લા કે ગ્રામ કક્ષાએ કામ કરતા કર્મચારીઓ સુધી પહોંચ્યા નથી. જો અમે ગુજરાતીમાં લખીએ તો કદાચ પ્રસ્તુત અભ્યાસો તેમનામાંથી કેટલાક સુધી પહોંચવાની સુવિધા થઈ શકે. તેમના પ્રતિભાવો પણ મળી શકે. તેઓ અમારા ગુણદોષો બતાવી શકે અને આ રીતે અરસપરસ ચર્ચાઓ થઈ શકે. આમ કરતાં વિદ્યાસંસ્થાઓ અને આમસમાજ વચ્ચે ખાઈ ઓછી થઈ શકે.

અમારાં લખાણોને ગુજરાતીમાં છપાવવા અંગે છેલ્લાં બેત્રણ વર્ષથી અમે સતત પ્રયત્ન કરતા હતા. પરંતુ અમારાં સાધનો – આર્થિક અને માનવીય – ટાંચાં પડતાં હતાં. અમારી આ મૂંઝવણ અમે કેટલાક મિત્રો સમક્ષ રજૂ કરી અને તેઓએ ભાષાંતરનું કામ કરવા તત્પરતા બતાવી, એથી અમારો ઉત્સાહ વધ્યો. નાણાંકીય મદદ માટે અમે ઇન્ડિયન કાઉન્સીલ ઑફ સોશ્યલ સાયન્સ રીસર્ચ (આઈ.સી.એસ.એસ.આર.) અને ગુજરાત સરકાર પાસે અમારી યોજના મૂકી. તેઓએ અમારી યોજનાનો સ્વીકાર કર્યો અને ગુજરાતીમાં સેન્ટરના કેટલાંક લખાણોને પ્રકાશિત કરવા માટે અનુદાન આપ્યું. અમે ગુજરાત સરકાર અને આઈ.સી. એસ.એસ.આર.નો અનુદાન માટે આભાર માનીએ છીએ. અલબત્ત, આ લખાણોમાં વ્યક્ત થયેલા અને થનારા વિચારો તેમજ અર્થઘટનો જે તે લેખકના છે અને ગુજરાત સરકાર, આઈ.સી.એસ.એસ.આર. કે સેન્ટરના સંસ્થા તરીકેના નથી તે સ્પષ્ટ કરવાની ભાગ્યે જ જરૂર છે.

પ્રસ્તુત પુસ્તક ડૉ. એસ. પી. પુનાલેકરના સંશોધન અહેવાલ 'વીકલી માર્કેટ્સ ઈન ટ્રાયબલ એરિયાઝ'નો અનુવાદ છે. અનુવાદકાર્ય પ્રા. શાંતિભાઈ મેરાઈએ કર્યું છે. સુબોધ ગુજરાતી અનુવાદ કરી આપવા બદલ અમે પ્રા. શાંતિભાઈના આભારી છીએ.

આ પુસ્તક અંગે સૂચનો અને ટીકાટિપ્પણો આવકાર્ય છે.

**ઘનશ્યામ શાહ**
**વિદ્યુત જોષી**
ગુજરાતી પ્રકાશન સમિતિ,
સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ

સુરત
ફેબ્રુઆરી, ૧૯૮૩

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | પરિચય ... | ૧ |
| ૨ | આદિવાસી પ્રદેશ અને હાટ – એક દષ્ટિપાત | ૬ |
| ૩ | ચીજવસ્તુઓ અને સેવાઓ ... | ૨૦ |
| ૪ | વેપારીઓ અને તેમનાં લક્ષણો ... | ૩૮ |
| ૫ | નીચલા સ્તરના આદિવાસીઓ ... | ૫૮ |
| ૬ | ઉપલા સ્તરના આદિવાસીઓ ... | ૭૮ |
| ૭ | સારદોહન ... | ૯૮ |

# ૧

# પરિચય

આદિવાસી વિસ્તારોમાં જુદી જુદી જગ્યાએ અઠવાડિયામાં એક વખત બજાર ભરાય છે. આને હાટ અથવા હાટવાડા કહેવામાં આવે છે. દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડ જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં ભરાતા હાટનો આ અભ્યાસ છે. આ હાટ આદિવાસી સમાજમાં શો ભાગ ભજવે છે તે તપાસવાનો આ અભ્યાસનો હેતુ છે.

બજારને જુદી જુદી રીતે સમજી શકાય. બજારમાં લોકો તેમનો માલ વેચવા, ખરીદવા અથવા વિનિમય કરવા આવે છે. કેટલાક લોકો શ્રમ વેચે છે; એટલે કે તેઓ મજૂરીની શોધમાં ત્યાં આવે છે. આ રીતે બજારમાં ખરીદનારા અને વેચનારા ભેગા થાય છે. બજાર એક વેચવા યોગ્ય માલની વહેંચણીનું એક માધ્યમ છે. બજાર દ્વારા ખેડૂતોની પેદાશો અને કારીગરોની સેવાઓ ગ્રાહક સુધી પહોંચે છે. આ પ્રક્રિયામાં કેટલીક વખત દલાલો મહત્ત્વની કડીરૂપે કામ કરે છે; અને આ દલાલો માલ અને શ્રમની કિંમત નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. બજારમાં દલાલો ઉપરાંત ચોક્કસ લોકોનો એક સમૂહ માલ અને પુરવઠાની પરિસ્થિતિનું નિયમન કરે છે; અને આ દ્વારા માલ અને શ્રમની કિંમત અંકાય છે.

પશ્ચિમના અને ભારતના કેટલાક વિદ્વાનોએ આદિવાસીઓના બજારનો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસો નૃવંશશાસ્ત્રના અભિગમથી થયા છે. મોટા ભાગનાઓએ હાટનાં બે લક્ષણો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એક તો આદિવાસી સમાજના સામાજિક અને સાંસ્કૃતિક જીવન પર હાટની ઘણી અસરો થાય છે; અને સમાજને પરિવર્તનની દિશામાં લઈ જાય છે. બીજું, આદિવાસીઓ અહીં પોતાનાં સગાંવહાલાંઓને વારંવાર મળે છે. પરિણામે આદિવાસી સમાજમાં એક પ્રકારની એકતા ઉદ્‌ભવે છે. આ

અભ્યાસોમાં એક એવો ખ્યાલ પ્રતિપાદિત કરવામાં આવે છે કે આદિવાસી સમાજમાં સંવાદિતા પ્રવર્તે છે; એટલે કે બધા જ આદિવાસીઓ લગભગ એક જ પ્રકારની સામાજિક અને આર્થિક ભૂમિકામાં કામ કરે છે. આથી બજારમાં તેઓની વર્તણૂક – વેચાણ અને ખરીદશક્તિ, અને પરસ્પરના સંબંધોની ભૂમિકા – સમાન હોય છે. પરંતુ બજાર માળખા સાથે બીજાં પણ કેટલાંક અગત્યનાં પાસાંઓ સંકળાયેલાં છે તેની આ અભ્યાસો ઉપેક્ષા કરે છે. આ પાસાં તે (૧) આદિવાસીઓની સાધનસંપત્તિ અથવા તેમના સામાજિક સ્તરની પરિસ્થિતિ; (૨) તેમની બજાર વિશેની જાણકારી અથવા તે અંગેની તેમની બૌદ્ધિક કક્ષા.

આદિવાસીઓની એકતા અને સંગઠન અંગેનું અનુમાન આદિવાસીઓના સંશોધન બાબતમાં કંઈક જડ અને એકપરિમાણી દૃષ્ટિબિંદુ તરફ દોરી ગયું છે. આદિવાસી પ્રદેશના અઠવાડિક બજારોના અભ્યાસો પણ આ સામાન્ય વલણમાં અપવાદરૂપ નથી. આમ છતાં સેન્ટર દ્વારા કરવામાં આવેલા અભ્યાસોમાં * આ અનુમાનની ફેરતપાસ થવી જોઈએ એ વાત પર ભાર મુકાયો છે. આદિવાસી સમાજ સામાજિક અને આર્થિક રીતે એકસરખાપણું ધરાવતો સમાજ નથી એ સૂચવવા હવે પુરાવાઓ મળે છે. હરીફાઈયુક્ત અર્થકારણ તથા રાજકારણનાં પરિબળોને કારણે આદિવાસી સમાજમાં જુદા જુદા સામાજિક સ્તરો ઊપસી આવ્યાં છે. આમ હોવાથી એક સામાજિક અને આર્થિક સંસ્થા તરીકે અઠવાડિક બજાર અથવા હાટ જે સ્થળે ભરાય છે ત્યાંના સામાજિક-આર્થિક તફાવતોને પ્રગટ કરે છે અથવા પ્રતિબિંબિત કરે છે.

અમને એટલા માટે હાટમાં રસ પડ્યો કે આદિવાસી તાલુકાઓમાં એ ભરાય છે અને બીજાઓ (બિન-આદિવાસીઓ) કરતાં સામાજિક અને આર્થિક રીતે પછાત એવા લોકો વચ્ચે એ ભરાય છે. અમારો મુખ્ય પ્રશ્ન

---

* ઘનશ્યામ શાહ, સ્ટ્રેટીફિકેશન એમંગ શીડ્યુલ્ડ ટ્રાઇબ્સ ઇન ધી ભરુચ એન્ડ પંચમહાલ ડિસ્ટ્રિક્ટ્સ ઑફ ગુજરાત. ૧૯૭૬. સુરત, સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ.

બોઝ પ્રદીપકુમાર, સ્ટ્રેટીફિકેશન એમંગ ધી શીડ્યુલ્ડ ટ્રાઇબ્સ ઇન ધી વડોદરા, સાબરકાંઠા એન્ડ ધી ડાંગ્સ ડિસ્ટ્રિક્ટ્સ ઑફ ગુજરાત. ૧૯૭૮. સુરત, સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ.

પુનાલેકર એસ. પી., માઇગ્રેશન એન્ડ સોશ્યલ સ્ટ્રેટીફિકેશન : એ કેસ સ્ટડી ઑફ ઢીડિયાઝ ઑફ સુરત. ૧૯૮૨. સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ.



એ છે કે હાટમાં શું બની રહ્યું છે? આ પ્રશ્ન અમારી તપાસને સતત માર્ગદર્શન આપતો રહ્યો છે. અમારું અનુમાન છે કે હાટ એ સ્થગિત નહીં પરંતુ ગતિશીલ એવાં બજારસ્થળો છે. આદિવાસીઓને બિન-આદિવાસીઓની વધુ નજીક, તેમની આસપાસના સમાજની વધુ નજીક લાવવામાં હાટે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

આથી અમે સૌ પ્રથમ હાટમાં ઉપલબ્ધ જુદી જુદી વસ્તુઓની તથા સેવાઓની તપાસ કરી છે. બીજી તપાસ ત્યાં ભેગા થતા વેપારીઓની કરી છે. અને એ શોધવાનો પ્રયત્ન કર્યો છે કે આદિવાસીઓ પોતાની મેળે હાટના વેપારમાળખામાં દાખલ થયા છે કે કેમ? જો આદિવાસીઓ હાટના વેપારમાં પ્રવેશ્યા હોય તો તે આદિવાસી સમાજમાં થયેલા વિકાસનું એક અગત્યનું ચિહ્ન કહેવાય.

ત્રીજું, આદિવાસીઓનો અમે ચીજવસ્તુઓના વેપારી તરીકે, ગ્રાહકો તરીકે અને મુલાકાતીઓ તરીકે અભ્યાસ કર્યો છે. તેમના બજારવર્તન, તેમના અનુભવ અને તેમની આકાંક્ષાઓની પણ તપાસ કરી છે. ચોથું, હાટમાં આવનારા આદિવાસીઓના આર્થિક સ્તરની અમે તપાસ કરી છે અને અલગ અલગ સામાજિક–આર્થિક સ્તર ધરાવનાર આદિવાસીઓ હાટની તેમની પ્રવૃત્તિઓમાં, તેમના બજારવર્તનમાં તેમના દૃષ્ટિબિંદુ અને આકાંક્ષાઓમાં એકબીજા સાથે સમાનતા ધરાવે છે કે જુદા પડે છે તે પણ જોયું છે.

## કાર્યપદ્ધતિ

સુરત–વલસાડ જિલ્લામાં ૭૯ હાટ ભરાય છે. અમે સુરત–વલસાડ જિલ્લાનાં બધા જ કુલ (૧૪) આદિવાસી તાલુકાઓને આવરી લેવાનો પ્રયત્ન કર્યો. કેટલાક તાલુકામાં એક જ હાટ ભરાય છે તો કેટલાકમાં ૧૩ જેટલા હાટ ભરાય છે. અમે આશરે ૪૮ જેટલા હાટ પસંદ કર્યા. અમારા અભ્યાસના સમયે (માર્ચ, ૧૯૭૭) જે હાટ ભરાતા હતા તેના એ ૫૦ ટકા કરતાં વધારે થાય.

અભ્યાસ માટે અમે જુદી જુદી કાર્યપદ્ધતિઓને અનુસર્યા. અગાઉ અમે જે પ્રશ્નો નક્કી કર્યા હતા તેના સંદર્ભમાં બને તેટલી વધારે હકીકતો ભેગી કરવાનો અમારો હેતુ હતો. આથી અમે અન્વેષકોને જુદા જુદા હાટમાં મોકલ્યા. કેટલાક હાટની પ્રાથમિક મુલાકાતો લીધા બાદ અમારે જેનો વિચાર કરવો પડે તેવા વાતો કરવાના મુદ્દાઓની તથા વિગતોની

યાદીનો અમે ઉપયોગ કર્યો. યાદીમાં ન હોય તેવું કોઈ નવું અથવા વિશિષ્ટ લક્ષણ કે પાસું અમારા ધ્યાનમાં આવતું ત્યારે અમે યાદીમાં ઉમેરો કે વિસ્તાર કરતા. જે ગામમાં હાટ ભરાતો હોય તે ગામમાં અમે રહેતા. એ ગામના હાટમાં જનારા આદિવાસીઓ, વેપારીઓ અને વડીલો સાથે અમે વાતો કરતા. આમાં પોલીસપટેલ કે સરપંચનો પણ સમાવેશ થઈ જતો.

દરેક હાટની બે વાર મુલાકાત લીધા પછી અમે પાછા આવતા અને અમારાં નિરીક્ષણોની નોંધ કરતા. આ નિરીક્ષણ અહેવાલોમાં આટલી વિગતોનો સમાવેશ થતો હતો : હાટનો સમય અને સમયગાળો, એના આરંભનું વર્ષ, એ જ્યાં ભરાય છે તે સ્થળની લાક્ષણિકતાઓ, મુલાકાતીઓની સંખ્યા અને તેમની સામાજિક પૃષ્ઠભૂમિકા, મોસમ અનુસાર હાટમાંની તેમની હાજરીમાં થતા ફેરફારો વગેરે. જે ગામોમાં હાટ ભરાય છે તે ગામોનાં વિશિષ્ટ લક્ષણો પુસ્તકમાં યોગ્ય સ્થળોએ અમે દર્શાવ્યાં છે.

આ પછી આવ્યો અહેવાલોની ચકાસણીનો બીજો તબક્કો. આ તબક્કે અમને લાગ્યું કે કેટલાંક ચોક્કસ પાસાંઓ વિશે વિશેષ તપાસ થવી જોઈએ. અને કેટલાંક સામાન્ય અથવા સંદિગ્ધ વિધાનો ઉપર આધાર રાખવો ન જોઈએ. વળી અગત્યની કેટલીક માહિતીમાં તૂટ રહી જતી હતી જેમ કે હાટમાં દુકાનોની સંખ્યા, દુકાનદારોની જ્ઞાતિ વગેરે. આ માહિતી પછીથી હાટના વેપારીઓ, ગામના આગેવાનો, શાળાના શિક્ષકો વગેરે પાસેથી મેળવવામાં આવી હતી. જેની વિશેષ ઊંડાણથી તપાસ કરવી પડે તેવી બાબત તે હાટના વેપારીઓની પ્રવૃત્તિઓ હતી. ખાસ તો અનાજના વેપારીઓની. આથી ૧૯૭૭ના શિયાળામાં, કાપણી પૂરી થઈ ગયા પછીની મોસમમાં એક અન્વેષકને કેટલાક હાટમાં અનાજના વેપારીઓની પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી ભેગી કરવા ધરમપુર તાલુકામાં મોકલવામાં આવ્યાં. સોનગઢ, વ્યારા અને વાંસદા તાલુકાના કેટલાક હાટમાં પ્રવૃત્તિ કરતા અનાજના વેપારીઓની માહિતી અમારી પાસે હતી જ. આ માહિતી અમારા આદિવાસી અન્વેષકોએ જ મેળવી હતી. તેઓ આમાંના કેટલાક હાટ વિશે અને વેપારની પદ્ધતિઓ વિશે માહિતગાર હતા જ. આથી આ પ્રક્રિયા વેપારીઓ વિશેની અથવા તેમની ભૂમિકા વિશેની સંદિગ્ધતા અથવા ગૂંચવણયુક્ત વિધાનો નિવારવામાં ઉપયોગી થઈ પડી.

બીજી પદ્ધતિ મુલાકાતોની–પ્રશ્નાવલિઓની હતી. પ્રશ્નાવલિમાં ૨૦



પ્રશ્નોનો સમાવેશ થતો હતો. જુદા જુદા સામાજિક–આર્થિક સ્તર ધરાવતા આદિવાસીઓની મુલાકાત લેવામાં અમે આ પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો. હાટ વિશે અગાઉ તૈયાર કરવામાં આવેલા અહેવાલની સામાન્ય માહિતીની તેમજ ચોક્કસ સ્તરના આદિવાસીઓના વલણ અને વર્તણૂકની વિશ્વસનીયતા વધારવા આમ કરવું પડ્યું. બીજું, અમારી એક એવી માન્યતા હતી કે જુદાં જુદાં સ્તર ધરાવતા આદિવાસી સમાજમાં એક સ્તર બીજા કરતાં જુદી રીતે ભાગ લેતું હશે. તેમને બજારના માળખા સાથે જુદા જુદા પ્રકારના સંબંધો પણ હશે જ. અમે આ માન્યતાની ચકાસણી કરવા માગતા હતા અને તેથી આદિવાસી સમાજના એકબીજાથી અલગ પડતાં સ્તરોનું પ્રતિનિધિત્વ કરતા ૮૬ આદિવાસીઓની અમે મુલાકાત લીધી. તેઓ ચાર મુખ્ય સ્તરોમાં વહેંચાયેલા હતા : જમીનવિહોણા આદિવાસીઓ, નાના ખેડૂત, મધ્યમ ખેડૂત અને મોટા ખેડૂત.

સુરત–વલસાડ જિલ્લાનાં આદિવાસી તાલુકાઓના ૪૮ હાટના નિરીક્ષણ અહેવાલો એપ્રિલ–મે ૧૯૭૭માં તૈયાર કરવામાં આવ્યા. આ સમયગાળા દરમ્યાન હાટની મુલાકાતો લેવામાં આવી હતી. ૮૬ આદિવાસીઓની વિગતવાર માહિતી મેળવવા માટેની મુલાકાતો ૧૯૭૭ના જૂનથી ઑગસ્ટ દરમ્યાન લેવાઈ હતી. અનાજના વેપારીઓ વિશેની માહિતી જાન્યુઆરી ૧૯૭૮માં ભેગી કરવામાં આવી હતી. કારણ કે અનાજના વેપારીઓ કેવળ શિયાળા દરમ્યાન જ હાટમાં સક્રિય રહેતા હતા.

હાટના અભ્યાસ અને પદ્ધતિ અંગેની આટલી પૂર્વભૂમિકા હાટના અમારા અભ્યાસને સમજવામાં સહાયરૂપ બની રહે એ હેતુથી રજૂ કરી છે.

# ૨

# આદિવાસી પ્રદેશ અને હાટ – એક દૃષ્ટિપાત

હાટ વિશેના અમારા અભ્યાસનો મુખ્ય ભૌગોલિક વિસ્તાર સુરત–વલસાડ જિલ્લાઓ છે. આ બંને જિલ્લાઓની કુલ વસ્તી ૧૯૭૧ની વસ્તીગણતરી મુજબ ૩૨.૧૬ લાખ છે અને તે ૨૧ તાલુકાઓમાં વહેંચાયેલી છે. આ કુલ વસ્તીમાંથી ૧૬.૦૪ લાખ અથવા લગભગ ૫૦ ટકા વસ્તી આદિવાસીઓની છે. ગુજરાત રાજ્યની કુલ આદિવાસી વસ્તીના આ ૪૩ ટકા થાય છે. આ બંને જિલ્લાઓમાં રહેનારા આદિવાસીઓ સમતોલપણે ફેલાયેલા નથી. કેટલાક તાલુકાઓમાં વધારે આદિવાસીઓ છે તો કેટલાકમાં ઓછા. જે તાલુકાઓમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ વધારે છે તે તાલુકાઓ આદિવાસી તાલુકાઓ તરીકે ઓળખાય છે.[1] સુરત–વલસાડ જિલ્લાના ૨૧ તાલુકાઓ પૈકી ૧૪ આદિવાસી તાલુકાઓ છે. (૯ સુરત જિલ્લામાં અને ૫ વલસાડ જિલ્લામાં) આ આદિવાસી તાલુકાઓમાં રહેતી આદિવાસી વસ્તી ૧૨.૪૧ લાખ છે. એટલે કે સુરત–વલસાડ જિલ્લાની સમગ્ર આદિવાસી વસ્તીના ૭૭ ટકા. આ આદિવાસી વસ્તી જુદા જુદા વંશસમૂહો અથવા જાતિઓ સાથે સંકળાયેલી છે. સુરત–વલસાડ જિલ્લાની મુખ્ય આદિવાસી જાતિઓ આ પ્રમાણે છે: ભીલ, દૂબળા, ઢાંડિયા, ચૌધરી, કૂકણા, નાયકા, વારલી અને ગામીત.

સુરત–વલસાડ જિલ્લાઓમાં થયેલો વિકાસ સમતોલ નથી.[2] સામાજિક અને આર્થિક રીતે કેટલાક તાલુકાઓની સ્થિતિ સારી છે. તો

૧. દેસાઈ આઈ. પી. એન્ડ જી. એ. પાન્ડોર, 'એ પ્રોફાઇલ ઑફ એજ્યુકેશન એમોંગ ધી શીડ્યુલ્ડ ટ્રાઇબ્સ ઇન ગુજરાત.' ૧૯૭૫. સુરત. સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ.

૨. જેન બ્રીમેન. 'સીઝનલ માઇગ્રેશન એન્ડ કો–ઓપરેટિવ કેપિટાલિઝમ.' ઇકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી વૉલ્યુમ-૧૨, નં. ૩૨–૩૩.



કેટલાક તાલુકાઓ ખૂબ જ પછાત અને અણુવિકસિત છે. આ પરિસ્થિતિને સ્વતંત્રતા પૂર્વેની સામાજિક-રાજકીય શાસનપદ્ધતિ સાથે ઘણો નિકટનો સંબંધ છે. ચીખલી, પારડી, ઉંમરગામ વગેરે તાલુકાઓ મુંબઈ પ્રાંતના ભાગ તરીકે બ્રિટિશ શાસન હેઠળ હતા. આથી આ તાલુકાઓએ શિક્ષણ, વાહનવ્યવહાર, બજારસંબંધો તેમ જ ખેતીવાડીનો વિકાસ જેવા લાભો મેળવ્યા. આ લાભો ખાસ કરીને રસ્તાની નજીક આવેલાં અને જ્યાં સહેલાઈથી પહોંચી શકાય તેવાં ગામોએ મેળવ્યા. અને તેમાં પણ તેમનામાંના જમીન ધરાવનાર વર્ગના લોકોએ વિશેષ. મોટા જમીનદારોને સૌથી વધારે લાભ મળ્યો. મહુવા, વ્યારા અને સોનગઢ તાલુકાઓ નવસારી પ્રાંતનો ભાગ હતા અને વડોદરા રાજ્યની હકૂમત હેઠળ આવતા હતા. આ તાલુકાઓએ પણ ગાયકવાડી અમલ દરમ્યાન ભરવામાં આવેલાં વિકાસનાં ઉદાર પગલાંઓનો કેટલોક લાભ મેળવ્યો.[3] અહીં પણ જમીન ધરાવનારા આદિવાસીઓએ બીજાઓના પ્રમાણમાં વધારે પ્રગતિ કરી. આમ છતાં આદિવાસી ખેડૂતોનો મોટો ભાગ વિકાસના ચોકઠાની બહાર રહ્યો. જે કેટલાક તાલુકાઓ પોતાનું જ હિત જોનાર સામંતશાહી રાજાઓના રાજ્યમાં આવ્યા હતા તેમની સ્થિતિ વધુ ખરાબ હતી. ખેડૂતોના સર્વ વર્ગની થયેલી ઉપેક્ષાનું ઉદાહરણ ધરમપુર અને વાંસદા તાલુકામાંથી મળે છે.[4] આ રાજાઓના ગેરવહીવટ અને દમનના લેખિત પુરાવાઓ પ્રાપ્ય છે. સ્વતંત્ર રાષ્ટ્રીય સરકારનો આ આખો પ્રદેશ એક ભાગ બન્યો ત્યારે પણ આ તાલુકાઓના વિકાસની કક્ષા એકસરખી ન રહી. આ તાલુકાઓની સમસ્યાઓ અને અગ્રતાઓ જુદી જુદી જ રહી.

સ્વતંત્રતા બાદ પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું. આદિવાસીઓને પછાડાયેલા સમૂહ તરીકે ઓળખવામાં આવ્યા અને તેઓને માટે ખાસ હક્કો અને સહાયની જરૂરિયાત પ્રમાણવામાં આવી. તેમના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષ માટે બંધારણીય રક્ષણ અને ખાતરી અપાયાં. તેઓની સ્થિતિ સુધારવા પંચવર્ષીય યોજનાઓ હેઠળ ખાસ

૩. દેસાઈ આઈ. પી. 'વેડછી મુવમેન્ટ : અ સોસિયોલોજિકલ સ્ટડી ઑફ સોસિયલ રીફોર્મ મુવમેન્ટ એમોંગ ધી આદિવાસી ઑફ સુરત ડિસ્ટ્રિક્ટ. ૧૯૭૭. સુરત. સેન્ટર ફોર સોસ્યલ સ્ટડીઝ.

૪. પિલ્લાઈ એસ. ડી. 'રાજાઝ એન્ડ પ્રજાઝ : એન ઇન્ડીઅન પ્રિન્સલી સ્ટેટ, ધેન એન્ડ નાવ.' ૧૯૭૬. મુંબઈ. પોપ્યુલર પ્રકાશન.

યોજનાઓ અને કાર્યક્રમો તૈયાર કરવામાં આવ્યા. જેમાં આદિવાસીઓને પૂરેપૂરા લાભો પ્રાપ્ત થાય એવી યોજનાઓ માટે રાજ્યસરકારોએ જુદા અંદાજપત્રની ફાળવણી કરી. અને તાજેતરમાં જ આદિવાસી પેટા યોજના તરીકે ઓળખાતી એક વિશેષ યોજના વધુ સુગ્રથિત અને સહકારી રીતે, આદિવાસી વિસ્તારોનો વિકાસ થાય તે માટે શરૂ કરવામાં આવી છે.[૫] આ બધા પ્રયત્નોને પરિણામે આદિવાસી પ્રદેશના સામાજિક–આર્થિક જૂથોમાં કેટલાક સુધારાઓ થઈ શક્યા છે.

આ બધા પ્રયાસો છતાં પછાતપણું તો રહ્યું જ છે.[૬] આ પ્રદેશની સામાજિક–ભૌતિક પાયાની સગવડો તરફ કોઈ નજર કરે તો આની પ્રતીતિ મળી રહે. ૧૯૭૧ના આંકડા પ્રમાણે આ પ્રદેશની માત્ર ૩ ટકા ખેતીલાયક જમીનને જ સિંચાઈની સગવડ મળી છે. કેવળ ૨૦ ટકા ગામડાંઓને જ પાકા કે મેટલના રસ્તાઓ છે. કેવળ ૭ ટકા ગામડાંઓમાં જ વીજળીની સગવડ છે. કેવળ ૨૦ ટકા ગામડાંઓમાં જ પોસ્ટ-ઑફિસો છે. કુલ ૨૧૧૭ ગામડાંઓમાંથી કેવળ ૨૬ ગામડાંઓને ટેલિગ્રાફ અને ટેલિફોનની સુવિધા પ્રાપ્ત થયેલી છે. આ માહિતી સૂચવે છે કે મોટાં ભાગનાં ગામડાંઓને પાયાની ભૌતિક સગવડો હજી પ્રાપ્ત થઈ નથી. પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના વારંવારના ગાણું ગવાતા ઠરાવો છતાં સુરત–વલસાડ જિલ્લાના ૨૦૦ ગામડાંઓમાં હજી પ્રાથમિક શાળાઓ નથી. આમાંનાં મોટા ભાગનાં ગામડાં સોનગઢ, ધરમપુર વગેરેના અંદરના જંગલ-વિસ્તારમાં આવેલાં છે. આ જ રીતે આરોગ્યની સગવડ બાબતમાં પણ મોટા ભાગનાં ગામડાંઓની ઉપેક્ષા થઈ છે. ખાસ કરીને અંદરના જંગલ-વિસ્તારોમાં આવેલાં ગામડાંઓની પાયાની ઘણી સગવડો બાબતમાં ઉપેક્ષા થતી રહી છે. તેમનો વિકાસ થઈ શક્યો નથી.

આ પછાત અને અર્ધવિકસિત પ્રદેશમાં ૧૫૦–૨૦૦ વર્ષ પહેલાં સૌ પ્રથમ પહોંચનારા એક સ્થળેથી બીજે સ્થળે ફરી ધંધો કરનાર

---

૫. ડ્રાફ્ટ ટ્રાઇબલ એરિયા સબપ્લાન ૧૯૭૪–૭૯. ૧૯૭૪. ગાંધીનગર. જનરલ એડમિનિસ્ટ્રેશન ડીપાર્ટમેન્ટ, ગવર્મેન્ટ ઓફ ગુજરાત.

૬. કાપડિયા કે. એમ. ઇન્ડસ્ટ્રીયેલાઇઝેશન એન્ડ રુરલ સોસાયટીઝ. ૧૯૭૨. મુંબઈ. પોપ્યુલર પ્રકાશન સાથે જ જુઓ.

શાહ ઘનશ્યામ. સોસિઓ-ઇકોનોમિક કન્ડિશન્સ ઓફ ચોધરાઝ : એ રી-સ્ટડી. ૧૯૭૭. સુરત. સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ.



વેપારીઓ હતા. હજી જ્યારે બ્રિટિશ રાજકર્તાઓએ કે રાજાઓએ વાહન-વ્યવહાર અથવા સંદેશાવ્યવહારનાં સાધનોના સુધારાનો વિચાર સુધ્ધાં કર્યો નહોતો ત્યારે વ્યક્તિગત રીતે ધંધો કરનારા આ વેપારીઓ આ પ્રદેશના મુશ્કેલ અને દુર્ગમ ભાગોમાં પ્રવેશ્યા અને આદિવાસીઓ સાથે ધંધાનો આરંભ કર્યો. અને ત્યારે ગામડાંના અંતરિયાળ ભાગમાં કોઈ અનુકૂળ સ્થળે અમુક સમયે ભરાતાં બજારો અથવા હાટનો ઉદ્ભવ થયો.

## હાટ

હાટનો આરંભ થયો તે પહેલાં પ્રવર્તતી સ્થિતિ વિશે ખ્યાલ આપી શકાય એમ છે. કેટલાક વૃદ્ધ આદિવાસીઓ તેમ જ વેપારીઓએ, આદિવાસીઓ વેપારીઓ સાથે કઈ રીતે સંપર્કમાં આવ્યા હતા તે તેમના વડવાઓ પાસેથી યાદ રાખ્યું હતું. તેઓના કહેવા મુજબ વેપારીઓ ઉપરાંત કેટલાક કારીગરો પણ આદિવાસીઓનાં ગામડાંઓમાં જતા. અંદરના ભાગમાં આવેલા આ વિસ્તારોમાં તેઓ બળદગાડાંમાં અથવા પગે ચાલીને જતા. આ જનારાઓ નાના શહેરના અથવા વિકસિત ગામડાના રહીશો હતા. મીઠું, મસાલા, કાપડ અને ધાતુનાં ઘરેણાં જેવી વસ્તુઓ તેઓ આદિવાસી પ્રદેશમાં ધંધો કરવા લઈ જતા. ત્યાં જઈને આ વેપારીઓ આ વસ્તુઓનો સોદો અનાજ, ફળો, વન્ય પેદાશો તથા કેટલીક વાર પક્ષીઓના બદલામાં કરતા. અંદરના પ્રદેશના આદિવાસીઓ તેમ જ આ વેપારીઓ વચ્ચે નાણાંનો વ્યવહાર નહોતો. આ થઈ લગભગ ૧૫૦–૨૦૦ વર્ષ પહેલાંની વાત.

જેમ જેમ વર્ષો વીતતાં ગયાં તેમ તેમ આ ફેરી કરનારા વેપારીઓએ સ્થાનિક આદિવાસી વસ્તી સાથે ઘનિષ્ઠ સંપર્કો વિકસાવ્યા અને તેમનો વિશ્વાસ મેળવ્યો. આદિવાસી ગામડાંઓ પણ આ ફેરી કરનારા વેપારીઓ અને કારીગરો ઉપર વધારે ને વધારે આધાર રાખતા થયા. પોતાની ખેતપેદાશો અને વન્ય પેદાશો ખરીદે એવા કોઈકની આ આદિવાસીઓને પણ જરૂર હતી જ. જ્યારે આ અવલંબન વધ્યું, જ્યારે આ વેપારીઓને લાગ્યું કે પોતાના રોકાણનું અને પ્રયત્નોનું સારું વળતર મળે છે ત્યારે આ વેપારીઓ અને આદિવાસીઓની પરસ્પરની જરૂરિયાતને સંતોષનારા હાટ અસ્તિત્વમાં આવ્યા. આ ફેરી કરનારા વેપારીઓ અંદર અંદર ભેગા થયા અને કોઈ એક ચોક્કસ ગામમાં અઠવાડિયાના કોઈ એક ચોક્કસ દિવસે મળવાનું નક્કી કર્યું.

જે ૪૮ હાટનો અમે અભ્યાસ કર્યો એમાંના લગભગ ૩૧ જેટલા તો ઈ. સ. ૧૯૦૦ પહેલાંથી ભરાતા હતા. આમાંના ૧૩ હાટ ૧૮૭૫થી અસ્તિત્વ ધરાવતા હતા. ૬, ૧૮૫૦થી અને ૧૨, ૧૮૦૦ અથવા તેની આસપાસથી. વ્યારાનો હાટ સૌથી જૂનો છે અને લગભગ ૧૭૫૦થી ભરાય છે.

### જૂનામાં જૂના હાટની યાદી

| તાલુકો | ગામ |
|---|---|
| (૧) સોનગઢ | ઉમરડા |
| (૨) માંગરોળ | વાંકલ |
| (૩) વ્યારા | પંચોલ |
| (૪) વ્યારા | વ્યારા |
| (૫) ધરમપુર | માંડવા |
| (૬) ધરમપુર | સુખાળા |
| (૭) ચીખલી | માંડવખડક |
| (૮) ચીખલી | વાડ |
| (૯) પારડી | રોહિણા |
| (૧૦) પારડી | લખમાપોર |
| (૧૧) વાંસદા | મોટી વાલઝર |
| (૧૨) વાંસદા | ઉનાઈ |

એ વાતની ખાસ નોંધ કરવી જોઈએ કે ધરમપુર તાલુકાના ખૂબ જ પછાત તાલુકાઓ બહારનાં વેપારીઓ સાથે ૧૮૦૦ કે તે પહેલાં સંપર્કમાં આવ્યા હતા. ૪૮માંના ૭ હાટ ૧૯૦૦થી ૧૯૫૦ની વચ્ચે ભરાતા થયા. એટલે કે આઝાદી સુધીમાં અથવા તો રાજ્યોનું વિલીનીકરણ થયું ત્યાં સુધીમાં હાટનાં આ ગામો આ પ્રમાણે છે : સોનગઢ, બુહારી, બાજીપુરા, તલવાડા, નાની વહિયાળ, બોપી અને ઉકતા. આદિવાસી પ્રદેશનાં મહત્ત્વનાં સ્થળોએ હાટ ભરવાની પ્રક્રિયા આઝાદી બાદ પણ ચાલુ રહી છે. ૧૯૫૦ પછી દસ હાટ અસ્તિત્વમાં આવ્યા છે. આ ગામો છે : ઉકાઈ, કરોડ, કાંગળી, નોગામા, સુકેશ, સુથારપાડા, નાના પોંઢા, ટિસકરી તલાટ, રાજપુરી જંગલ અને ઝરિયા.

અમારી માહિતી દર્શાવે છે કે ઉચ્છલ અને ઉંમરગામ તાલુકાઓ સિવાય બાકીના ૧૨ તાલુકાઓમાં વીસમી સદી પહેલાં હાટ ભરાતા હતા.



આ બતાવે છે કે લગભગ આખા પ્રદેશમાં વેપારીઓ હાટ દ્વારા પ્રવેશી ગયા હતા. આ પ્રક્રિયા એ જ વેપારીઓ અને આદિવાસીઓ વચ્ચેના સંપર્કો સરળ બનાવ્યા. હાટના આરંભના વિકાસમાં ભાગ ભજવનારા મુખ્યત્વે બહારના વેપારીઓ હતા. ધરમપુર, ચીખલી, સોનગઢ, પારડી, ઉચ્છલ અને મહુવા તાલુકાઓમાં આવું જોવા મળે છે. આઝાદી બાદ પણ ઠીક ઠીક હાટ અસ્તિત્વમાં આવ્યા છે. આ પૈકીનો એક ઉકાઈનો હાટ છે. મોટા પાયા ઉપરના બંધના બાંધકામને પરિણામે ૧૯૫૦માં ઉકાઈ હાટનું કેન્દ્ર બન્યું.

હાટ ભરાતા થયા ત્યારના સમયગાળાની માહિતી ઉપરથી અગત્યનું એક નિરીક્ષણ કરી શકાય છે. અગાઉથી, કહો કે આ વિસ્તાર બ્રિટિશ હકૂમત હેઠળ આવ્યો તે પહેલાથી વેપાર એ આદિવાસીઓ અને બિન-આદિવાસીઓ વચ્ચેના સંપર્કનું એક મહત્ત્વનું સાધન હતું.

હાટનાં સ્થળો બદલાયાના પ્રસંગો પણ બન્યા છે. દાખલા તરીકે પારડીનો સુકેશ હાટ ત્રણ વર્ષ અગાઉ અસ્તિત્વમાં આવ્યો એટલે કે ૧૯૭૨માં. એ પહેલાં એ હાટ સુકેશથી ૭ કિલોમીટર દૂર આવેલાં સોંઢલવાડ ગામમાં ભરાતો. સુથારપાડાનો હાટ ૧૯૫૦ની મધ્યમાં અસ્તિત્વમાં આવ્યો. એ પહેલાં એ હાટ મહારાષ્ટ્ર રાજ્યના નાસિક જિલ્લાની સરહદે આવેલા હુડા ગામમાં ભરાતો. વેપારીઓના કહેવા મુજબ હુડાનો હાટ વેપારીઓ માટે અસલામત હતો. કેટલીક વાર આદિવાસીઓ હુડામાં દુકાનો લૂંટતા અને કાપડ તેમ જ વાસણોની છાનીમાની ચોરીઓ કરતા. તેઓ મોટા ટોળામાં આવતા અને રાજ્યની સરહદ પાર કરી જતા. વેપારીઓ તેમને કંઈ જ કરી શકતા નહીં. આ અસલામતી ચાલુ રહેવાને કારણે હાટનું સ્થળ હુડાથી સુથારપાડા ખસેડવાની ફરજ પડી.

કેટલાંક સ્થળોના હાટ સંપૂર્ણપણે ભરાતા બંધ થઈ ગયા છે. કેટલાક દાયકાઓ પહેલાં ધરમપુર શહેરમાં દર સોમવારે હાટ ભરાતો. લગભગ ૩૦૦૦થી ૪૦૦૦ આદિવાસીઓ આ હાટ માટે ધરમપુર આવતા. પરંતુ છેલ્લાં ૧૫ કે ૨૦ વર્ષથી ધરમપુરનો હાટ બંધ થઈ ગયો છે. ધરમપુરનો હાટ બંધ થવાનું મુખ્ય કારણ એ શહેરના ૧૦થી ૧૫ કિલોમીટરના પરિઘમાં આવેલાં સ્થળોએ શરૂ થયેલા નવા હાટ છે. આ જ કારણ ૪૦ વર્ષ પહેલાં બંધ થયેલા ચીખલીના હાટ માટે અને ૩૫ વર્ષ પહેલાં બંધ થયેલા પારડીના હાટ માટે જવાબદાર હતું. આ સ્થળો

તાલુકાના મુખ્ય મથકો હતાં અને છે. ધીમે ધીમે આ તાલુકાઓ બજારનાં કાયમી કેન્દ્રો બની ગયાં. આદિવાસી તાલુકાઓના એક યા બીજા હાટના ગામોમાં જનારા ઘણા વેપારીઓએ તાલુકા સ્થળોએ પોતાની કાયમી દુકાનો કરી. એઓ તાલુકાકક્ષાના વેપારીઓ બન્યા. આદિવાસી વિસ્તારના તાલુકાકક્ષાના આજના કેટલાક જાણીતા કાપડના વેપારીઓ અને દુકાનદારો ભૂતકાળના હાટના વેપારીઓ છે. ધરમપુર, ચીખલી, વાંસદા, માંડવી, સોનગઢ, વ્યારા વગેરે તાલુકા સ્થળોએ તેઓ કાયમી દુકાનો અને રહેવા માટે પોતાનાં ઘરો ધરાવે છે. તેઓમાંના કેટલાકોએ હાટનો ધંધો સંપૂર્ણ-પણે છોડી દીધો છે. આમાંના કેટલાક વેપારીઓ હાટના વેપારીઓને જથ્થાબંધ માલ પૂરો પાડવાનું કામ કરે છે તો કેટલાક શહેરમાં પણ વેપાર કરે છે અને હાટમાં પણ વેપાર કરે છે. નોંધપાત્ર મુદ્દો એ છે કે તાલુકાસ્થળોએ કલ્પી શકાય તેવો બધા પ્રકારનો માલ વેચતી દુકાનો થઈ તો આ જ સમયે બહારના પ્રદેશના હાટે જે વસ્તી પહેલાં તાલુકા-કેન્દ્રના હાટ પર આધાર રાખતી હતી તેની જરૂરિયાતો સંતોષવા અંગેની કાળજી લીધી.

બધા આદિવાસી તાલુકાઓને સાથે લેવામાં આવે તો બધું થઈને તેનાં ૧૪૯૭ ગામો અને ૨૦ લાખ ઉપરની વસ્તી થાય. હાલમાં ૭૯ હાટ ભરાય છે. સરેરાશની ગણતરી માટેના અપવાદરૂપ કિસ્સા તરીકે માંગરોળ અને ઉચ્છલ તાલુકાઓને બહાર રાખવામાં આવે તો ૧૨૭૯ ગામો અને ૧૭ લાખ ઉપરની વસ્તી માટે ૭૭ હાટ રહે છે. આનો અર્થ એ થાય કે સરેરાશ ૧૭ ગામો અથવા ૨૩૦૦૦ ઉપરની વસ્તી માટે એક હાટ ભરાય છે.

હાટ મુખ્યત્વે ગામડાની અથવા આંશિક શહેરી સંસ્થા છે. આની ખાતરી તેના અંતર (Distance)ના માપદંડ વડે થઈ શકે. એટલે કે જે ગામમાં હાટ ભરાય છે તે ગામ નજીકના શહેરથી કેટલું દૂર આવેલું છે તે ઉપરથી થઈ શકે. શહેરો ચોક્કસપણે વિકાસ પામેલાં બજારસ્થળો છે. નિરીક્ષણ ઉપરથી સમજાય છે કે હાટ મોટે ભાગે શહેરના પરિઘથી લગભગ પાંચ કિલોમીટર દૂર આવેલાં સ્થળોએ ભરાય છે. ૭૯માંના ફક્ત ૭ હાટ જ ૫ કિલોમીટરના પરિઘની અંદર આવે છે. આ ૭ હાટમાંના ચાર તો શહેરમાં ભરાય છે. ૩૩ હાટ સૌથી નજીકના શહેરથી ૬ થી ૧૫ કિલોમીટરના અંતરે ભરાય છે. જ્યારે લગભગ ૩૯ હાટ અથવા કુલ સંખ્યાના અડધા હાટ સૌથી નજીકના શહેરથી ૧૫ કિલોમીટરના અંતરે આવેલા સ્થળે ભરાય છે.



એ તો સ્પષ્ટ છે કે ગામ અને નજીકના શહેર વચ્ચે જેટલું અંતર ઓછું તેટલી એ ગામની શહેરના બજાર ઉપર નિર્ભરતા વધારે. આવી સ્થિતિમાં હાટનું મહત્ત્વ ઘટતું જણાય છે. આમ છતાં વ્યારા, સોનગઢ, ઉકાઈ અને માંડવીના હાટ આ સામાન્ય નિયમના અપવાદરૂપ છે.

અંતરની ગણતરીના હિસાબે જે શહેરોનો આપણે ઉલ્લેખ કરીએ છીએ તેમાં માંગરોળ તાલુકાનું કોસંબા, માંડવી, સોનગઢ, મહારાષ્ટ્ર રાજ્યનાં નવાપુર અને નંદરબાર, ઉપરાંત વ્યારા, બારડોલી, નવસારી, બીલીમોરા પારડી, ઉદવાડા, વાપી, ઉંમરગામ, ચીખલી, વાંસદા અને ધરમપુરનો સમાવેશ થાય છે. આ શહેરો સારી રીતે વિકાસ પામેલાં બજારો ધરાવે છે. ઓછામાં ઓછી ૧૦૦થી ૩૦૦૦ સુધીની કાયમી દુકાનો આ શહેરોમાં આવેલી છે. અગાઉ ઉલ્લેખ્યા મુજબ આમાંનાં કેટલાક કસબા અથવા નાના શહેરના દરજ્જામાંથી ઉપર આવેલાં છે. થોડા દાયકાઓ પહેલાં આમાંનાં કેટલાંક હાટનાં સ્થળો હતાં.

હવે આપણે હાટ ભરાય છે તે સ્થળોને લગતી કેટલીક વિશિષ્ટતાઓ અને હાટમાં દુકાનોની ગોઠવણી અંગે વાત કરીએ. જે ૪૮ હાટનો અમે અભ્યાસ કર્યો તેમાં હાટની જગ્યા ગામની અથવા શહેરની અથવા એસ. ટી. ડેપો અથવા સ્ટેન્ડની નજીક આવેલી છે. અથવા નદીકિનારે આવેલી છે. આ જગ્યા એવી છે કે જ્યાં જુદી જુદી દિશાઓમાંથી વધારેમાં વધારે સંખ્યામાં ગ્રામવાસીઓ ત્યાં આવી શકે. બીજું નોંધપાત્ર લક્ષણ એ દેખાયું કે જ્યાં વિકાસ પામેલાં બજારો આવેલાં છે—એટલે કે સોનગઢ, વ્યારા, માંડવી વગેરે—ત્યાં એ સ્થળ કાયમી દુકાનોની બાજુમાં આવેલું હોય છે. હાટની દુકાનો રસ્તાની અથવા મુખ્ય બજારમાંથી પસાર થતી ગલીની બંને બાજુએ ગોઠવવામાં આવી હોય છે. આવાં બજારોની કાયમી દુકાનો પણ હાટના દિવસે ખુલ્લી રહેતી હોય છે. હાટના દિવસે તેઓની કમાણી વધારે રહે છે. કારણ કે બીજા દિવસોની સરખામણીમાં હાટના દિવસની ઘરાકી વધારે હોય છે. બીજું, કેટલાક કાયમી દુકાન ધરાવ-નારાઓ તેમની દુકાનનો બહારનો ભાગ હાટની દુકાનવાળાઓને આપતા હોય છે. આ માટે તેઓ ભાડું લે છે. કેટલીક એવી રીતો છે કે જેનાથી શહેરના દુકાનદારો અને હાટમાં દુકાન લગાવનારાઓ એકબીજાને સહાયભૂત થાય છે.

હાટની દુકાનોની સામાન્ય ગોઠવણી ખાસ ઉલ્લેખપાત્ર છે. દુકાનોના ક્રમ યા ગોઠવણ બાબતમાં કોઈ પણ હાટમાં અવ્યવસ્થિતતા અથવા

અસ્તવ્યસ્તતા જોવા નહીં મળે. મોટે ભાગે એક જ વસ્તુ અથવા એક જ પ્રકારની વસ્તુઓ વેચતી દુકાનો એક ચોક્કસ જગ્યાએ એક સાથે ગોઠવાયેલી હોય છે. આથી કાપડ વેચતી દુકાનો હાટના એક ખૂણે જોવા મળે તો વાસણ વેચતી દુકાનો હાટના બીજા ખૂણે દેખાય. બીજી બધી દુકાનો બાબતમાં પણ આવું જ હોય છે. અમુક જ પ્રકારની વસ્તુઓ વેચતી દુકાનોના નિશ્ચિત સ્થાનનો લાભ એ છે કે આદિવાસીઓ પોતાના અનુભવ ઉપરથી ચોક્કસપણે જાણી શકે કે હાટમાં અમુક ચોક્કસ સ્થાને અમુક વસ્તુઓ જ મળશે. કયો વેપારી અમુક હાટના દિવસે આવ્યો નથી તે પણ તેઓ પોતાના અનુભવ ઉપરથી કહી શકે.

હાટની જમીનની માલિકીની પદ્ધતિને ત્રણ પ્રકારમાં વહેંચી શકાય. પહેલા પ્રકારમાં હાટની એ જગ્યાઓ આવે કે જેમાં માલિકી ગ્રામપંચાયત, જૂથ ગ્રામપંચાયત અથવા શહેરની નગરપાલિકાની હોય. ૪૮માંના ૨૮ હાટ એવી જગ્યાએ ભરાય છે કે જેની માલિકી ઉપરની સંસ્થાની હોય. બીજા પ્રકારમાં હાટની એ જગ્યાઓ આવે કે જેની માલિકી વ્યક્તિગત કુટુંબોની હોય. લગભગ ૧૯ હાટ અથવા ૮માંના ૩ હાટ આ વિભાગમાં આવે. આ જમીનમાલિકો મોટે ભાગે આદિવાસીઓ હોય છે. ઢાંડિયા, ગામીત, કૂકણા, દૂબળા વગેરે. બેત્રણ સ્થળોએ પારસી કુટુંબો જમીનની માલિકી ધરાવે છે. આમાંના કેટલાક જમીનમાલિકો ગામના આગેવાનો પણ હોય છે: પોલીસપટેલ, સરપંચ વગેરે. ધરમપુર તાલુકાના ૧૧ હાટ ખાનગી માલિકીની જમીન ઉપર ભરાય છે. ત્રીજા પ્રકારના હાટ એવા છે કે જેમાં જમીનની થોડી માલિકી ખાનગી વ્યક્તિની હોય અને થોડી ગ્રામપંચાયતની. ચીખલી તાલુકાના વડપાડા ગામનો હાટ આ ત્રીજા પ્રકારમાં આવે. આ હાટ ૬૦ વર્ષ જૂનો છે. આ ગામમાં હાટની જમીનનો થોડો હિસ્સો એક દૂબળા કુટુંબની માલિકીનો છે અને થોડો ગ્રામપંચાયતનો છે. ૪૮ હાટ પૈકી આ પ્રકારમાં ફક્ત એક જ હાટ આવે છે.

વેપારીઓ જ્યારે હાટમાં આવી પહોંચે છે અને ગોઠવાય છે ત્યારે જમીનનું ભાડું અથવા હાટની ફી તેમની પાસેથી લેવાય છે. આ ભાડું અથવા ફી બધા પ્રકારના દુકાનદારો તેમ જ વસ્તુ વેચવા આવનારાઓ પાસેથી લેવાય છે. વ્યવહારમાં આમ છતાં થોડો તફાવત જોવા મળે છે. ૪૮ હાટ પૈકી સોનગઢ તાલુકાના ઉકાઈના હાટમાં આવનાર વેપારીઓ કે દુકાનદારો પાસેથી કોઈપણ પ્રકારનું બજારભાડું લેવાતું નથી. ૩૬ હાટમાં ગ્રામપંચાયત વેપારીઓ પાસેથી ભાડું ઉઘરાવે છે. જોકે તેની



સંપૂર્ણ માલિકી ફક્ત ૨૭ હાટની જમીન ઉપર જ છે (ઉકાઈ સિવાય). ૧૧ ગામોના હાટ પૈકી ૪માં બજારભાડું સંપૂર્ણપણે વ્યક્તિગત કુટુંબો દ્વારા લેવાય છે, જ્યારે બાકીના ૭માં વ્યક્તિગત જમીનમાલિક તેમ જ પંચાયત બંને દ્વારા લેવાય છે.

હાટની જગ્યા માટેનું ભાડું ઠરાવવાની પદ્ધતિ સ્થળે સ્થળે જુદી છે. ઘણાં સ્થળોએ આ ભાડું કેટલી જગ્યા ઉપયોગમાં લેવાઈ છે તેને આધારે ઠરાવાય છે. ઉપયોગમાં લેવાયેલી જગ્યાના વિસ્તાર પ્રમાણે એમાં તફાવત રહેતો હોય છે. કેટલીક વાર વસ્તુઓ જેમાં ભરવામાં આવી હોય છે તે સાધન ઉપર ભાડું ઠરાવાય છે. દા. ત. ગાડું, ગુણ, ટોપલા વગેરે. બ્યારા, સુરાલી વગેરે હાટમાં આ પદ્ધતિ અનુસરવામાં આવે છે. હાટની જમીનના માલિકો દ્વારા લેવાતું ભાડું સામાન્ય રીતે પ્રમાણસરનું હોય છે. જે ૪૭ હાટમાં ભાડું ઉઘરાવાય છે તેમાં ૧૪ હાટમાં ઓછામાં ઓછું ભાડું ૧૦ પૈસા લેવાય છે, ૯ હાટમાં ૨૫ પૈસા. આમ ૪૮માંના ૪૩ હાટમાં ભાડાનો ઓછામાં ઓછો દર ૨૫ પૈસા અથવા તેથી ઓછો છે. ફક્ત ચાર જ હાટમાં ઓછામાં ઓછો ભાડાનો દર ૨૫ પૈસા કરતાં વધે છે.

હવે વેપારીઓ પાસેથી કે વસ્તુઓ વેચવા આવનારાઓ પાસેથી લેવાતા વધારેમાં વધારે ભાડાની વાત કરીએ. ૪૭ હાટ પૈકીના ૧ હાટમાં વધારેમાં વધારે ભાડું ૨૦ પૈસા લેવાય છે. આ હાટ લગભગ ૨૦ વર્ષ પહેલાં શરૂ થયેલો ધરમપુર તાલુકાના રાજપુરી જંગલનો હાટ છે. ૧૧ હાટમાં વધારેમાં વધારે ભાડું ૨૫ પૈસા, ૫ હાટમાં ૪૦ પૈસા, ૧૧ હાટમાં ૫૦ પૈસા, ૫ હાટમાં ૫૫ થી ૬૦ પૈસા, ૪ હાટમાં ૭૫ થી ૮૦ પૈસા અને ૮ હાટમાં ૧ રૂપિયો ભાડું લેવાય છે. આમ ૪૭ હાટમાંથી ૨૮ હાટમાં વધારેમાં વધારે ભાડું ૫૦ પૈસા કે તેથી ઓછું છે. ૧૬ હાટમાં તે ૫૦ પૈસાથી ૧ રૂપિયા સુધીનું છે. ફક્ત બે જ હાટમાં આ ભાડું ૧ રૂપિયાથી વધે છે. આ હાટ છે: મહુવા તાલુકાનું કુકરબેડા, જ્યાં ૨ રૂપિયા ભાડું લેવાય છે. અને ચીખલી તાલુકાનું વેડ કે જ્યાં દોઢ રૂપિયો ભાડું લેવાય છે.

હાટ માત્ર અનુકૂળ મોસમમાં જ ભરાય છે. જૂનના પહેલા અથવા બીજા અઠવાડિયાથી હાટનું કામકાજ સંપૂર્ણ બંધ થઈ જાય છે. તેની પાછી શરૂઆત ઑક્ટોબરના મધ્ય ભાગથી અથવા તેથી વહેલી થાય છે. હાટના બંધ થવાની કે ફરી શરૂ થવાની કોઈ ચોક્કસ તારીખ હોતી નથી. એનો બધો જ આધાર ચોમાસાની ચાલ ઉપર રહે છે. બીજા શબ્દોમાં

કડીએ તો આખા વરસમાં હાટ ૮ મહિના અથવા તો ૩૨ અડવાડિયાં કામ કરે છે. ચોમાસા દરમ્યાન હાટ ભરાતા નથી તેનાં કેટલાંક કારણો છે :

(૧) હાટનું સ્થળ ખુલ્લામાં આવેલું હોય છે.

(૨) હાટની મોટા ભાગની જમીન ઉપર જમીનના માલિકો દ્વારા અથવા ગ્રામપંચાયત દ્વારા ડાંગર અથવા ઘાસ ઉગાડવામાં આવે છે.

(૩) નબળા રસ્તાઓ તેમ જ ચોમાસા દરમ્યાન નુકસાન પામેલાં પુલો અને ગરનાળાં જેવાં નડતરોને કારણે હાટનાં કેટલાંક ગામોમાં પહોંચવાનું મુશ્કેલ બને છે.

હવે આપણે હાટના કામ કરવાના કલાકોનું નિરીક્ષણ કરીએ. કેટલાક હાટ ૭ કલાક કરતાં ઓછું કામ કરે છે. સવારના ૭ કે સાત વાગ્યે તેની શરૂઆત થાય છે અને બપોરે બાર સુધીમાં તેનું કામકાજ પૂરું થઈ જાય છે. કેટલાક હાટ લાંબો સમય કામ કરે છે; તેમાંના કેટલાક સાંજના ૬ કે ૭ વાગ્યા સુધી કામ કરે છે. એટલે કે લગભગ ૧૨ કલાક. જે ૪૮ હાટની અમે ઉનાળા દરમ્યાન મુલાકાત લીધી તેમાં ૩૦ હાટ ૬ કલાકથી ઓછું કામ કરતા હતા, જ્યારે ૧૮ હાટ ૬ કલાકથી વધારે કામ કરતા હતા. આદિવાસીઓ આ હાટને પૂરા સમયના હાટ કહે છે. મોટા ભાગના પૂરા સમયના હાટ વિકાસ પામેલાં ગામોમાં અથવા કસબાઓમાં ભરાય છે. પૂરા સમયના આ હાટ છે: ઉકાઈ, સોનગઢ, વાંકલ, બુહારી, પંચોલ, વ્યારા, અનાવલ, ખારવણ, નોગામા કાંગપી, ઉનાઈ, ચોરવણી, મોટી વાલઝર, રોહિણા, લખમાપોર, બોપી, માંડવા અને લવકર. હાટના સમય બાબતમાં બીજું રસપ્રદ લક્ષણ એ છે કે મોટા ભાગના હાટમાં મોસમ પ્રમાણે સમયમાં ફેરફાર થાય છે. શિયાળાની મોસમમાં એટલે કે કાપણીના સમય પછી તરત જ હાટનો સમયગાળો ઉનાળાની મોસમના સમયગાળા કરતાં લાંબો હોય છે. આવું એટલા માટે બને છે કે હાટની મુલાકાત લેનાર વ્યક્તિઓની – મુખ્યત્વે આદિવાસીઓની – ચોમાસા પછી શરૂ થયેલા હાટમાં સંખ્યા સારા એવા પ્રમાણમાં વધતી જાય છે. આ સમયગાળા દરમ્યાન દુકાનોની સંખ્યા પણ વધતી હોય છે.

આદિવાસી તાલુકાઓમાં આવેલા હાટ ખરેખર મોટી સંખ્યામાં લોકોને આકર્ષે છે. જે જુદા જુદા હાટની અમે મુલાકાત લીધી તેમાં આવનારાઓમાં આદિવાસીઓનું પ્રમાણ મોટું હતું. કેટલાક હાટમાં બિન-આદિવાસીઓની સંખ્યાનું પ્રમાણ પણ સારું એવું હતું. આ સ્થળો તે



સોનગઢ, વ્યારા અને ઉકાઈ. આ ગામોમાં ઔદ્યોગિક વસાહતો અને કારખાનાંઓ આવેલાં છે. આ કારખાનાંઓ અને ઉદ્યોગોમાં કામ કરનારાઓ તેમ જ આ ગામોમાં રહેનારા બિન-આદિવાસીઓ પણ હાટની મુલાકાત લે છે. વાંસદા તાલુકાના ઉનાઈમાં પણ બિન-આદિવાસીઓની સંખ્યા નોંધપાત્ર હતી. કારણ ઉનાઈ જાણીતું ધાર્મિક સ્થળ છે. આવા અપવાદરૂપ સ્થળોને બાદ કરતાં બાકીના બધા જ હાટમાં આદિવાસીઓની સંખ્યા મોટી રહે છે.

હાટમાં આવનારાઓની સંખ્યા જુદા જુદા હાટમાં જુદી જુદી રહે છે. કેટલાક હાટમાં આજુબાજુના વિસ્તારમાંથી ઘણા લોકો આવે છે તો કેટલાકમાં ઓછા. આ ઉપરાંત એકના એક હાટમાં પણ મોસમ પ્રમાણે સંખ્યામાં વધઘટ થાય છે. ઉનાળાની મોસમમાં એટલે કે માર્ચથી જૂનના મધ્ય ભાગ સુધી પરિસ્થિતિ નીચે મુજબ હતી. ૪૮માંના ૧૩ હાટમાં આવનારાઓની સરેરાશ સંખ્યા દરેક હાટના દિવસે ૨૫૦ કે તેથી ઓછી હતી. આ ૧૩ હાટમાંના ૬ હાટમાં તો આવનારાઓની સંખ્યા ૧૦૦ કરતાં પણ ઓછી હતી. ૪૮માંથી ૧૫ હાટમાં ઉનાળાની મોસમ દરમ્યાન આવનારાઓની સંખ્યા ૨૫૦થી ૫૦૦ની હતી. ૧૦ હાટમાં આ સંખ્યા આ મોસમ દરમ્યાન ૫૦૦થી ૧૦૦૦ની હતી. જ્યારે ૧૦ હાટમાં પ્રત્યેક હાટના દિવસે આવનારાઓની સંખ્યા ૧૦૦૦ની હતી. જે હાટમાં આવનારાઓની સંખ્યા વધારે જોવા મળી તે આ પ્રમાણે છે : ઉકાઈ (૨૫૦૦), સોનગઢ (૨૦૦૦), પંચોલ (૧૫૦૦), વ્યારા (૬૦૦૦), ઉનાઈ (૧૫૦૦), રોહિણા (૪૦૦૦), સુથારપાડા (૨૫૦૦), સુખાળા (૧૫૦૦), માંડવા (૧૫૦૦) અને લવકર (૨૦૦૦). આમાંનાં છેલ્લાં ચાર ધરમપુર તાલુકાના છે.

શિયાળાની મોસમમાં હાટમાં આવનારાઓની સંખ્યા સૂચક રીતે સુધરી હતી. ૪૮માંના ૨૩ હાટમાં પ્રત્યેક હાટના દિવસે આવનારાઓની સંખ્યા ૧૦૦૦થી વધારે હતી. નોંધપાત્ર હાટ આ પ્રમાણે હતા : વ્યારા (૧૨૦૦૦), ઉકાઈ, સોનગઢ અને ઉનાઈ (૪૦૦૦), રોહિણા (૮૦૦૦), સુથારપાડા (૫૦૦૦).

શિયાળાની મોસમમાં આવનારાઓની મોટી સંખ્યાનું કારણ આજુબાજુના ગામોમાંથી આવતો અનાજનો મોટો જથ્થો અને તેની લેવડદેવડ હોય છે. આ જ રીતે જેઓ પોતાની ઉત્પાદિત વસ્તુઓ બીજે વેચે છે

તેઓ પણ પોતાની જરૂરિયાતોની ખરીદી માટે હાટમાં આવે છે. ખેત-મજૂરોનો વર્ગ પણ આ મોસમ દરમ્યાન કંઈક સારી સ્થિતિમાં હોય છે. કારણ કે તેઓમાંના ઘણાને આ દિવસો દરમ્યાન કંઈ ચોક્કસ કામ મળેલું હોય છે. શિયાળાની મોસમ દરમ્યાન હાટ ઉત્સવનું રૂપ ધારણ કરે છે, કારણ કે તે આદિવાસી વિસ્તારના ખેતીવિષયક અર્થશાસ્ત્ર સાથે ગાઢપણે સંકળાયેલા છે.

આ હાટમાં આવતા વેપારીઓ જુદે જુદે સ્થળેથી આવે છે. મોટે ભાગે તેઓ નાનાં શહેરોમાંથી, કસબાઓમાંથી અથવા મોટાં ગામોમાંથી આવે છે. તેઓ પાડોશના મહારાષ્ટ્ર રાજ્યમાંથી પણ આવે છે. માંડવી, સોનગઢ અને વ્યારા તાલુકાના હાટમાં વેપારીઓ નવાપુર, નંદરબાર, સિરપુર, શિંખેડાથી આવે છે. આ ગામો મહારાષ્ટ્ર રાજ્યના ધૂળિયા જિલ્લામાં આવેલાં છે. ધરમપુર તાલુકાના દક્ષિણ ભાગના હાટમાં વેપારીઓ નાસિક જિલ્લાના સુરગાણા, સટાણા અને ચાંદોરમાંથી આવે છે. આ વેપારીઓ આ હાટ સાથે વર્ષો જૂના સંબંધ ધરાવે છે તેમ જ ત્યાંના લોકો, તેમનો પ્રદેશ અને તેમના સંસ્કાર વગેરેથી પૂરા પરિચિત હોય છે.

જે શહેર અથવા કસબાઓમાંથી વેપારીઓ આ હાટમાં આવે છે તે આ પ્રમાણે છે : સુરત, બારડોલી, માંડવી, વ્યારા, સોનગઢ, નગાગામ, નંદરબાર, ઉકાઈ, માંગરોળ, કોસંબા, વાલોડ, નવસારી, ઉનાઈ, ચીખલી, બીલીમોરા, બુહારી, રૂમલા, મઢી, કડોદ, તરસાડા, ગણદેવા, ખેરગામ, ફડવેલ, અંબાચ, અનાવલ, ધરમપુર, પ્રતાપનગર, ખારોલી, વઘઈ, ખાંબલા, પારડી, ઉદવાડા અને વલસાડ. ગામડાંનાં સ્થળો તો ઘણાં છે. એ પણ જોવા મળ્યું કે આ વેપારીઓ એક ગામના હાટમાંથી બીજા ગામના હાટમાં જાય છે. એમનામાંના કેટલાક અઠવાડિયાના લગભગ છ હાટમાં જાય છે.

પીપલવાડા, વાંસકુઈ, બાલપુર અથવા સિલધા જેવા અંદરના પ્રદેશના હાટ સહિત બધા હાટમાં વિનિમયનું કામકાજ નાણાંના — એટલે કે ચલણી નોટ અને સિક્કાના — માધ્યમ દ્વારા જ ચાલે છે. આમ આ બધાં સ્થળોએ થોડા દાયકાઓ પહેલા પ્રચલિત એવી વસ્તુવિનિમયની પ્રથાનો ઉપયોગ આ આદિવાસીઓ કરતા નથી. આમ છતાં ૪૮માંના ફક્ત ૬ હાટમાં અમને વસ્તુવિનિમયના કેટલાક દાખલાઓ જોવા મળ્યા. જોકે અહીં પણ વસ્તુઓનો વિનિમય કેટલાક આદિવાસીઓ પૂરતો જ મર્યાદિત હતો અને એ સામાન્ય પ્રથા નહોતી.



મોટા ભાગના હાટના કામકાજમાં કોઈ સરકારી અંકુશ કે નિયમન હોતાં નથી. આ હાટમાં વેચાતા માલ કે વસ્તુઓનાં ગુણવત્તા, વજન કે ભાવની બાબતમાં અંકુશ રાખનારું કોઈ તંત્ર હોતું નથી. વેપારીઓ પોતાને જે જરૂરી લાગે તે ભાવ રાખવા મુક્ત હોય છે. આ હાટમાં આદિવાસીઓ જે વસ્તુઓ લાવે છે તેની ખરીદીના ભાવ વેપારીઓ જ નક્કી કરે છે. આવી સ્થિતિમાં સુધારણા વેપારીઓમાં પ્રવર્તતી મુક્ત હરીફાઈ દ્વારા જ કેવળ થઈ શકે. આ જ તત્ત્વ ગેરરીતિઓ અપનાવ્યા વિના ભાવોને પુરવઠા અને માગના બળોને વશ રાખી શકે. અંકુશ અને નિયમન બાબતમાં બીજું ઉપયોગી તત્ત્વ હાટમાં ખરીદી અને વેચાણ માટે આવતા આદિવાસીઓની પોતાની બુદ્ધિ અને જ્ઞાન બની શકે.

અધિકારી વર્ગના જે કેટલાક માણસો હાટની ક્યારેક મુલાકાત લે છે તેમાં જંગલખાતાના બીટગાર્ડ, બજારખાતાના ઇન્સ્પેક્ટર, અન્ન-ખાતાના ઇન્સ્પેક્ટર અને પોલીસના માણસોનો સમાવેશ થાય છે. જંગલ-ખાતાના બીટગાર્ડ ઉમરડા, સોનગઢ અને અન્ય અંદરના ભાગોના હાટમાં આવે છે. જંગલમાંથી ચોરાયેલું લાકડું આ હાટમાં વેચાય છે કે કેમ તેની તપાસ માટે તેઓ આવે છે. બજારખાતાના તેમ જ અન્નખાતાના ઇન્સ્પેક્ટર કેટલાક હાટની મુલાકાત લે છે પરંતુ નિયમિતપણે નહીં. પોલીસના માણસો કેટલાક હાટની મુલાકાત પોતાની જરૂરિયાતો ખરીદવા અથવા તો હાટના સ્થળે શાંતિ જાળવવા લે છે. તેમની હાજરી અભણ અને ગરીબ આદિવાસીઓમાં ભય પણ પેદા કરે છે. આમ છતાં મોટા વેપારીઓ પોલીસના માણસો તથા બીજાઓ સાથે સલાહસંપથી કેમ કામ લેવું તે જાણતા હોય છે. કેટલાક હાટમાં ચોરીના કિસ્સા બને છે. ખાસ કરીને કાપડના વેપારીઓની આ ફરિયાદ હોય છે. ખાવાની વસ્તુઓ વેચતા દુકાનદારો પણ પોતાની દુકાનોમાંથી થતી ચોરીની ફરિયાદ કરે છે. આ ચોરી આદિવાસીઓ કરે છે. તેમણે આવી ચોરીઓ શા માટે કરવી પડે છે તે ચર્ચાસ્પદ મુદ્દો છે. આવા જૂજ કિસ્સાઓ સિવાય હાટ ખાસ અડ-ચણ કે વિઘ્ન વિના કામ કરે છે. મોટામાં મોટું વિઘ્ન જો ગણવામાં આવે તો તે ચોમાસુ છે. આ ચોમાસુ હાટનું કામકાજ ચાર મહિના બંધ રાખવાની ફરજ પાડે છે.

# ૩

# ચીજવસ્તુઓ અને સેવાઓ

આ પ્રકરણમાં હાટમાં લવાતી ચીજવસ્તુઓ અને સેવાઓના પ્રકારનું, જુદા જુદા હાટમાં તેના પ્રમાણનું, અમુક સમયગાળા દરમ્યાનની તેની વિવિધતાનું તેમ જ અન્ય એવા સંબંધિત લક્ષણોનું વર્ણન કરીશું.

## અનાજ અને કઠોળ

ઉનાળા દરમ્યાન જે ૪૮ હાટની અમે મુલાકાત લીધી તે પૈકી ૧૬ હાટમાં અનાજ અથવા કઠોળનું વેચાણ થતું હતું. અનાજ વેચનારાઓ આદિવાસીઓ હતા. અનાજ ખરીદનારાઓ વેપારીઓ હતા. જે હાટનાં ગામોમાં અનાજના ખરીદી-વેચાણ થતાં હતાં તે ગામનાં નામ અને તેમાં અનાજના વેપારીઓની સંખ્યા આ પ્રમાણે હતી : ગાંગપુર (૧), વાંકલ (૨), મહુવા (૨), વલવાડા (૧), નોગામા (૨), લખમાપોર (૬), ચોરવણી (૩), ખારજઈ (૨), ઉનાઈ (૧૦), નાના પોંઢા (૨), રાજપુરી જંગલ (૨), સુથારપાડા (૫), માંડવા (૩), ઉકતા (૪), ટીસ્કરી તલાટ (૮).

આદિવાસી વિસ્તારોમાં ખેતી મુખ્યત્વે ચોમાસા ઉપર નિર્ભર રહેતી હોઈ, પોતાની પેદાશ વેચનારા આદિવાસી ખેડૂતોની સંખ્યા કાપણી પછીની મોસમમાં એટલે કે ઓકટોબરથી માંડી ફેબ્રુઆરીના મધ્ય ભાગ સુધી વધારે રહે છે. ઉનાળામાં એમની સંખ્યા ખાસ હોતી નથી. આદિવાસીઓ બાજરી, ચોખા, વારી, નાગલી, કોદરા વગેરે લાવે છે. તેઓ મોટે ભાગે નાના અને મધ્યમ ખેડૂતો હોય છે. કેવળ અનાજનો વેપાર કરનારા વેપારીઓ આદિવાસી પ્રદેશના મોટા ભાગના હાટમાં ઉનાળાની મોસમ દરમ્યાન એટલે કે માર્ચથી માંડીને જૂનના મધ્ય ભાગ સુધી હાજર રહેતા નથી. આવું એટલા માટે બને છે કે મોટા ભાગનાં



આદિવાસી કુટુંબો પાસે આ સમયગાળા દરમ્યાન વધારાનું અનાજ હોતું નથી.

૧૯૭૭ના એપ્રિલ–મેની અમારી મુલાકાત દરમ્યાન સુરત–વલસાડ જિલ્લાના ૪૮ હાટ પૈકી ફક્ત ૧૭ હાટમાં જ આદિવાસીઓ અનાજ અને કઠોળ વેચવા આવ્યા હતા. તેમની સંખ્યા ઘણી ઓછી, ૧થી માંડી ૨૬ સુધીની હતી. વધારેમાં વધારે સંખ્યા માંડવી તાલુકાના ગાંગપુર ગામમાં હતી. વલસાડ જિલ્લામાં પારડી તાલુકાના લખમાપોર અને ધરમપુર તાલુકાના સુથારપાડાના હાટમાં જ અનાજ વેચનારા આદિવાસીઓની સંખ્યા સારી હતી. લખમાપોરમાં અનાજના ૬ વેપારીઓ હાજર હતા અને સુથારપાડામાં ૫. જે ૧૭ હાટમાં અનાજના વેપારીઓ હાજર હતા તે પૈકીના ૭ તો ફક્ત ધરમપુર તાલુકાના જ હતા; નાના પોંઢા, રાજપુરી જંગલ, બોપી, સુથારપાડા, માંડવા, ઉકતા અને ટિસ્કરી તલાટ. ધરમપુર તાલુકાના તલાટ પ્રદેશમાં આદિવાસીઓ ઉનાળુ પાક પણ લે છે.

વખત જતાં અનાજ વેચનારા આદિવાસીઓની સંખ્યા જેમ ઘટે તેમ વેપારીઓના વેપારનું પ્રમાણ પણ ઘટે. ધીમે ધીમે આ વેપારીઓ હાટમાં આવતા બંધ થાય. લગભગ માર્ચના પહેલા અઠવાડિયાથી કેવળ અનાજનો જ વેપાર કરનાર વેપારીઓની હાજરી વગર હાટ ભરાય છે. આમ આદિવાસીઓ દ્વારા વેપારીઓને અનાજ અને કઠોળનું વેચાણ એ મુખ્યત્વે શિયાળાની મોસમની જ પ્રવૃત્તિ રહે છે.

## વન્ય પેદાશો

સુરત–વલસાડ જિલ્લામાં મોટા ભાગની જમીનનો વિસ્તાર વગડાઉ જમીનનો છે. મોટી સંખ્યામાં આદિવાસીઓ જંગલનાં ગામોમાં રહે છે. જંગલમાં રહેતા આ આદિવાસીઓ પણ તેમનું ગુજરાન ખેતીમાંથી ચલાવે છે. પરંતુ તેમની જમીનની ઉત્પાદનક્ષમતા ઓછી હોય છે. આથી તેઓ વન્ય પેદાશો ભેગી કરે છે : બોર, જંગલી કંદમૂળો, મહુડાનાં ફૂલ અને બી, શણનાં બી, મધ, જંગલી ઘાસ અથવા કંસાલીનાં પાન, મેંદી, ખાખરા, બીડીનાં પાન વગેરે. જ્યારે અનાજની અછત હોય છે ત્યારે તેઓ જંગલી કંદમૂળ ખાય છે. આ આદિવાસીઓ ધરમપુર, વાંસદા, વ્યારા અને સોનગઢ તાલુકાના હાટમાં વન્ય પેદાશો વેચવા લાવે છે.

આ વન્ય પેદાશ વેચનારા ગરીબ આદિવાસીઓ હોય છે. મોટે

ભાગે તેઓ ઉંમરવાન પુરુષો અથવા સ્ત્રીઓ હોય છે. અથવા બાર વર્ષથી નીચેની ઉંમરના છોકરા કે છોકરીઓ હોય છે. દરેક જણ વન્ય પેદાશનો નાનો જથ્થો લાવે છે. એક બાટલી મધ, અથવા લાકડાનો એક ભારો અથવા એક ટોપલો ભરીને પાંદડાં અથવા બી. પોતાની પાસેનો આ જથ્થો વેચીને તેઓ ૩ રૂપિયાથી માંડીને ૧૦ રૂપિયા સુધીની રકમ કમાય છે.

માંડવી તાલુકાના ગાંગપુર હાટમાં માંડવી ગામમાંથી વેપારીઓ બીડીનાં (ટીમરુ અથવા આશીતરાનાં) પાન આદિવાસીઓ પાસેથી ખરીદવા આવે છે. ધરમપુર તાલુકાના સુથારપાડા અને અન્ય હાટમાં આદિવાસીઓ મધ વેચવા આવે છે. આ મધ તેઓ ફક્ત એક જ વેપારીને વેચી શકે છે. આ વેપારી આખા તાલુકાનું મધ ખરીદનાર ઇજારદાર હોય છે.

આ વન્ય પેદાશો મોટે ભાગે અનાજ અને કઠોળ ખરીદનાર વેપારીઓ જ ખરીદે છે. તેઓ મોટા વેપારીઓ હોય છે. આદિવાસીઓ પાસેથી આ વસ્તુઓ ખરીદી મોટાં ગામો અથવા શહેરોમાં તેઓ પછી વેચે છે. મહુડાંની ડોળી તેઓ સુરત અને અમદાવાદમાં સાબુ બનાવતી કંપનીના એજન્ટોને વેચે છે. આ વેપારીઓ ઘણીવાર ડોળીના જથ્થાનું વજન કરતા નથી પરંતુ જથ્થાબંધ રીતે મરજી પડે તે ભાવે ખરીદવાનો પ્રયત્ન કરે છે.

લીલું-સૂકું ઘાસ, કંસાલીનાં પાન જેવી વસ્તુઓમાં આદિવાસીઓને થોડા વધુ ગ્રાહકો મળે છે. પૈસાવાળા આદિવાસીઓ પણ આ વસ્તુઓ ગરીબ આદિવાસીઓ પાસેથી ખરીદે છે. વળી આ જ હાટમાંથી કેટલાક દુકાનદારો પણ ઘાસ, પાન, બી વગેરે આદિવાસીઓ પાસેથી ખરીદે છે. વેચાણ કરનાર આદિવાસીઓને ભાવતાલ કરવાનો થોડો અવકાશ આમાં હોય છે પરંતુ એ ખાસ ફાયદાકારક નીવડતો નથી, કારણ કે વેચનારાઓની સંખ્યા મોટી હોય છે. હાટમાં વન્ય પેદાશો વેચવાની બાબતમાં ગરીબ આદિવાસીઓ વચ્ચે તીવ્ર હરીફાઈ રહે છે.

## ખાદ્યતેલ અને કેરોસીન

હાટમાં વેપારીઓ સીંગતેલ વેચવા આવે છે. ૪૮માંના ૨૩ હાટમાં સીંગતેલ વેચનારાઓ જોવા મળે છે. આ સંખ્યા નાની ન કહેવાય. આપણે યાદ રાખવું જોઈએ કે આ સમયગાળો ખેતીવિષયક અછતનો સમયગાળો હોય છે. ઘણાં આદિવાસી કુટુંબની ખરીદશક્તિ ખૂટી ગઈ



હોય છે. પરંતુ જે થોડું તેઓ કમાય છે તે ખાદ્ય ચીજોમાં ખર્ચી નાખે છે અને તેલ તેમાંની એક વસ્તુ હોય છે.

હાટમાં તેલ વેચનારાઓ કોપરેલ પણ વેચે છે. આદિવાસીઓ વાળ ઓળવા માટે કોપરેલ ખરીદે છે. તેલનું વેચાણ કરનારા બધા જ બિન-આદિવાસીઓ હોય છે. તેઓ તેમની સાથે તેલનો થોડો જથ્થો લાવે છે. વધારેમાં વધારે ૧૫ થી ૨૦ લીટર. તેલનું વેચાણ ૫૦ અથવા ૧૦૦ ગ્રામના નાના માપમાં થાય છે. સામાન્ય રીતે અભણ અને ગરીબ આદિવાસીઓ પોતાની પાસેનાં નાણાં આ વસ્તુઓ ઉપર જે પ્રમાણમાં ખર્ચી શકે તેમ હોય તે પ્રમાણમાં વસ્તુઓ માગે છે. તેઓ ૨૫ પૈસા કે ૫૦ પૈસાનું તેલ માગે છે.

કેરોસીન ૨૧ હાટમાં વેચાય છે. (સુરત જિલ્લાના ૧૧ અને વલસાડ જિલ્લાના ૧૦) આદિવાસીઓ કેરોસીનની ખરીદી મુખ્યત્વે દીવો કે ફાનસ સળગાવવા માટે કરે છે, થોડાં આદિવાસી કુટુંબો પ્રાઇમસ માટે પણ કેરોસીન ખરીદે છે. કેરોસીન વેચનારા (બધા જ બિન-આદિવાસી) નજીકના કસબામાંથી કે મોટા ગામમાંથી આવે છે.

## શાકભાજી

હાટમાં શાકભાજીનો વેપાર મોટા પ્રમાણમાં થાય છે. શાકભાજીને બે પ્રકારમાં વહેંચી શકાય : સૂકાં અને લીલાં, સૂકાં શાકભાજીમાં બટાટા, કાંદા અને અન્ય કંદમૂળોનો સમાવેશ થાય. લીલાં શાકભાજીમાં ભીંડા, વાલોળ, રીંગણાં, ગુવારસીંગ, ગીલોડા વગેરેનો સમાવેશ થાય. આમાં પાંદડાવાળી ભાજી પણ આવી જાય. હાટમાં વેચાતા શાકભાજીમાં મોસમ પ્રમાણે ફેરફાર થતા રહે છે.

અમે મુલાકાત લીધી તે અડતાલીસે અડતાલીસ હાટમાં સૂકાં અને લીલાં શાકભાજી વેચાય છે. આદિવાસીઓમાં રહેતી શાકભાજી અંગેની મોટી માગનું સૂચન આમાંથી મળે છે. શાકભાજી વેચનારાઓની સંખ્યાની વાત કરીએ તો ૧૨ હાટમાં ૨૦ કરતાં વધારે શાકભાજી વેચનારાઓ જોવા મળે છે. સોનગઢ, વ્યારા, અનાવલ અને ફડવેલના હાટમાં ૩૦ કરતાં વધુ શાકભાજી વેચનારાઓ હોય છે. લીલાં શાકભાજી વેચનારાઓ (પાંદડાવાળી ભાજી વેચનારાઓ સહિત) મોટે ભાગે નજીકનાં ગામોના આદિવાસી ખેડૂતો હોય છે. તેઓ પોતે જ શાકભાજી ઉગાડે છે. હાટ સિવાયના દિવસોમાં તેઓ આ શાકભાજી નજીકના ગામોમાં વેચે છે.

આમાંના કેટલાક બિન-આદિવાસીઓ પણ હોય છે. કાછિયા જ્ઞાતિના. સુથારપાડા, ઉકતા, નાના પોંઢા વગેરે સ્થળોએ લોહાણા કુટુંબો પણ શાકભાજીનો ધંધો કરતાં જોવા મળે છે.

સૂકાં શાકભાજી નંદરબાર, બીલીમોરા, સુરત, નવસારી વગેરે મોટાં શહેરનાં મોટાં બજારોમાંથી લાવવામાં આવે છે. આ વેચનારા વેપારીઓ પોતાના બળદગાડામાં આવે છે. આખું વરસ તેઓ આ ધંધા પર જ પોતાનો જીવનગુજારો કરે છે. હાટના ગામના દુકાનદારો પણ તેમની પાસેથી મોટા જથ્થામાં (૨૦ કિલો કે તેથી વધારે) શાકભાજી ખરીદે છે. સૂકાં શાકભાજી વેચનારા મોટેભાગે બિન-આદિવાસીઓ હોય છે.

સૂકાં શાકભાજી વેચનારા દરેક હાટમાં જાય છે, જ્યારે લીલાં શાકભાજી વેચનાર આદિવાસીઓ પોતાના ગામની નજીકના એક કે બે હાટમાં જ જાય છે. તેઓ લાંબા અંતરની મુસાફરી કરતા નથી. મોટા ભાગના હાટમાં સૂકાં અને લીલાં બંને પ્રકારના શાકભાજી ચોક્કસ વજન મુજબ ખરીદાય અને વેચાય છે છતાં કેટલાક હાટમાં અમુક પ્રકારના લીલાં શાકભાજી વાટાઓમાં (એટલે કે આશરે પાડેલા ભાગમાં) વેચાય છે. લીલાં શાકભાજી વેચનારાઓ હાટ બંધ થાય તે પહેલાં પોતાના માલનો નિકાલ થઈ જાય તે માટે ખાસ કાળજી રાખે છે. બાજીપુરા, કડોદ, સુરાલી, વ્યારા વગેરે કેટલાક હાટમાં આજુબાજુના ગામના કેટલાક વેપારીઓ જથ્થાબંધ ભાવે શાકભાજી ખરીદવા પણ આવે છે.

## લીલા અને સૂકા મસાલા

હાટમાં મસાલા માટેની માગ સારા પ્રમાણમાં રહે છે. બધા જ હાટમાં મસાલાનું વેચાણ થાય છે. મસાલાને બે પ્રકારમાં વહેંચી શકાય : સૂકા અને લીલા. સૂકા મસાલામાં સૂંઠ, લસણ, લાલ મરચાં, મરચાંની ભૂકી, હળદર અને હળદરની ભૂકી, આમલી, લીંબુના ફૂલ, ધાણા, જીરુ વગેરેનો સમાવેશ થાય. લીલા મસાલામાં લીલા ધાણા, લસણ, મરચાં વગેરેનો સમાવેશ થાય. બંને પ્રકારનો મસાલો વેચનારા નાના વેપારીઓ હોય છે. સૂકો મસાલો વેચનારા મોટે ભાગે શહેરમાંથી આવે છે. તેમાંના કેટલાક આદિવાસીઓ પણ હોય છે.

સોનગઢ અને વ્યારાના હાટમાં સૂકા મસાલાના વેપારીઓ (ખાસ કરીને લાલ મરચાં અને લસણના) મહારાષ્ટ્રના ખાનદેશ પ્રદેશમાંથી આવે છે. સામાન્ય રીતે આ મસાલા તેઓ વજન ઉપર વેચે છે. લીલો મસાલો વેચનારા મોટે ભાગે આદિવાસી ખેડૂતો હોય છે. તેઓ પોતે જ આ ચીજો ઉગાડે છે. તેઓ વાટામાં અથવા ઝૂડી સ્વરૂપે આ વસ્તુઓ વેચે છે.



કેટલાક હાટમાં (ખાસ કરીને સોનગઢ, પંચોલ, વ્યારા, કડોદ અને સુખાળા) ૨૦ કરતાં વધારે દુકાનોમાં મસાલો વેચાય છે. પંચોલના હાટમાં સૌથી વધુ ૫૬ દુકાનોમાં મસાલો વેચાય છે. આમાંની ૫૧ દુકાનોમાં ફક્ત સૂકો મસાલો જ વેચાય છે.

લીલો મસાલો વેચનારા મોટે ભાગે નબળી આર્થિક સ્થિતિ ધરાવનારા હોય છે. તેઓ કોઈ પણ હાટમાં ૧૦ રૂપિયાથી વધારે કમાતા નથી. સૂકો મસાલો વેચનારા એક હાટમાં ૪૦થી ૫૦ રૂપિયા કમાય છે.

## માંસ, મચ્છી, ઈંડાં

માંસ, મચ્છી અને ઈંડાં માંસાહાર ગણાય છે. મોટા ભાગના આદિવાસીઓ માંસાહાર કરે છે. માંસાહારી વસ્તુઓ હાટમાં વેચાય છે. બકરાંનું માંસ કે મરઘીનાં બચ્ચાં વેચનારાઓ પ્રમાણમાં ઓછા હોય છે. અને ખાસ કરી મોટા હાટમાં જ આવે છે. ૪૮ હાટમાંથી ફક્ત ૨૧ હાટમાં જ બકરાંનું માંસ કે મરઘાં વેચાતાં જોવા મળે છે. મુસ્લિમ ખાટકીઓ બકરાંનું માંસ વેચે છે. જ્યારે આદિવાસીઓ મરઘાં હાટમાં વેચવા માટે લાવે છે. લગભગ ૨૭ જેટલા હાટમાં ઈંડાં વેચાય છે.

આદિવાસીઓ હાટમાં જે ઈંડાં કે મરઘાં વેચવા લાવે છે તે તેમની પાસેથી હાટમાં આવતા વેપારીઓ, દુકાનદારો તેમ જ અન્ય માણસો ખરીદે છે. આ ઈંડાં વેચનારાઓમાંના મોટા ભાગના ગરીબ હોય છે. આ ઈંડાંના વેચાણમાંથી તેઓ સામાન્ય રીતે રૂપિયા પાંચ જેટલું કમાય છે. પરંતુ તે પણ નિયમિત નહીં.

લગભગ ૪૨ હાટમાં માછલી વેચાય છે. કેટલાક હાટમાં સૂકી માછલી વેચનારાઓની સંખ્યા ઘણી મોટી હોય છે. સુથારપાડા હાટમાં સૂકી માછલીની ૧૭ દુકાન છે. જ્યારે શાકભાજી અને મસાલાની ૮. આવી જ સ્થિતિ ધરમપુર તાલુકાના સુખાળા હાટમાં પણ છે. ત્યાં સૂકી માછલી વેચનારી લગભગ ૨૮ દુકાનો છે. લશ્કરમાં ૧૦, સોનગઢમાં ૧૬ અને પંચોલમાં ૧૨ દુકાનો છે.

આનું અગત્યનું એક કારણ એ છે કે સૂકી માછલીની કેટલીક જાતો

કિંમતમાં સસ્તી હોય છે. સૂકી માછલીના એક વેપારીએ અમને કહ્યું, 'ગરીબ લોકોને માટે તો આ જ પકવાન છે.' આ હાટમાં વેચાતી માછલી સૂકવેલી અને મીઠાવાળી હોય છે. આમાં બૂમલા, મોરી, કોલમી વગેરે ચાર-પાંચ જાતોનો સમાવેશ થાય છે. આ સૂકી માછલીઓ વાટામાં તેમ જ વજન પર એમ બંને રીતે વેચાય છે. વેચનારાઓ આ માછલી શહેરમાંથી લાવે છે. આમાંના કેટલાક વેચનારાઓ શહેરમાં રહેતા હોય છે અને ત્યાં પોતાની કાયમી દુકાનો ધરાવતા હોય છે. માછલી વેચનારાઓ મોટે ભાગે માછી જ્ઞાતિના હોય છે અને માછલીનો વેપાર તેઓ વંશ પરંપરાગત રીતે કરે છે. બહુ થોડા આદિવાસીઓ હજી આ ધંધામાં પ્રવેશ્યા છે.

## ફળ

કેટલાક આદિવાસીઓ ફળની મોટી વાડી ધરાવે છે તો કેટલાક નાની વાડી. નાની વાડીવાળા આદિવાસીઓ હાટમાં કેળાં, કેરી કે ચીકુ વેચવા આવે છે. શહેરના વેપારીઓ પણ તડબૂચ, જમરૂખ જેવાં ફળ લાવે છે. ૪૫ હાટમાં ફળ વેચાય છે. વેચનારાઓમાં શહેરના વેપારીઓનો તેમ જ આજુબાજુના ગામડાંઓના ફળ ઉગાડનારાઓનો સમાવેશ થાય છે.

ગામડાંના ફળ ઉત્પાદકો પાસેથી જથાબંધ રીતે કેરી કે ચીકુ ખરીદનારા જથાબંધ વેપારીઓ કે તેમના દલાલો હાટમાં ખાસ આવતા નથી. એનું કારણ એ છે કે આ જથાબંધ વેપારીઓ હાટ બહારનાં સ્થળોએ પણ વેચાણની સ્વતંત્ર અને સારી વ્યવસ્થા ધરાવે છે.

મોસમ અનુસારનાં ફળમાં કરમદાં, જંગલી બોર, આમળાં, જાંબુ વગેરેનો સમાવેશ થાય. આ ફળ મુખ્યત્વે વન્ય પેદાશ છે. જંગલ પ્રદેશનાં ગામડાંઓમાં રહેતા આદિવાસીઓ આ ફળ હાટમાં વેચવા લાવે છે. આ આદિવાસીઓ મોટે ભાગે જમીનવિહોણા મજૂરો અથવા ગરીબ ખેડૂતો હોય છે. હાટમાં વેચાતાં આ ફળ પૂરક આવક માટેની એક અગત્યની પ્રવૃત્તિ છે. તેઓ આ ફળ ટોપલીમાં અથવા પોટલામાં લાવે છે. હાટમાં આવનારા આદિવાસીઓ અને બિન-આદિવાસીઓ આ ફળ ખરીદે છે. આ ફળ વેચનારા આદિવાસીઓ અભણ અને ગરીબ હોય છે. તેઓ આ ફળ વાટામાં અથવા પોતાની મરજી મુજબના માપમાં વેચે છે. તેઓ વજનનો ઉપયોગ કરતા નથી.



## વાસણો

વાસણો બનાવવામાં વપરાયેલા પદાર્થો અનુસાર તેમનું ત્રણ પ્રકારોમાં વિભાજન થઈ શકે : (૧) ધાતુનાં વાસણો, (૨) માટીનાં વાસણો અને (૩) કાચનાં અથવા ચિનાઈ માટીનાં વાસણો. પહેલો ક્રમ ધાતુના વાસણોનો આવે. એલ્યુમિનિયમ, પિત્તળ, તાંબુ, ઢોળ ચઢાવેલ નિકલ વગેરે ધાતુનાં જાત જાતનાં વાસણો હાટમાં વેચાવા આવે છે. રસોડામાં ઉપયોગી થાય એવાં લોખંડનાં સસ્તા વાસણો પણ વેચાય છે. ડોલ, થાળી, ઘડા, ચમચા, સાણસી તેમ જ તળવામાં, રાંધવામાં, પીરસવામાં અને જમવામાં કામ આવે તેવાં વાસણ હાટમાં મળે છે.

૪૮માંના લગભગ ૩૦ જેટલા હાટમાં ધાતુના વાસણની દુકાનો મંડાય છે. આ વેપારીઓ ઘણાં ઊંડાણમાં આવેલાં હાટનાં ગામોમાં જતા નથી. વળી આ વેપારીઓ શહેરી બજારની નજીકના હાટમાં પણ સામાન્ય રીતે જતા નથી.

હાટના મોટા ભાગના વેપારીઓમાં કોઈ પણ પ્રકારની હરીફાઈનો અભાવ હોય છે. ૩૦માંના ૧૯ હાટમાં આ વસ્તુનો એક જ વેપારી નિયમિતપણે આવે છે. અન્ય હાટમાં પણ ધાતુનાં વાસણના બે-ત્રણથી વધારે વેપારી આવતા નથી.

બીજા ક્રમે માટીનાં વાસણો આવે છે : હાંડલાં, માટલાં વગેરે. ઘણા જૂના સમયથી આદિવાસીઓ માટીનાં વાસણોનો ઉપયોગ કરે છે. આ પ્રકારનાં વાસણો ઉપર આજે પણ તેઓ એટલો જ આધાર રાખે છે. કુંભાર જ્ઞાતિના લોકો હાટમાં માટીનાં વાસણો વેચવા આવે છે. તેઓ આ વાસણો પોતાના ઘરે જ બનાવે છે. ઘાંચી, ખત્રી, કંસારા વગેરે જ્ઞાતિનાં બીજાં કુટુંબો પણ આ પ્રકારનાં વાસણો વેચે છે. તેઓ ગામના કુંભારો પાસેથી માટીનાં વાસણો ખરીદે છે અને જુદા જુદા હાટમાં વેચે છે.

સામાન્ય રીતે હાટના એક દિવસે તેમનું વેચાણ ૫૦થી ૭૫ રૂપિયા સુધીનું રહે છે. તેઓ આખું અઠવાડિયું એક હાટમાંથી બીજા હાટમાં ફરતા રહે છે. લગભગ ૪૪ હાટમાં માટીનાં આ વાસણ વેચાય છે.

કાચના કે ચીનાઈ માટીનાં વાસણો છેલ્લાં દસ-પંદર વરસથી જ હાટમાં વેચાતાં થયાં છે. આ જિલ્લાઓના બધા હાટમાં તે હજી પહોંચ્યાં નથી. જે હાટની અમે મુલાકાત લીધી તેમાંના અડધા હાટમાં આ કાચનાં કે ચિનાઈ માટીનાં વાસણ જોવા મળ્યાં નહીં. કારખાનામાં તૈયાર થતાં

આ વાસણો શહેરોમાંથી લાવવામાં આવે છે. આ પ્રકારનાં વાસણોમાં કપ, રકાબી, ચલાણાં, ગ્લાસ, બાટલી વગેરેનો સમાવેશ થાય છે. દાયકાઓ પહેલાં આ હાટમાં કેવળ માટીનાં જ વાસણો વેચાતાં. પણ જેમ સમય વીતતો ગયો તેમ શહેરમાં તૈયાર થયેલો આ પ્રકારનો માલ ગ્રામપ્રદેશમાં પ્રવેશી ગયો છે. એક હાટમાં આ માલનું કુલ વેચાણ ૫૦ રૂપિયાથી વધતું નથી. કેટલાક હાટમાં આ માલ વેચનારાઓમાં તીવ્ર હરીફાઈ પણ જોવા મળે છે.

## કાપડ અને કપડાં

કાપડ અને કપડાંનું વેચાણ હાટની એક મુખ્ય પ્રવૃત્તિ છે. આના આપણે ત્રણ પ્રકાર પાડી શકીએ : (अ) મિલનું કાપડ (ब) તૈયાર કપડાં (क) જૂનાં કપડાં.

હાટમાં મિલનું કાપડ મોટા પ્રમાણમાં વેચાય છે. મિલના કાપડમાં ધોતિયાં, સાડી, ખમીસનું કાપડ, કોટનું કાપડ, ચાદર, ચારસા, ટુવાલ વગેરેનો સમાવેશ થાય છે. કાપડના જે વેપારીઓ હાટમાં આવે છે તેઓ બહુ લાંબા સમયથી આવનારાઓ છે. આ વિસ્તારોમાં વેપાર કરવાનો તેઓ ઘણો જૂનો અનુભવ ધરાવે છે. ૪૮માંથી લગભગ ૪૬ હાટમાં મિલનું કાપડ વેચાય છે.

કાપડના વેપારી બિન-આદિવાસીઓ હોય છે : ભાવસાર, વાણિયા, ખત્રી, વોરા વગેરે. તેઓ જુદા જુદા દિવસોએ જુદા જુદા હાટમાં જાય છે. કાપડ વેચતી વખતે તેઓ ગજનો અને મેઝર ટેપનો ઉપયોગ કરે છે. કેટલીક જગ્યાએ માપ જૂની પદ્ધતિથી લેવાય છે જેમ કે હાથ લાંબા કરીને, કેટલાક વૃદ્ધ અને અભણ આદિવાસી ગ્રાહકો આ જ પદ્ધતિથી કાપડ ખરીદવાનો આગ્રહ પણ રાખે છે. મીટર પદ્ધતિ તેમને સમજાતી નથી. ભણેલા આદિવાસી ગ્રાહકો મીટર પદ્ધતિનો આગ્રહ રાખે છે. કાપડના વેપારીઓ કોઈપણ હાટના મોટા વેપારીઓ ગણી શકાય. તેઓ નફો પણ સારો કમાય છે.

બીજો પ્રકાર તૈયાર કપડાંવાળાનો આવે. આ કપડાંમાં સારું વૈવિધ્ય જોવા મળે છે : શર્ટ, બુશ-શર્ટ, કફની, અંડરવેર્સ, બ્રેસિયર્સ, કબજા, ફ્રોક, નાનાં બાળકનાં કપડાં, નાની મોટી ચડ્ડીઓ વગેરે. આમાં વળી હાથરૂમાલ, કપડાની થેલી, ટુવાલ, નેપકિન, રિબન અને દોરીનો પણ સમાવેશ થાય. હમણાં હમણાં કેટલાક હાટમાં શાળાના ગણવેશ પણ જોવા



મળે છે. ૪૮માંના ૪૭ હાટમાં તૈયાર કપડાં વેચાય છે. આદિવાસીઓમાં તૈયાર કપડાં ખૂબ જ લોકપ્રિય થતાં જાય છે. તૈયાર કપડાંના વેપારીઓ પણ મોટે ભાગે બિન-આદિવાસીઓ હોય છે. તેઓ નજીકના તાલુકાનાં ગામોમાંથી અથવા શહેરોમાંથી આવે છે. કેટલાક હાટમાં આ લોકો લારીમાં માલ ગોઠવી વેપાર કરે છે. બીજો હાટ જો નજીક હોય તો આ લારી લઈને જ તેઓ ત્યાં જાય છે. તેઓ નોકર રાખી શકતા નથી કારણ કે એ તેમને પોષાય તેમ હોતું નથી.

તેમનો આ ધંધો હરીફાઈવાળો છે અને તે સ્વાભાવિક પણ છે. ધરમપુર તાલુકાના સુથારપાડા હાટમાં તૈયાર કપડાં વેચનારા ૧૮ વેપારીઓ આવે છે, આ ૪ તાલુકાના સુખાળા હાટમાં આ સંખ્યા ૨૩ની હોય છે. દસ વર્ષ પહેલાં આ બંને સ્થળોએ એક કે બે જ તૈયાર કપડાં વેચનારાઓ આવતા અને તે પણ ખૂબ અનિયમિતપણે. આજે તેઓ મોટી સંખ્યામાં નિયમિતપણે આવે છે. તૈયાર કપડાંની માગ વધતી જણાય છે, તેવી જ રીતે વેપારીઓમાં હરીફાઈ પણ. ‘અમારે ભાવની બાબતમાં ઘણી ખેંચતાણ કરવી પડે છે અને ભાવ ઓછા પણ કરવા પડે છે’ એક તૈયાર કપડાંના વેપારીએ કહ્યું.

ત્રીજો પ્રકાર જૂનાં કપડાં વેચનારાઓનો છે. આ જૂનાં કપડાંમાં સ્ત્રી-પુરુષોનાં તૈયાર જૂનાં કપડાંનો સમાવેશ થાય છે. શર્ટ, પેન્ટ, સાડી, કોટ, બ્લાઉઝ વગેરે. બાળકોનાં કપડાં પણ એમાં હોય છે. જૂનાં કપડાં વેચનારા મુખ્યત્વે સૌરાષ્ટ્ર પ્રદેશના વાઘરીઓ હોય છે. કેટલાંક મેઘવાળ, ઘાંચી અને લુહાણા કુટુંબો પણ આ ધંધામાં જોવા મળે છે. હાટમાં વેચાતાં જૂનાં કપડાંની આદિવાસી સમાજમાં માગ હોય છે. અને આ એક અગત્યની નોંધપાત્ર બાબત છે. આ જૂનાં કપડાંના ભાવ નવાં કપડાંના પ્રમાણમાં ઠીક ઠીક ઓછા હોય છે.

જૂનાં કપડાંના વહેપારીઓએ એકબીજા સાથે હરીફાઈ કરવી પડે છે. સોનગઢ હાટના એક વેપારીએ કહ્યું, ‘દસ વરસ પહેલાં આ હાટમાં જૂનાં કપડાં વેચવા એક કે બે વેપારીઓ આવતા અને તે પણ અનિયમિત. હવે દસ વેપારીઓ નિયમિત આવે છે.’ આમ છતાં આ વેપારીઓને પૂરતા ગ્રાહક મળી રહે છે. ભૂમિહીન મજૂરો, નાના ખેડૂતો, કારખાનાના કામદારો, ઉકાઈ બંધના અને અન્ય બાંધકામના મજૂરો વેપારીઓ પાસેથી જૂનાં કપડાં ખરીદે છે.

## ઘરેણાં

આદિવાસીઓમાં ઘરેણાં પહેરવાનો સામાન્ય રિવાજ છે. ખાસ કરીને સ્ત્રીઓ તેનો મોટા પાયા પર ઉપયોગ કરે છે. લગ્ન વખતે અમુક પ્રકારનાં ઘરેણાં આદિવાસીઓમાં પહેરવાં પડે છે. ઘરેણાં એક પ્રકારની સામાજિક સાંસ્કૃતિક જરૂરિયાત જેવાં હોવાથી કેટલાક દાયકાઓથી તે આદિવાસી પ્રદેશમાં વેચાય છે. લગભગ ૩૪ હાટમાં વેચનારા નિયમિત આવે છે. આમાંના મોટા ભાગના સોની જ્ઞાતિના હોય છે. તેઓ નજીકના મોટા ગામ કે કસબામાં રહેતા હોય છે. ત્યાંથી તેઓ જુદા જુદા હાટમાં જાય છે. તેઓ પોતાના ઘરે સોનીકામની કાયમી દુકાન ધરાવતા હોય છે. તેઓ કલ્લાં, સાંકળાં, ગડ, વીંટી, ડોયલા, ફીડિયો વગેરે ચાંદીનાં ઘરેણાં લાવે છે. આદિવાસી જૂથોની પ્રણાલિકાગત પસંદગી ઉપર આના પ્રકારોમાં જુદે જુદે સ્થળે થોડો ફેર જોવા મળે છે. ઘરેણાં વેચનારાઓ આ ખાસ પસંદગી અંગેની જાણકારી ધરાવતા હોય છે.

ઘરેણાં વેચનારાઓની સંખ્યા કોઈ પણ હાટમાં ત્રણથી વધારે હોતી નથી. કેટલાક હાટમાં કેવળ એક જ દુકાન જોવા મળે. હરીફાઈ હોતી નથી. આથી આવા હાટમાં તેઓ ઇજારાશાહી ભોગવી શકે છે. એક જ હાટમાં બે કે ત્રણ દુકાન જોવા મળે પરંતુ ત્યાંયે હરીફાઈનું તત્ત્વ હોતું નથી. એકબીજાને મદદરૂપ થવાનું વલણ વિશેષ હોય છે. લગ્નની મોસમ દરમ્યાન આદિવાસીઓ તરફથી ઘરેણાંની માગનું પ્રમાણ ઘણું વધે છે. આ વખતે ઘરેણાં વેચનારાઓની કમાણી પણ સારા પ્રમાણમાં વધે છે. કેટલાક હાટમાં, હાટના એક જ દિવસે તેઓ વ્યક્તિગત રીતે રૂ. ૨૦૦થી ૩૦૦ કમાય છે.

## પગરખાં

હાટમાં બે પ્રકારનાં પગરખાં વેચાય છે : નવાં અને જૂનાં. નવાં પગરખાંમાં ચામડાનાં, કેનવાસનાં, રબરનાં કે પ્લાસ્ટિકનાં ચપ્પલ, જોડા, સેંડલ વગેરેનો સમાવેશ થાય છે. આ પગરખાંનો ભાવ ૩થી ૩૦ રૂપિયા વચ્ચેનો ફરતો રહે છે. ૪૮માંથી ૩૯ હાટમાં પગરખાં વેચનારા જોવા મળે છે. ચીખલી તાલુકાના મોટા હાટ રોહિણામાં નવાં પગરખાંની ૧૦ દુકાનો જોવા મળે છે. સોનગઢના હાટમાં આ સંખ્યા ૭ની છે. રોહિણાની જેમ સોનગઢનો હાટ પણ મોટો હાટ કહેવાય છે. નવાં પગરખાં વેચનારા તેમનો આ માલ મોટાં ગામો કે શહેરોમાંથી લાવે છે. આમ છતાં તેઓ



નાના વેપારીઓ હોય છે. તેઓ મોટે ભાગે બિન-આદિવાસીઓ હોય છે. કોઈ પણ હાટમાં તેમનું કુલ વેચાણ સામાન્ય રીતે રૂ. ૧૦૦થી વધતું નથી. તેમની આવક ચોક્કસ હોતી નથી.

જૂનાં કપડાંની જેમ જૂનાં બૂટ-ચપ્પલોની પણ હાટમાં માગ રહે છે. વેપારીઓ આ પગરખાં મોટાં ગામો કે શહેરોમાંથી લાવે છે. આ સ્થળોના ફેરિયાઓ પાસેથી તેઓ આ ખરીદે છે અને હાટમાં વેચે છે. મોટરગાડીના ટાયરમાંથી બનાવેલાં પગરખાં પણ તેઓ વેચે છે. આવા પ્રકારનાં પગરખાંના ભાવ પ્રમાણમાં ઓછા હોય છે. જૂનાં પગરખાંમાં બૂટના રૂ. ૫થી ૧૦ અને ચપ્પલના રૂ. ૩થી ૬ આદિવાસીઓએ આપવા પડે છે. ખાસ કરીને ગરીબ આદિવાસીઓ એ ખરીદે છે. આ જૂનાં પગરખાં વેચનારા ૧૩ હાટમાં જોવા મળે છે. પંદર વરસ પહેલાં સુરત અને વલસાડ જિલ્લાના હાટમાં આ જૂનાં પગરખાં વેચનારાઓ જોવા મળતા નહીં.

## કટલરી અને સૌંદર્યપ્રસાધનો

કટલરી અને પ્લાસ્ટિકનો માલ વેચનારા બધા હાટમાં જોવા મળે છે. આનો અર્થ એ કે આ વસ્તુઓની આદિવાસી પ્રદેશોમાં માગ રહે છે. આમાં પ્લાસ્ટિક કે રબરનાં રમકડાં, પ્લાસ્ટિકના પાટલા અને બંગડી, નખ-પોલિશ, લિપસ્ટિક, ચાંદલા, હેર-પિન, બટન, નાની કાતર, કી-ચેઈન, રમવાનાં પાનાં, કાંસકી, નાના અરીસા, બ્રશ, તાળાં, સોય, ફેઈસ-પાવડર વગેરેનો સમાવેશ થાય છે. આ દુકાનોમાં વસ્તુઓને અલગ અલગ રીતે ગોઠવવામાં આવે છે. ખાસ કરીને સૌંદર્ય-પ્રસાધનની વસ્તુઓ જેવી કે ક્રીમ, હેર-પિન, ફેઈસ-પાવડર વગેરેની ખરીદી આદિવાસી કન્યાઓ અને સ્ત્રીઓ સારા પ્રમાણમાં કરે છે. વેપારીઓ આ પ્રકારના માલની સસ્તી જાતો વેચવા માટે હાટમાં લાવે છે. ૧૧ હાટમાં આ વસ્તુઓ વેચનારાઓની ૧૦ કે તેથી વધુ દુકાન જોવા મળે છે. વાંસદા તાલુકાના સૌથી મોટા ઉનાઈના હાટમાં આવી ૨૨ દુકાનો જોવા મળે છે. ધરમપુર તાલુકાના નાના પોંઢામાં ૨૧ અને લવકરમાં ૨૩ દુકાનો જોવા મળે છે.

એ નોંધવું રસપ્રદ છે કે મોટે ભાગે આદિવાસીઓ આ વસ્તુઓ વેચે છે. લવકરમાં ત્રેવીસે ત્રેવીસ દુકાન આદિવાસીઓની છે. લખમાપોરમાં આઠે આઠ દુકાન આદિવાસીઓની છે. વડપાડામાં ૧૨માંથી ૧૦ દુકાન આદિવાસીઓ ધરાવે છે. આ કટલરીના ધંધામાં રોકાણ ઓછું હોય છે.

શરૂઆતમાં ૫૦થી ૧૦૦ રૂપિયાની મૂડી ધરાવનાર આ ધંધો શરૂ કરી શકે છે. આ લોકોનું એક દિવસનું કુલ વેચાણ ૨૫ રૂપિયાથી વધારે થતું નથી.

## પીણાં અને ખાદ્યપદાર્થો

ઉચ્છલ મહાલના કરોડના હાટ સિવાય બીજા બધા હાટમાં ખાદ્યપદાર્થો વેચતી દુકાનો જોવા મળે છે. વિવિધ પ્રકારના ખાદ્યપદાર્થો અને પીણાંઓ વેચતી આ દુકાનોની સંખ્યા ધારણા કરતા વધી જાય છે. બાલપુરના હાટમાં ૨૫, પંચોલમાં ૨૦, ઉનાઈમાં ૧૯, સુથારપાડામાં ૨૬, નાના પોંઢામાં ૨૦, સુખાળામાં ૩૦ અને લવકરમાં ૨૦ આવી દુકાનો જોવા મળે છે. ખાદ્યપદાર્થોમાં મીઠાઈ, ચણા, ચણાના લોટમાંથી બનતી વાનગીઓ તથા તેલમાં તળાઈને તૈયાર થતી વાનગીઓ મળે છે. પીણાંઓમાં ચાનો અને શહેરમાં તૈયાર થતાં ઠંડાં પીણાંઓનો સમાવેશ થાય છે. આદિવાસીઓને આ વાનગીઓ ઘણી પ્રિય જણાય છે. વેપારીઓ કહે છે કે કેટલાક આદિવાસીઓ તો ખાસ આવી વાનગીઓ ખાવા માટે જ હાટમાં આવે છે.

આ ખાદ્યપદાર્થો વેચનારાઓ નજીકના શહેર કે મોટા ગામમાંથી આવે છે. પરંતુ હમણાં હમણાં કેટલાંક આદિવાસી કુટુંબોએ પણ હાટમાં ખાદ્યપદાર્થો વેચવાનું શરૂ કર્યું છે. આ જ રીતે ઠંડાં અને ગરમ પીણાં વેચનારાઓમાં પણ આદિવાસીઓ જોવા મળે છે. કટલરી માલના ધંધાની જેમ આમાં પણ ઓછી મૂડીની જરૂર પડે છે. આ ધંધો મહેનતઆધારિત ધંધો છે.

## તમાકુની બનાવટો

તમાકુનો વપરાશ સમગ્ર આદિવાસી પ્રદેશમાં બહોળો પ્રસાર પામેલો છે. ૪૮માંના ૪૦ હાટમાં તમાકુ અને તેની સાથે સંબંધ ધરાવતી વસ્તુઓ વેચાય છે. કેટલાક હાટમાં આ દુકાનોની સંખ્યાનું પ્રમાણ ઘણું મોટું હોય છે, જેની સરખામણી કેવળ ચાની દુકાનો સાથે જ થઈ શકે. ખુશાલીના હાટમાં ૧૫, પંચોલમાં ૧૪, કડોદમાં ૧૪, સુથારપાડામાં ૧૧, આવી દુકાનો છે. અન્ય હાટમાં પણ ૫થી ૧૦ દુકાનો સામાન્ય રીતે હોય છે. તમાકુ વેચનારાઓ હાટમાં નિયમિત આવે છે. તેમની દુકાનોમાં થતી ભીડને પહોંચી વળવા તેઓ તમાકુના તૈયાર પડીકાંઓ લાવે છે. તેઓ બે કદનાં પડીકાં વેચે છે : ૨૫ પૈસાવાળું અને ૫૦ પૈસાવાળું. આ તમાકુ



વેચનારાઓ પણ નજીકના શહેર કે મોટા ગામમાંથી આવે છે. હાટમાંનું તેમનું વેચાણ ૫૦ રૂપિયાથી ૧૫૦ રૂપિયા સુધીનું રહે છે.

## કારીગરોની સેવાઓ

૪૮માંથી ૩૬ હાટમાં લુહારો આવતા જોવા મળે છે, કેટલાક હાટમાં એકથી વધારે લુહારો આવે છે. તેઓ લોખંડના હળ, દાંતરડાં, ખીલા વગેરે જુદાં જુદાં પ્રકારનાં સાધનો અથવા ઓજારો લાવે છે. તેઓ બિન-આદિવાસીઓ હોય છે. કેટલાક લુહારો આવાં ઓજારો તૈયાર કરવા સ્થળ પર જ ભઠ્ઠો બનાવે છે. હાટમાં તેઓ ૫૦થી ૬૦ રૂપિયા કમાય છે.

૩૦ હાટમાં વાળંદની દુકાનો જોવા મળે છે. કેટલાક મોટા હાટમાં વાળંદની ૪થી ૫ દુકાનો હોય છે. તેઓ બિન-આદિવાસીઓ હોય છે — હજામ જ્ઞાતિના. તેઓ વાળ કાપવાનાં તેમનાં સાધન પતરાની એક નાની પેટીમાં લાવે છે અને ઝાડના છાંયડા નીચે બેસે છે. કેટલાક હાટમાં એ ગામમાં રહેનાર વાળંદ પણ પોતાની દુકાન લગાવે છે. હાટ સિવાયના દિવસોમાં તેઓ જે કંઈ કમાય છે તેના કરતાં વધારે કમાવાની તક તેઓને હાટ દ્વારા પ્રાપ્ત થાય છે. પોતાની દુકાન ન હોય તેવા વાળંદો, અઠવાડિયાના જુદા જુદા દિવસોએ જુદા જુદા હાટમાં જાય છે. તેઓમાંના મોટા ભાગના નજીકનાં ગામો અથવા કસબામાંથી આવે છે. હાટમાં તેમને નિશ્ચિત આવકની ખાતરી મળી રહે છે. હાટના એક દિવસે વાળંદો ૧૦થી ૧૫ રૂપિયા કમાય છે.

૪૮માંના ૧૩ હાટમાં દરજીઓ આવે છે. કેટલાક દરજીઓ ગામના જ હોય છે. કેટલાક હાટમાં, દાખલા તરીકે સુથારપાડામાં તેઓ હાટના ગામથી ૫–૬ કિલોમીટર દૂર આવેલા ગામોમાંથી આવે છે. એમાંના કેટલાક આદિવાસીઓ હોય છે. તેઓ દરજીકામ શીખેલા યુવાનો હોય છે. તેઓ પોતાની જાતે જ સીવવાનો સંચો માથા પર મૂકીને લાવે છે. કેટલાક કોઈક ગરીબ આદિવાસીને મજૂર તરીકે રોકે છે. દરજીઓની હાટના દિવસની કમાણી ૧૫થી ૨૦ રૂપિયાની રહે છે. દિવાળીમાં અને લગ્નની મોસમમાં તેમની કમાણીમાં વધારો થાય છે. તેઓ બ્લાઉઝ, ખમીસ, ચડ્ડી વગેરે કપડાં સીવે છે. તેઓમાંના કેટલાક ખુલ્લામાં બેસે છે. કેટલાક નાની જગ્યા ભાડે રાખે છે. હાટમાં હમણાં હમણાં જ દરજીઓ આવતા થયા છે.

હાટમાં આવનાર સુથારો ફક્ત એક જ વસ્તુ બનાવવામાં ખાસ વિશેષતા ધરાવે છે અને તે પલંગ અથવા ખાટલો. લાકડું ગ્રાહકો દ્વારા આપવામાં આવે છે. કોઈ પણ ગામડામાં આવા ખાટલા બનાવનારાઓની ફક્ત એક કે બે જ દુકાનો હોય છે. હાટમાં તેઓ નિયમિતપણે આવતા નથી. આવે છે ત્યારે ૧૫થી ૨૦ રૂપિયા કમાય છે.

સોનગઢના હાટમાં એક કારીગર તો વ્યારા તાલુકાના વરજાખણ ગામથી આવ્યો હતો. તેનું કહેવું એમ હતું કે હાટમાં તે જે કંઈ કમાતો તે તેને જ્યારે કામ ન મળતું તે દિવસોમાં ખર્ચાઈ જતું. તેની આર્થિક સ્થિતિ નબળી હતી. તેનું આખું કુટુંબ તેના કામમાં તેને મદદ કરવા તેની સાથે ફરતું.

વાંસકામના કારીગરો એક જ જ્ઞાતિના હોય છે, જેઓને કોટવાળિયા કહેવાય છે. હાલમાં જ, ખાસ કરીને ધરમપુર તાલુકામાં કેટલાંક કૂકણાં કુટુંબોએ ખેતીકામના વિકલ્પ તરીકે આ વાંસકામ કરવાનું શરૂ કર્યું છે. આ કારીગરો જંગલમાં રહે છે. આર્થિક રીતે તેઓ ખૂબ જ પછાત હોય છે. તેઓ તેમનો વંશપરંપરાથી ચાલતો આવેલો વ્યવસાય કરે છે—વાંસમાંથી ટોપલા-ટોપલી, ઝાડુ, સાદડી વગેરે બનાવવાનો. તેઓ હાટમાં નિયમિતપણે આવતા નથી. આ વસ્તુઓ વેચી હાટમાં તેઓ પૈસા કમાય છે. આ કોટવાળિયાઓ ગરીબ કારીગરો છે. તેઓ ખૂબ જ દયનીય સ્થિતિમાં જીવે છે. ધંધાકીય વૈવિધ્ય તેમનામાં ઘણું ઓછું હોય છે. હાટમાંની તેમની કમાણી ૧૦ કે ૧૫ રૂપિયાથી વધતી નથી. ૩૮ હાટમાં તેઓ જોવામાં આવે છે.

## દુરસ્ત કરનારાઓની સેવાઓ

આદિવાસી પ્રદેશના કેટલાક ભાગોમાં સાઇકલનો ઉપયોગ તાજેતરનાં વર્ષોમાં ઘણો વધ્યો છે. ગામડાંઓમાં સાઇકલો હોવા છતાં તેની દુરસ્તી માટેની સગવડો ત્યાં હોતી નથી. આથી સાઇકલ દુરસ્ત કરનારાઓની તેમ જ દુરસ્તીનું અન્ય કામ કરનારાઓની દુકાનોમાં ઘરાકી સારી રહે છે. દુરસ્તી કરનારાઓમાં આદિવાસીઓ અને બિન-આદિવાસીઓ બંને હોય છે. તેઓ તેમનાં ઓજારો સાથે મોટા હાટમાં આવે છે. હાટને દિવસે તેઓ ૮ થી ૧૦ રૂપિયા કમાય છે.

સાઇકલ ઉપરાંત બેટરી અને લાઇટર દુરસ્ત કરનારા પણ આવે છે. ૪૮માંથી ૧૨ હાટમાં તેઓ જોવા મળે છે. તેઓમાં આદિવાસીઓ અને



બિન-આદિવાસીઓ બંને હોય છે. સાઇકલ દુરસ્ત કરનારાઓની જેમ આ લોકો પણ નબળા વર્ગના હોય છે. બેટરી અને લાઇટર દુરસ્ત કરવાનું કામ જ તેમની આજીવિકાનું મુખ્ય સાધન હોય છે. તેમની કમાણી નિશ્ચિત સ્વરૂપની હોતી નથી. કેટલીક વાર મોટા હાટમાં પણ હાટના એક દિવસે ત્રણ રૂપિયા કમાવાનુંય તેમને મુશ્કેલ બને છે.

કેટલાક આદિવાસીઓ – ખાસ કરીને પગારદાર વર્ગના અને મધ્યમ તેમ જ સમૃદ્ધ ખેડૂત કુટુંબોના – કાંડા-ઘડિયાળ પહેરે છે. તેઓમાંના કેટલાક પાસે એલાર્મ ઘડિયાળ પણ હોય છે. છેલ્લાં દસેક વર્ષથી કેટલાક હાટમાં ઘડિયાળ દુરસ્ત કરનારાઓ આવતા થયા છે. ઘડિયાળ દુરસ્ત કરનારાઓ મોટે ભાગે બિન-આદિવાસીઓ હોય છે. તેઓ ઉકાઈ, વ્યારા, ઉનાઈ અને રોહિણાના હાટમાં જોવા મળે છે. આદિવાસી વિસ્તારનાં આ મોટાં ગામો અથવા કસબા છે. આ ઘડિયાળ દુરસ્ત કરનારાઓની આવક ખૂબ જ અનિયમિત હોય છે.

૪૮માંના ૨૦ હાટમાં પગરખાં દુરસ્ત કરનારાંઓની એક, બે અથવા ત્રણ દુકાનો જોવા મળે છે. તેઓ બાજુનાં ગામોમાંથી આવે છે. દુરસ્તીના કામમાંથી થતી તેમની આવક ઘણી ઓછી હોય છે. એક હાટના દિવસે રૂપિયા પાંચથી પણ ઓછી. આ લોકો સૌથી ગરીબ હોય છે.

## પરચૂરણ ચીજવસ્તુઓ અને સેવાઓ

હાટમાં કાળો ગોળ વેચનારાઓની દુકાનો હોય છે. કાળો ગોળ એ ખૂબ જ હલકા પ્રકારના પેદાશ છે. એનો ઉપયોગ મુખ્યત્વે દારૂ બનાવવામાં થાય છે. વેપારીઓ જુદાં જુદાં ગામના બજારમાં આદિવાસીઓને વેચે છે. સુરત જિલ્લાના ૨૨માંથી ૧૨ હાટમાં કાળો ગોળ વેચાય છે. આ હાટ પૈકી કેટલાક હાટમાં કાળો ગોળ વેચનારા વેપારીઓ ૪થી વધારે જોવા મળે છે. આદિવાસીઓ ઘરે દારૂ બનાવવા માટે આ ગોળ ખરીદે છે. ગોળ વેચનારા વેપારીઓ મધ્યમ આર્થિક સ્તર ધરાવે છે. હાટના એક દિવસે રૂ. ૫૦ થી ૧૦૦ સુધી તેઓ કમાય છે.

છેલ્લાં છ-આઠ વર્ષથી લોટરીની ટિકિટના એજન્ટો અને વિક્રેતાઓ આદિવાસી વિસ્તારોમાં આવતા થયા છે. તેઓએ તેમનું કાર્ય કેટલાક હાટ પૂરતું મર્યાદિત રાખ્યું છે. લોટરીની ટિકિટ વેચનારાઓ મોટાં ગામો અથવા શહેરોમાંથી આવે છે. તેઓ તેમના વેચાણ પર કમિશન મેળવે છે. વ્યારાના હાટમાં ઠેઠ સુરતથી એક માણસ દર શનિવારે લોટરીની ટિકિટ

વેચવા આવે છે. રૂ. ૬૦૦ થી ૭૦૦ની ટિકિટ એક દિવસમાં તે વેચે છે. એની દુકાને મોટી સંખ્યામાં આદિવાસીઓ ટોળે વળે છે.

છાપેલું સાહિત્ય વેચતી દુકાનો છેલ્લાં થોડાં વરસોથી કેટલાક હાટમાં શરૂ થઈ છે. આ દુકાનોમાં ભજન, વાર્તા, પ્રાર્થના કોઈ સંપ્રદાય કે તહેવાર વિશેનાં પુસ્તકો અથવા ચોપાનિયાં વેચાય છે. કેટલીક દુકાનોમાં દેવ-દેવીઓ અને સાધુ-સંતોના ફોટા વેચાય છે. તો કેટલીકમાં ફિલ્મી ગીતોની નાની નાની ચોપડીઓ પણ વેચાય છે. સોનગઢ અને ઉકાઈ જેવા મોટા હાટમાં જાતીયતાને લગતાં, પ્રેમકથાઓનાં અને સુખી લગ્ન જીવન માટેનાં સૂચનો કરતાં પુસ્તકો વેચાય છે. શિક્ષિત આદિવાસીઓ આવા ધાર્મિક અને અન્ય પ્રકારના સાહિત્યમાં રસ દાખવે છે. તેઓમાંના ઘણા આવું સાહિત્ય ખરીદે છે અને વાંચે છે. વેચનારાઓ મોટાં ગામોમાંથી આવે છે અને નિયમિતપણે જુદા જુદા હાટમાં જાય છે.

કેટલાક માણસો અંગ કસરતના પ્રયોગો રજૂ કરી આજીવિકા કમાવા હાટમાં આવે છે. કેટલાક વળી ચગડોળ વગેરે લઈને આવે છે. આદિવાસીઓ – ખાસ કરીને નાનાં બાળકો – આવી વસ્તુઓથી રાજી થાય છે. કેટલાક હાટમાં જુગાર પણ રમાય છે. જુગારનો ધંધો કરનારાઓ એકલા અથવા ૪–૫ના સમૂહમાં આવે છે. તેમની આજીવિકાનું સાધન આ જુગારનો ધંધો જ હોય છે.

## ઉપસંહાર

આદિવાસી પ્રદેશના હાટમાં વેચાવા આવતી વસ્તુઓ અને સેવાઓના ક્ષેત્ર અને પ્રકારોનું આપણે લંબાણપૂર્વક નિરીક્ષણ કર્યું. આ વસ્તુઓની વિવિધતાનું ક્ષેત્ર ખરેખર આશ્ચર્યજનક છે. એ સ્પષ્ટપણે દર્શાવે છે કે હાટ આદિવાસીઓની દૈનિક જરૂરિયાતોની ચીજવસ્તુઓ પૂરી પાડે છે. ઉપરાંત હાટ તેમના ઘર નજીક તેમની પેદાશો વેચવા માટેનું કેન્દ્ર પણ પૂરું પાડે છે. આપણે જોયું કે આદિવાસીઓ જેનાથી પરિચિત હોય છે એવી ચીજવસ્તુઓ જ મોટે ભાગે હાટમાં વેચાય છે. આ વસ્તુઓ હાટમાં ૩૦થી ૪૦ વર્ષો પૂર્વે પણ મળતી હતી. નવું જે છે તે એ કે વર્ષોના વીતવા સાથે આ વસ્તુઓનું વૈવિધ્ય વધ્યું છે. (શાકભાજીમાં, ઘરેણાંઓમાં, કાપડ અને કપડાંમાં)

આપણે જોયું કે આદિવાસીઓ નવી વસ્તુઓમાં રસ લેતા થયા છે. તેઓને આ વસ્તુઓ વસાવવાની અને વાપરવાની જરૂરિયાત લાગે છે. આમ છતાં બજારના અર્થકારણમાં દરેક વસ્તુની કિંમત હોય છે. આથી ગરીબ આદિવાસીઓ અમુક પ્રકારનું નવું કાપડ ખરીદી શકતા નથી, તેઓ હાટમાંનાં નવાં તૈયાર કપડાં પણ ખરીદી શકતા નથી, કારણ કે ભાવ તેમની પહોંચ બહારના હોય છે. આથી તેમણે કોઈક વૈકલ્પિક વ્યવસ્થા તરફ વળવું પડે છે. જૂનાં અને વપરાયેલાં કપડાં તથા પગરખાં વેચતી હાટમાંની દુકાનો આ વિકલ્પ પૂરો પાડે છે.



હાટમાં વેચાવા આવતી ચીજવસ્તુઓ નવા-જૂના બંને પ્રકારની હોય છે. જૂના પ્રકારની વસ્તુઓનું નવીન વૈવિધ્ય અને તેનો ઉપયોગ તેમ જ તદ્દન નવી વસ્તુઓ અને સેવાઓ આદિવાસીઓને તેમની જૂની ટેવોમાંથી ડગાવી નાખે છે. વપરાશની પદ્ધતિઓ બદલાય છે. આ પદ્ધતિના વિસ્તાર અને ઊંડાણ આદિવાસી સમાજના નવા આર્થિક સ્તર સાથે સંકળાયેલા જણાય છે. આપણે એમ કહી શકીએ કે આદિવાસી વિસ્તારનું આર્થિક પછાતપણું તેમ જ વાહનવ્યવહારનાં ટાંચાં સાધનો છતાં મોટા પ્રમાણમાં ચીજવસ્તુઓ અને સેવાઓ આદિવાસી સમાજમાં પહોંચ્યાં છે એ ખરેખર નોંધપાત્ર છે.

આમાંની કેટલીક ચીજવસ્તુઓ તેઓ ભૂતકાળમાં પણ ખરીદતા હતા જેમ કે કાપડ, અનાજ-કઠોળ, ખાદ્યપદાર્થો, માટીનાં વાસણો, ચાંદીનાં ઘરેણાં વગેરે. પરંતુ વર્ષોથી વેચાતી આ ચીજવસ્તુઓ પણ હવે કેટલાક ફેરફારો સાથે આવે છે. આ ફેરફાર મુખ્યત્વે વૈવિધ્યની દિશાનો છે જેમ કે એક જ ચીજવસ્તુના અનેક વૈકલ્પિક સ્વરૂપો, કાપડનું વૈવિધ્ય, શાકભાજીઓનું વૈવિધ્ય વગેરે. અથવા ઘરેણાંની નવી ડિઝાઈનો વગેરે. આ પરિવર્તન આદિવાસી લોકોની બદલાતી જરૂરિયાતો, મૂલ્યો અને પસંદગીના જવાબમાં આવ્યું છે. નવી આકાંક્ષાઓ અને પસંદગીઓ વગેરેના સર્જનની પ્રક્રિયામાં હાટ અગત્યનો ફાળો આપે છે.

# ૪

# વેપારીઓ અને તેમનાં લક્ષણો

હાટમાં આવતા વેપારીઓ બે પ્રકારના છે. પહેલા પ્રકારમાં નાના વેપારીઓ – ઉત્પાદન કરનારા અને વેચનારા – કારીગરો અને દુરસ્તીકામ કરનારાઓનો સમાવેશ થાય. તેઓ આર્થિક રીતે સીમાંત સ્તરના છે. કેટલાક તદ્દન ગરીબ છે. બીજા પ્રકારના વેપારીઓ આર્થિક રીતે ઊંચું સ્તર ધરાવનારાઓ છે. તેમનો વેપારનો નફો ઘણો સારો હોય છે. તેમનામાંના કેટલાકે ઓછા સમયમાં સારો પૈસો ભેગો કર્યો છે. આવા વેપારીઓને આપણે મોટા વેપારીઓ તરીકે ઓળખીએ છીએ. આ બંને પ્રકારના વેપારીઓ વિશે વિગતે વાત કરીએ.

## નાના વેપારીઓ

બધા જ હાટમાં આ નાના વેપારીઓની હાજરીનું પ્રમાણ ઘણું મોટું હોય છે. તેઓ તૈયાર કપડાં, માટીનાં વાસણો, કટલરી સામાન, સૌંદર્યપ્રસાધનો, શાકભાજી અને મસાલાઓ, ખાદ્યપદાર્થો તથા પીણાંઓ વેચે છે. તેમનામાંના કેટલાક ઉત્પાદનનું અને વેચાણનું એમ બંને કામ કરે છે. ઉત્પાદન કરનારાઓમાં ઘણા આદિવાસીઓ હોય છે. આ પ્રકારમાં આદિવાસી અને બિનઆદિવાસી કારીગરો પણ હોય છે: દરજી, લુહાર, હજામ વગેરે.

સંખ્યાની દૃષ્ટિએ આ પ્રકારના વેપારીઓ બહુમતીમાં હોય છે. ૪૮ હાટમાંની ૪૭૯૨ દુકાનોને સાથે લેતાં ૪૩૪૩ (૯૧ ટકા) આ નાના વેપારીઓની જોવા મળે છે. નીચેનો કોઠો એનો સમગ્રલક્ષી ચિતાર આપે છે.



### નાના વેપારીઓની દુકાનોની સંખ્ય *

| નાના વેપારનો પ્રકાર | દુકાનોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| અનાજ-કરિયાણું | ૧૯૫૪ | ૪૫ ટકા |
| ખાદ્યપદાર્થો, પીણાંઓ અને તમાકુ | ૭૪૦ | ૧૭ ટકા |
| કારીગરોની સેવાઓ | ૩૮૭ | ૮.૯ ટકા |
| કટલરી અને સૌંદર્યપ્રસાધનો | ૩૫૯ | ૮.૩ ટકા |
| તૈયાર કપડાં અને જૂનાં કપડાં | ૨૨૬ | ૫.૨ ટકા |
| ધાતુનાં ન હોય તેવાં વાસણો | ૨૦૯ | ૪.૮ ટકા |
| પગરખાં | ૧૩૧ | ૩ ટકા |
| દુરસ્તીકામ | ૭૯ | ૧.૮ ટકા |
| પરચૂરણ | ૨૫૮ | ૬ ટકા |
| | કુલ...૪૩૪૩ | ૧૦૦ ટકા |

( * અભ્યાસ હેઠળના તમામ હાટની દુકાનોનો આ સંખ્યામાં સમાવેશ થાય છે.)

મોટી સંખ્યા ધરાવતા આ નાના વેપારીઓ પૈકી ખાદ્યવસ્તુઓ વેચનારાઓ વધુ મોટા પ્રમાણમાં જોવા મળે છે. ૪૮માંના ૪૨ હાટમાં હાટદીઠ ૫૦થી વધારે નાના વેપારીઓ હોય છે. ૮ હાટમાં હાટદીઠ આ સંખ્યા ૧૫૦થી વધારે છે. ૭ હાટમાં તેમની સંખ્યા ઓછી જોવા મળે છે એટલે કે ૫૦ સુધીની. આ બતાવે છે કે નાના વેપારીઓ આ પ્રદેશના અંદરના અને ખૂબ જ પછાત ભાગોમાં પણ પહોંચ્યા છે. ઉચ્છલ તાલુકાનો કરોડ હાટ અને નિઝર તાલુકાનો રાયગઢ હાટ આનું ઉદાહરણ છે.

કેટલાક દાયકાઓ પહેલાં આદિવાસી પ્રદેશોમાં વેપારનો આટલો બધો વિસ્તાર થયો નહોતો. ફક્ત છેલ્લા ત્રણ કે ચાર દાયકાઓથી જ મોટી સંખ્યામાં નાના વેપારીઓ આદિવાસી પ્રદેશોમાં દાખલ થયા છે. આનું એક કારણ વાહનવ્યવહારની સગવડમાં થયેલો સુધારો ગણી શકાય. બીજું કારણ આદિવાસી પ્રદેશમાં આવેલું પરિવર્તન ગણી શકાય. બહારની દુનિયા સાથેના તેમના સંપર્કો હવે વધ્યા છે. રાજ્યે તેમના વિકાસ માટે કરેલી યોજનાઓ અને કાર્યક્રમો પણ સાધનરૂપ બન્યા છે. મધ્યમ અને મોટા ખેડૂતો હવે સુધરેલું બિયારણ વાપરે છે અને ખેતીની આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. તેઓ તેમના મજૂરોને રોકડમાં

વેતન ચૂકવવાની પદ્ધતિનો વધારે ને વધારે પ્રમાણમાં સ્વીકાર કરી રહ્યા છે. આ મજૂરોની સંખ્યા પણ ખાસ્સી મોટી હોય છે. વેતન નાણાંમાં ચૂકવાતું થયું હોવાને કારણે આ ખેતમજૂરો હવે તેમના જીવનની પાયાની જરૂરિયાતો માટે આ વેપારીઓ પર આધાર રાખતા થયા છે.

હાટ ભરાતા થયા ત્યારે પહેલા આવનારાઓ સામાન્ય રીતે શાકભાજીના, મસાલાના, સૂકી માછલીના, ખાદ્યપદાર્થોના અને બીડી-તપખીર વગેરે તમાકુની બનાવટોના વેપારીઓ હતા. અનાજના વેપારીઓ પણ એ જ વખતે હાટમાં પ્રવેશ્યા. તેઓ આદિવાસીઓની પેદાશોની ખરીદી રોકડ નાણાં આપીને કરતા અને આ રોકડ નાણું આદિવાસીઓને તેમની જરૂરિયાતો ખરીદવામાં સહાયભૂત થતું. ધીમે ધીમે કટલરી માલના અને સૌંદર્યપ્રસાધનોના, કાચનાં વાસણોના, પગરખાંના તથા કપડાંના એટલે કે તૈયાર કપડાંના વેચનારાઓ હાટમાં દાખલ થયા. મોટા વેપારીઓ પૈકી અનાજ અને કઠોળ ખરીદનારાઓ જ ફક્ત શરૂઆતના દિવસોમાં હાજર રહેતા. અનાજના વેપારીઓ દ્વારા આદિવાસીઓને અપાતું રોકડ નાણું કેટલેક અંશે નાના ધંધાના વિકાસમાં મદદરૂપ થતું. સુથારપાડાના હાટમાં શરૂઆતમાં એટલે કે ૧૯૫૬ના વર્ષમાં ૨૦થી વધારે દુકાનો નહોતી. આજે ૧૬૦થી વધારે દુકાનો છે. આમાંના મોટા ભાગના નાના વેપારીઓ છે.

હાટમાં આવનાર આ વેપારીઓ જુદી જુદી જ્ઞાતિઓ અને કોમના હોય છે. એમાં ઘાંચી, ખત્રી, વાણિયા, ભાવસાર, લુહાણા, મરાઠા, માળી, કોળી, ઢીમર, જૈન, ખાટકી અને વોરા (મુસલમાન) વગેરેનો સમાવેશ થાય છે. આ નાના વેપારમાં કેટલાક આદિવાસીઓ પણ હોય છે. એ પણ નોંધવા જેવું છે કે આ નાના વેપારીઓમાંના કેટલાક દૂરના પ્રદેશોમાંથી આવે છે. દાખલા તરીકે વ્યારા તાલુકાના હાટમાં કપડાંનો ધંધો કરનારા શિખરપુરી સિંધીઓ છે. તેઓ ઉત્તર-પશ્ચિમ પ્રાંતોમાંથી નિરાશ્રિતો તરીકે આવ્યા હતા. જૂનાં કપડાંના અને સૂકા મસાલાના કેટલાક વેચનારા વાઘરી કોમના હોય છે. તેઓ સૌરાષ્ટ્રમાંથી સ્થળાંતર કરીને આવેલા છે. સૂકાં શાકભાજી અને સૂકાં મરચાંના વેપારીઓ મહારાષ્ટ્રના ખાનદેશ, નવાપુર અને નંદરબાર પ્રદેશમાંથી આવે છે. તેમની માતૃભાષા મરાઠી છે આમ છતાં ગુજરાતની આદિવાસી બોલીઓનું કામચલાઉ જ્ઞાન તેમણે મેળવી લીધેલું હોય છે.



કોઈ એક ચોક્કસ વસ્તુના નાના વેપારમાં કોઈ એક જ્ઞાતિનો કે કુટુંબજૂથનો ઇજારો સામાન્ય રીતે જોવા મળતો નથી. મોટે ભાગે તો નાના વેપારની પ્રવૃત્તિમાં ખુલ્લી હરીફાઈ જોવા મળે છે. નાણાકીય સાધન અને આવડત ધરાવનાર કોઈપણ વ્યક્તિ નાના વેપારી અથવા કારીગર તરીકે કામ કરી શકે છે. આમ છતાં કેટલાક અપવાદો જોવા મળે છે ખરા. માંસનું વેચાણ મુખ્યત્વે ખાટકીઓ દ્વારા જ થાય છે. વાળ કાપવાનું કામ હજામો જ કરે છે. સૂકી માછલીઓ મોટે ભાગે માછીઓ દ્વારા જ વેચાય છે. ટોપલાઓ અને અન્ય વાંસની બનાવટો ફક્ત કોટવાળિયા આદિવાસીઓ દ્વારા જ વેચાય છે.

એમ જોવા મળે છે કે શાકભાજી, મસાલા અને ફળોના વેચાણ સાથે સંકળાયેલા ૧૯૫૪ નાના વેપારીઓમાંથી લગભગ ૮૪૦ ( ૪૩ ટકા ) આજુબાજુનાં ગામોના આદિવાસીઓ હોય છે. કેટલાક હાટમાં તો બિન-આદિવાસીઓ કરતાં તેમની સંખ્યા વધારે હોય છે. નાના વેપારમાં આદિવાસીઓની બીજી મુખ્ય વ્યાપારપ્રવૃત્તિ ચાની અને ખાદ્યપદાર્થોની દુકાનો ચલાવવાની તેમ જ તમાકુ અને તમાકુની બનાવટો વેચવાની હોય છે. તમાકુના પ્રમાણમાં તેઓ ચા અને ખાદ્યપદાર્થોની વધારે દુકાનો ધરાવે છે. આ ધંધામાં તેમને ઘણા ઓછા રોકાણની જરૂર હોય છે. તેઓમાંના ઘણા બિનઆદિવાસી દુકાનદારોને ત્યાં રહીને ખાદ્યપદાર્થો બનાવવાની કળા શીખેલા હોય છે. અને પછીથી પોતાની દુકાનો કરી હોય છે. આ આદિવાસીઓમાંના કેટલાક ગરીબ કુટુંબના હોય છે અને ફક્ત હાટના દિવસોએ જ દુકાન ચલાવે છે. બીજા દિવસોમાં પોતાની ખેતીની સંભાળ રાખે છે અથવા ખેતમજૂરી કરે છે. અડતાલીસે અડતાલીસ હાટની ખાદ્યપદાર્થો અને તમાકુની બનાવટો વેચતી ૭૪૦ દુકાનોને સાથે લેતાં ૨૯૧ અથવા ૨૫ ટકા દુકાનોની માલિકી આદિવાસીઓ ધરાવતા જોવા મળે છે.

કારીગરીનું કામ એ આદિવાસીઓની ત્રીજી મુખ્ય પ્રવૃત્તિ છે. હાટમાંના ૩૮૭ કારીગરો પૈકી લગભગ ૨૨૦ ( ૫૭ ટકા ) આદિવાસીઓ જોવા મળે છે. તેઓ દરજીનું, લુહારનું, સુથારનું અને ટોપલા બનાવવાનું કામ કરે છે. ટોપલા બનાવવા સિવાયના કામો પરંપરાગત નથી અથવા નવાં છે. જેઓ દરજી તરીકેનું કામ કરે છે તેઓ એ કામ કસબા અથવા શહેરની દુકાનોમાં શિખાઉ કારીગરો તરીકે અથવા નોકરી કરીને શીખ્યા હોય છે. કેટલાંકોએ તાલુકાસ્થળોએ અથવા શહેરોમાં સરકાર દ્વારા

ચલાવાતાં તાલીમકેન્દ્રોમાં તાલીમ લીધી હોય છે. તેઓમાંના એકનું કહેવું છે કે ખેતીકામ કરતાં દરજીકામ વધારે સ્થાયી અને સલામત ધંધો છે.

આ સિવાયના ધંધાઓમાં આદિવાસીઓ કરતાં બિન-આદિવાસીઓનું પ્રમાણ વધારે છે. લગભગ આ કોઠા પ્રમાણેનું.

| ધંધો | આદિવાસી | બિન-આદિવાસી |
|---|---|---|
| કટલરી | ૮૬ | ૨૮૩ |
| માટીનાં અને કાચનાં વાસણો | ૧૧ | ૧૯૮ |
| તૈયાર કપડાં | ૧૮ | ૨૦૦ |
| પગરખાં | ૧૧ | ૧૨૦ |
| દુરસ્તીકામ | ૨૦ | ૫૯ |
| ચોપાનિયાં દેશી દવા વેચાણ અથવા મનોરંજન | ૫૨ | ૨૦૬ |

હાટના બધા વેપારીઓ 'બહારના' હોતા નથી. પછી ભલે એ શબ્દ આદિવાસી પ્રદેશના અંદરના ભાગના વેપાર સંદર્ભે પ્રચલિત હોય. સારી એવી સંખ્યામાં આદિવાસીઓ પણ આ વેપારમાં છે. જે ૪૩૪૩ માણસો નાનો વેપાર કરે છે તેમાંના લગભગ ૧૫૪૬ ( ૩૬ ટકા ) આદિવાસીઓ જોવા મળે છે.

આદિવાસીઓ વેપારમાં પડ્યા છે એ હકીકત પોતે સૂચક છે. હાટના વેપારનો તેઓ એક ભાગ બન્યા છે તેનું આ ઉપરથી સૂચન મળે છે. તેઓ રોકડ નાણાં લઈ માલ વેચે છે અથવા સેવાઓ આપે છે. તેઓ વજનનો અને માપનો ઉપયોગ કરે છે. તેઓ વેપારની પ્રવૃત્તિ માટે નાણાં ઉછીનાં પણ લે છે. નજીકના કસબા અથવા શહેરમાં જથાબંધ અથવા છૂટક વેપારીઓ સાથે તેઓ સંપર્ક રાખે છે. ઉપરાંત ઝડપી વેચાણ માટે બિન-આદિવાસી વેપારીઓ સાથે હરીફાઈ પણ કરે છે.

નાના વેપારીઓ ( આદિવાસીઓ અને બિન-આદિવાસીઓ બંનેનું) આર્થિક સ્તર મોટા વેપારીઓ કરતાં ચોક્કસપણે ઊતરતી કક્ષાનું હોય છે પરંતુ તેમની કમાણી ખેતમજૂરો કરતાં સારી હોય છે. કોઈપણ પ્રકારના નાના વેપારીની રોજની કમાણી રૂ. ૪ થી રૂ. ૩૫ સુધીની રહે છે. સૌથી ઓછી કમાણી દુરસ્તીનું કામ કરનારાઓની હોય છે અને તેમાં પણ પગરખાં દુરસ્ત કરનારાઓની ખાસ. ખાદ્યપદાર્થો વેચનારા સૌથી વધારે એટલે કે રૂ. ૨૦ થી ૩૫ કમાય છે.



આમ છતાં તેઓની કમાણી નિયમિત હોતી નથી. તેઓમાંના દરેકે તેમનો માલ અથવા સેવા વેચવા ભારે પુરુષાર્થ કરવો પડે છે. હાટ જેટલો મોટો હોય તેટલી એકસરખો અથવા એક જ પ્રકારનો માલ અથવા એવા વેચનારાઓની સંખ્યા પણ મોટી એટલે કે ગળાકાપ હરીફાઈ. વ્યારા, સોનગઢ, પંચોલ અને સુથારપાડાના હાટમાં આવી તીવ્ર હરીફાઈ જોવા મળે છે. આવી જ હરીફાઈ કારીગરો સહિત બધા જ ગૌણ ચીજવસ્તુઓ વેચનારાઓમાં જોવા મળે છે. સુથારપાડા હાટમાં આદિવાસી દરજીઓ કામ મેળવવા એકબીજા સાથે હરીફાઈ કરતા જોવા મળે છે. જેવો કોઈ આદિવાસી પુરુષ યા સ્ત્રી સીવવા માટેનું કાપડ લઈને આવે છે કે તેઓ બધા જ તેમની તરફ ધસી જાય છે.

નાના વેપારીઓની દુકાનો નાની હોય છે. હાટમાં તેઓ ઘણી જ ઓછી જગ્યા રોકે છે. તેઓમાંના ઘણાની દુકાનો ખુલ્લામાં હોય છે. બહુ ઓછા પાસે તંબુપ્રકારની વ્યવસ્થા હોય છે. કેટલાક તો ઉનાળાના દિવસોમાં સૂર્યના સખત તાપમાંથી રક્ષણ મેળવવા માટે છત્રીનો ઉપયોગ પણ કરે છે. બીજું, તેઓમાંના ઘણા બધું જ કામ જાતે કરી લે છે. મદદ માટે કોઈ માણસને તેઓ રોકતા નથી. ખાદ્યપદાર્થોની કેટલીક દુકાનોમાં મદદ માટે ખપપૂરતો એક નોકર રાખેલો હોય છે. કારીગરો સામાન્ય રીતે તેમના કુટુંબના સભ્યોને મદદ માટે લઈ આવે છે. ટોપલા બનાવનાર કોટવાળિયા, સુથારો, સાઇકલનું સમારકામ કરનારા, તમાકુના વેપારીઓ અને તૈયાર કપડાંના વહેપારીઓ તેમના કુટુંબના સભ્યો સાથે આવે છે. તેઓ નોકરો રાખવાની ક્ષમતા ધરાવતા હોતા નથી. ઘણી વાર તેઓ એકબીજાને સહકાર આપે છે. એક ગામના હાટમાંથી બીજા ગામના હાટમાં તેઓ સાથે મુસાફરી કરે છે. તેઓ એકબીજાને પૈસાની પણ મદદ કરે છે.

તેમના મોટા ભાગના ગ્રાહકો જમીનવિહોણા અથવા નાના આદિવાસી ખેડૂતો હોય છે એટલે કે આદિવાસી સમાજના નબળા સ્તરના લોકો. આથી મોટે ભાગે રોકડ વ્યવહાર ચાલતો હોવા છતાં નાના વેપારીઓ કેટલાક કિસ્સાઓમાં ઉધાર ચીજવસ્તુઓ પણ આપે છે. એ જરૂરી પણ હોય છે. નાના વેપારીઓ પોતાના બધા જ ગ્રાહકોને રોકડ ચૂકવણી માટે દબાણ કરી શકતા નથી.

આદિવાસી અને બિન-આદિવાસી બંને પ્રકારના નાના વેપારીઓ

અનાજના વેપારીઓની ખાસ ટીકા કરે છે. તેઓ કહે છે, 'અનાજના વેપારીઓ લૂંટારા છે, સુધરેલા માણસો નથી. આદિવાસીઓને તેઓ વજનમાં અને માલની ગુણવત્તામાં છેતરે છે. તેઓ તેમના માલની ખૂબ ઓછી કિંમત ચૂકવે છે.' આ લોકોની આવી આકરી ટીકા માટે સમજી શકાય તેવી ભૂમિકા પણ છે. નાના વેપારીઓનાં આર્થિક હિતો મોટા વેપારીઓની પ્રવૃત્તિઓથી અને ખાસ તો અનાજ ખરીદનારા વેપારીઓની પ્રવૃત્તિઓથી અસર પામે છે. મોટા ભાગના હાટમાં આદિવાસીઓ તેમનું અનાજ પહેલાં મોટા વેપારીઓને આપી દે છે અને બદલામાં રોકડ રકમ મેળવે છે. આ રોકડ રકમ મેળવ્યા બાદ એ જ હાટમાંથી તેઓ તેમની જરૂરિયાતો ખરીદે છે. સુથારપાડાના હાટમાં અનાજનો એક વેપારી એકલો જ અનાજ, કઠોળ અને મધ ખરીદે છે. અને આદિવાસી ખેડૂતોને લગભગ રૂ. ૫૦૦૦ સુધીની રકમ ચૂકવે છે. હકીકતમાં, આદિવાસીઓ સીધા જ તેની પાસે જાય છે. અનાજ વેચીને રોકડ નાણું મેળવે છે અને પછી જીવનની અન્ય જરૂરિયાતો નાના વેપારીઓ પાસેથી ખરીદવા માટે ફરે છે.

મોટા વેપારીઓ ભાવમાં અથવા વજનમાં અથવા બંનેમાં છેતરપિંડી કરે છે. આદિવાસી ખેડૂતોને તેમની પેદાશોનાં ઓછાં નાણાં મળે છે. આથી તેઓ ઓછી સંખ્યામાં ચીજવસ્તુઓ ખરીદે છે અથવા જરૂરિયાતની વસ્તુઓ ઓછા પ્રમાણમાં ખરીદે છે. આથી નાના વેપારીઓ, કારીગરો અને સમારકામ કરનારાઓ પર અવળી અસર પડે છે.

## મોટા વેપારીઓ

હાટના મોટા વેપારીઓ ચાર પ્રકારની ખાસ ચીજવસ્તુઓ સાથે સંકળાયેલા છે: (૧) વન્ય પેદાશો તથા અનાજ-કઠોળ (૨) કાપડ (૩) વાસણો અને (૪) ઘરેણાં.

## અનાજકઠોળના વેપારીઓ

અનાજકઠોળના વેપારીઓ કસબાઓ અથવા શહેરોમાં રહે છે. તેઓનાં ઘર તથા કાયમી દુકાનો ત્યાં હોય છે. મોટા હાટમાં તેઓ પોતે જાય છે જ્યારે પ્રમાણમાં નાના હાટમાં તેમના સગાંસંબંધીઓને, એજન્ટોને કે દલાલોને મોકલે છે. આદિવાસીઓ પાસેથી તેઓ અનાજ અને કઠોળ ખરીદે છે. તેઓ વન્ય પેદાશો પણ ખરીદે છે, ખાસ કરીને બિયાં અને મધ. જ્ઞાતિએ તેઓ ઘાંચી, વાણિયા, મરાઠા, વોરા (મુસલમાનો),



લુહાણા અને જૈન હોય છે. અનાજના વેપારમાં કોઈ આદિવાસી વેપારી નથી. તેઓ કાપણીની મોસમમાં – ઓકટોબરના મધ્યથી ફેબ્રુઆરીના મધ્ય સુધી – વિશેષ સક્રિય હોય છે. ઉનાળો બેસતાં જ તેઓ હાટમાં આવવાનું બંધ કરે છે.

અનાજના વેપારીઓ આ પ્રદેશમાં ઠીક લાંબા સમયથી આવે છે. ચીખલી, વ્યારા અને વાલોડ વિસ્તારના હાટમાં તેઓ ઠેઠ ૧૯૨૦ પહેલાંથી આવે છે. વાંસદા અને ધરમપુર વિસ્તારમાં તેઓ ૧૯૩૦થી આવે છે. અગાઉ એટલે કે વ્યવસ્થિતપણે હાટ ભરાતા થયા તે પહેલાં તેઓ અનાજકઠોળ ખરીદવા જુદાં જુદાં ગામોમાં જતા. કેટલાક વેપારીઓએ હજી આજે પણ આદિવાસી ગામો સાથે સંપર્ક જાળવી રાખ્યા છે. અને ગામડાંના સ્તરે તેઓ મોટા જથ્થામાં અનાજકઠોળ ખરીદે છે. અનાજનો વેપાર કેટલાંક કુટુંબોમાં પેઢી દર પેઢી ચાલતો આવ્યો છે. તેઓમાંના કેટલાકે આદિવાસી વિસ્તારોમાં સ્થાવર મિલકતો પણ વસાવેલી છે. તાલુકાસ્થળોએ પણ તેમની મોટી દુકાનો હોય છે. આ વેપારીઓમાંના કેટલાક થોડાક દસકા પહેલાં સામાન્ય સ્થિતિ ધરાવતા હતા અને પગે ચાલીને અથવા ભાડાના બળદગાડાંમાં અનાજ ભેગું કરવા આવતા. ત્રીસેક વર્ષ પહેલાંની આ વાત. આજે તેઓ ટ્રક અને ટ્રેકટરના માલિકો છે.

હાટ ઉપર તેમની મજબૂત પકડ જોઈ શકાય છે. હાટમાંની તેઓની દુકાનો સૌથી મોટી હોય છે. સુથારપાડા, ઉકતા, નાના પોંઢા અને બીજાં ઘણાં સ્થળોએ તેઓએ મોટાં મકાનો બનાવ્યાં છે. તેઓ નોકરો રાખે છે. આ નોકરો વજન કરવાનું, પેકિંગનું, માલ ચઢાવવા-ઉતારવાનું તેમ જ પરચૂરણ કામો વેપારીઓ માટે કરે છે.

અનાજના વેપારને લાગેવળગે છે ત્યાં સુધી હાટમાં બે પ્રકારની સ્થિતિ પ્રવર્તે છે. પહેલા પ્રકારની સ્થિતિમાં **મોટા શેઠ** તરીકે ઓળખાતો એક વેપારી અનાજની અને વન્ય પેદાશોની ખરીદીની પ્રવૃત્તિ ઉપર પૂરેપૂરો કાબૂ ધરાવે છે. હાટની વચ્ચેના ભાગમાં તે પોતાની દુકાન લગાવે છે. જ્યારે થોડેક અંતરે તેના એજન્ટો દુકાન લગાવે છે. ધરમપુર તાલુકાના સુથારપાડામાં આમ જોવા મળે છે. હાટ પૂરો થવાના સમયે **મોટા શેઠ** તેમના એજન્ટો પાસેથી અનાજ ભેગું કરી લે છે અને કમિશન આપી દે છે. આ વેપારી ઇજારદાર વેપારી છે. તે ખરીદીના ભાવ નક્કી કરે છે અને હરીફાઈ ચાલવા દેતા નથી.

બીજા પ્રકારની સ્થિતિમાં વેપારીઓ એક કરતાં વધારે હોય છે અને ઇજારાશાહી કોઈની હોતી નથી. આમ છતાં તેઓની વચ્ચે એક છૂપી સમજણ પ્રવર્તતી હોય છે. સૌ પ્રથમ તેઓ ખરીદીનો ભાવ નક્કી કરે છે અને આમ અહીં પણ હરીફાઈ અટકાવવામાં આવે છે. પોતાનો માલ ખરીદનાર એક કરતાં વધારે વેપારીઓ હોવા છતાં આદિવાસી વેપારીઓને એથી કોઈ ફાયદો થતો નથી. ઉકતા, નાના પોંઢા અને બીજાં કેટલાંક સ્થળોએ આવી પરિસ્થિતિ જોવા મળે છે. ઉમરડાના હાટમાં ચાર વેપારીઓએ સંયુક્ત રીતે મૂડી ઊભી કરી છે (દરેકના રૂા. ૧૦૦૦). તેઓ સંયુક્તપણે જ અનાજ ભેગું કરે છે. તેઓ તેમનો નફો સમાન રીતે વહેંચી લે છે. ખરીદીના ભાવ તેઓ નક્કી કરે છે અને કોઈ પણ રીતે હરીફાઈ ટાળે છે.

આદિવાસીઓ પૈકીના નાના અને મધ્યમ ખેડૂતો મોટે ભાગે અનાજ, કઠોળ વગેરે ખાસ આ વેપારીઓને વેચવા માટે લાવે છે. સમૃદ્ધ ખેડૂતો તેમનો માલ મંડીઓ (જથાબંધ બજાર)માં અથવા મુખ્ય તાલુકાકેન્દ્રો પર સ્થપાયેલ ખરીદી-વેચાણ બજાર-સમિતિઓને વેચે છે. પોતાના અપેક્ષિત ભાવ મળે ત્યાં સુધી તેઓ પોતાનો માલ સંગ્રહી રાખે છે. બીજી બાજુ કેટલાક ગરીબ અને મધ્યમ ખેડૂતોમાં આ શક્તિ હોતી નથી. ખેડૂતોના બે વર્ગો – નાના અને મધ્યમ ખેડૂતો – તેમના માલ સાથે હાટમાં આવે છે. અને આ ખેડૂતોએ વેપારીની ઇજારાશાહીનો અથવા ઇજારાશાહી ધારાધોરણોનો સામનો કરવો પડે છે.

કાપણીની મોસમમાં વેપારીઓ મોટા જથ્થામાં અનાજ ખરીદે છે. (કોઠો ૪ કેટલાક હાટમાં થતા તેમના સંચયનો ખ્યાલ આપે છે.) તેમનું રોકાણ પણ મોટું રહે છે: ૧. હાટમાં એક વેપારીદીઠ રૂ. ૧૦૦૦થી રૂ. ૫૦૦૦ સુધીનું. આનો અર્થ એ કે એક વેપારી તેની પાસે પોતાનો માલ વેચવા આવનાર આદિવાસી ખેડૂતોને આટલી રકમ ચૂકવી અનાજ ખરીદે છે. તેમનો વેપાર તેમના રોકાણ પર તેમને સારું વળતર આપે છે. જોકે તેઓ કેટલું કમાય છે તે કોઈ સ્પષ્ટ કહેતું નથી. પરંતુ એક વેપારીનું કહેવું છે કે તેમનો નફો ૨૦થી ૨૫ ટકા જેટલો રહે છે. પરંતુ આપણે ધારીએ કે તેઓ ફક્ત ૧૦ ટકા જ નફો કમાય છે તોપણ તેમનું એક મહિનાના ફક્ત ૨૦ દિવસનું કાર્ય તેમનામાંના સૌથી નાના વેપારીને પણ રૂ. ૨૦૦૦નો ચોખ્ખો નફો કમાવી આપે – અર્થાત્



ફક્ત રૂ. ૧૦૦૦ એક હાટમાં રોકનારને આટલો ફાયદો થાય. મોટામાં મોટા વેપારી એક મહિનામાં લગભગ રૂ. ૧૫૦૦૦ કમાય છે. આ તેનો ચોખ્ખો નફો છે. આ બતાવે છે કે આદિવાસી વિસ્તારોમાં અનાજનો વેપાર કેટલો નફાકારક છે. હાટમાં આ વેપારીઓના પ્રભુત્વનો પણ આના પરથી ખ્યાલ આવે છે.

આ વેપારમાં પડેલા વેપારીઓ બધા જ પ્રકારની ગેરરીતિઓ અજમાવે છે. આદિવાસીઓને તેઓ મુખ્યત્વે વજનમાં છેતરે છે. ઘણા આદિવાસીઓ તેઓના વજન-માપ અંગે શંકા કરે છે. એક માહિતી આપનાર જણાવે છે તે મુજબ દર ૨૦ કિલોના વજન ઉપર તેઓ ૪થી ૫ કિલો વધારે લઈ લે છે. ચોરવણીમાં તેઓ પ્રથમ ૫ કિલો અનાજ ભેટ અથવા 'લાભ' તરીકે આદિવાસીઓ પાસેથી લે છે. તેઓ એ માટે નાણાં ચૂકવતા નથી.

અનાજના વેપારીઓ સારી લાગવગ ધરાવે છે અને નાના અધિકારીઓ પર સત્તા ચલાવે છે પછી તે પોલીસપટેલ હોય, બજારનિરીક્ષક હોય કે પોલીસ કોન્સ્ટેબલ હોય. ધરમપુર તાલુકાનો હાટનો એક વેપારી સ્પષ્ટપણે કહે છે કે તાલુકાના પોલીસના માણસોને અને તેમના ઉપરીઓને તે લાંચ આપે છે. તેની એક નાની ડાયરીમાં પોલીસના માણસોને તેમ જ અન્ય નાના અધિકારીઓને તે જે રકમ આપે છે તેનો નિયમિત હિસાબ રાખે છે. આ લાંચ તેના વેપારના કાર્યને કોઈપણ પ્રકારની અગવડ અથવા વિઘ્નથી દૂર રાખવામાં સહાયભૂત થાય છે.

ધરમપુર તાલુકાના કેટલાક હાટમાં વેપારીઓ પોતાના માલનું પોટકું માથે મૂકીને જતા આદિવાસીઓનો પીછો કરે છે. અને એ માલ પોતાને વેચવા માટેનું દબાણ કરે છે. મનફાવે તે રીતે એ માલનું તેઓ વજન કરે છે અને નાણાં ચૂકવે છે. કેટલાક આદિવાસીઓ અભણ હોય છે. તેઓ વજન, માપ અને બજારભાવથી વાકેફ હોતા નથી. તેઓ ભાવની ગણતરી કરી શકતા નથી તેમ જ પોતાના માલના જથ્થાનો પણ અંદાજ લગાવી શકતા નથી. આદિવાસીઓનું આ અજ્ઞાન વેપારીઓને વિશેષ લાભકારક નીવડે છે. વલસાડ જિલ્લાના અત્યંત પછાત એવા વાંસદા અને ધરમપુર તાલુકાઓમાં 'દાબદબાણ હેઠળના વેચાણ'ના સંખ્યાબંધ કિસ્સા બને છે. તો વળી સોનગઢ, વ્યારા વગેરેમાં પણ ખેડૂતો તેમના માલનો વાજબી ભાવ મેળવી શકતા નથી.

## કાપડના વેપારીઓ

કાપડના વેપારીઓ લગભગ બધા જ હાટમાં આવે છે. બધું મળીને ૪૬ હાટમાં ૨૪૫ કાપડના વેપારીઓ જોવા મળે છે. એટલે કે હાટદીઠ પાંચ. પરંતુ કેટલાક હાટમાં બીજા હાટ કરતાં કાપડના વધુ વેપારીઓ પણ હોય છે.

આદિવાસીઓ કાપડના આ વેપારીઓને 'મોટા શેઠ' કહે છે. અને નાના વેપારીઓથી જુદા પાડે છે. કાપડના આ વેપારીઓ શહેરમાં અથવા કસબાઓમાં રહે છે: બારડોલી, વ્યારા, મઢી, ગણદેવી, ખેરગામ, ધરમપુર, વાંસદા, ચીખલી વગેરે. તાલુકાના અગર કસબાના સ્થળે તેમની કાયમી દુકાનો હોય છે. જ્ઞાતિએ તેઓ વાણિયા, ભાવસાર, લુહાણા, ઘાંચી અને વોરા હોય છે. તેઓમાં કોઈ આદિવાસી નથી. કહેવાય છે કે કાપડના આ વેપારીઓમાંના ઘણા ૪૦-૫૦ વરસ પહેલાં એક ગામથી બીજે ગામ જતા. મિલનું કાપડ વેચવા તેઓ જંગલના અંદરના ભાગમાં આવેલાં ગામોમાં જતા. ખેતીની પેદાશોના બદલામાં તેઓ કાપડ આપતા. તેઓ ઉધાર માલ પણ આપતા અને કાપણીની મોસમમાં નાણાંના અથવા અનાજના સ્વરૂપમાં તેની વસૂલાત કરતા.

જ્યારે હાટ ભરાતા થયા ત્યારે તેઓએ પોતાની દુકાનો તેમાં ગોઠવી. આદિવાસી ગ્રામજનો સાથેના તેમના અગાઉના સંપર્કો તેમનો ધંધો વિકસાવવામાં સહાયભૂત પુરવાર થયા. કેટલાક વેપારીઓએ ૨૦-૨૫ વરસ સુધી ફેરીઓ કરીને તેમ જ હાટમાં વેપાર કરીને હવે પોતાની કાયમી દુકાનો તાલુકાસ્થળોએ બનાવી છે. તાલુકાના મુખ્ય મથક ચીખલીના કાપડના કેટલાક વેપારીઓ અગાઉના હાટના વેપારીઓ છે. ધરમપુરમાં પણ આવા અગાઉ ફેરી કરનારાઓની અને હાટમાં વેપાર કરનારાઓની ૪.૫ ટકા કાયમી દુકાનો છે. વાંસદા, વ્યારા, ઉનાઈ, વાપી, ઉદવાડા વગેરે ગામોમાં પણ કાપડના હાલના આગળ પડતા વેપારીઓ ભૂતકાળમાં હાટમાં વેપાર કરતા હતા.

કાપડના વેપારીઓની હાટમાં મોટી દુકાનો હોય છે. સોનગઢમાં દરેક વેપારી લગભગ ૧૫૦થી ૨૦૦ ચોરસ ફીટ જેટલી મોટી જગ્યા ધરાવે છે. આ વેપારીઓમાંના ઘણા વેપારીઓ નોકરો રાખે છે, જેઓ મોટે ભાગે એ જ પ્રદેશના આદિવાસીઓ હોય છે. એક-બે કામચલાઉ નોકરો ઉપરાંત તેઓ ૨ થી ૩ કાયમી નોકરો પણ રાખે છે.



સુથારપાડા, ઉકતા, સોનગઢ અને વ્યારાના હાટમાં કાપડના આ વેપારીઓ બળદગાડાં, જીપ, કાર અથવા સ્ટેશનવેગન જેવાં પોતાનાં વાહનોમાં આવે છે. બાજીપુરા હાટમાં કાપડનો એક વેપારી જીપમાં આવે છે જે તેણે તાજેતરમાં જ ખરીદી છે. સુથારપાડા હાટમાં કાપડના વેપારીઓ મહારાષ્ટ્ર રાજ્યના નાસિક અને પેંઠમાંથી આવે છે. કાપડ ભરેલા પોતાના સ્ટેશનવેગનોમાં તેઓ આવે છે. તેમને તેમના રોકાણનું સારું વળતર પણ મળે છે. કાપડના આ વેપારીઓ આદિવાસીઓના રિવાજો અને વિધિઓથી પરિચિત હોય છે. તેઓ આદિવાસી બોલીઓ જાણે છે અને ઝડપથી બોલી પણ શકે છે.

કાપડના વેપારીઓ તેમના હાટના વેપારમાં સારી રકમ કમાય છે. હાટના એક દિવસનો તેમનો નાણાંકીય ગલ્લો રૂ. ૫૦૦થી ૫૦૦૦ સુધીનો અંદાજવામાં આવે છે. ખાસ શિયાળાના દિવસોમાં અને દિવાળીના તહેવારોમાં તેમની કમાણી ઊંચામાં ઊંચી રહે છે. ચીખલીના કાપડના એક વેપારીનું કહેવું છે કે એક હાટ તેમને દર મહિને રૂ. ૧૦૦૦થી ૩૦૦૦ સુધીની ચોખ્ખી આવક મેળવી આપે છે. માલનો જથ્થો જેટલો વધારે અને આદિવાસી પ્રદેશોના હાટને આવરી લેવાની તેમની ગતિશીલતા જેટલી વધારે તેટલો વધારે નફો કાપડના આ વેપારીઓ મેળવી શકે છે. તેમના નફાનો ચોક્કસ અંદાજ લગાવવાનું મુશ્કેલ છે કારણ કે અનાજના વેપારીઓની જેમ કાપડના વેપારીઓ પણ તેમની સાચી આવક બાબત ખૂબ જ ગુપ્તતા જાળવે છે. આમ છતાં સરળતાથી જોઈ શકાય છે કે હાટના મોટા વેપારીઓમાં કાપડના વેપારીઓ પણ પ્રભુત્વ ધરાવતું એક જૂથ બન્યા છે. ટૂંકા ગાળામાં કેટલાક આર્થિક રીતે ખૂબ ઊંચા આવ્યા છે. બાજીપુરામાં કાપડનો એક વેપારી દસ વરસ પહેલાં ફેરીનો ધંધો કરતો હતો. તે આદિવાસી ગામોમાં પગે ચાલીને કાપડની ફેરી કરતો. આજે તેની પાસે જીપ ગાડી છે. તેણે કાયમી ત્રણ નોકરો રાખ્યા છે જેમની સાથે અઠવાડિયામાં બીજા પાંચ હાટમાં પણ તે જઈ શકે છે. બારડોલી ગામમાં તેની પોતાની કાપડની કાયમી દુકાન પણ છે.

વેપારીઓ કાપડ ઉધાર આપે છે. ઉધારીની રકમ કુટુંબદીઠ રૂ. ૫૦૦ સુધીની રહે છે. તેઓ આ રકમ પર વ્યાજ પણ લે છે. કાપડના વેપારીઓ આદિવાસી ખેડૂતોને રોકડ રકમ પેશગી રૂપે પણ આપે છે.

આદિવાસીઓ પોતાની બીજી સંભવિત જરૂરિયાતો માટે તેઓ પાસે નાણાં ઉછીનાં લે છે. માહિતી આપનાર કેટલાકના જણાવ્યા મુજબ ૬ માસ માટે ઉછીનાં અપાયેલાં નાણાં ઉપર તેઓ ૨૦ ટકા વ્યાજ લે છે. ઉધાર અપાયેલ કાપડ કે ઉછીની અપાયેલી રકમ એમ બંને પ્રકારની સગવડ આપતી વખતે તેઓ પોતાનાં નાણાં ડૂલે નહિ તે માટે જરૂરી સાવચેતી રાખે છે. જેમની પાસે ખેડાણલાયક જમીન હોય અથવા આવકનાં અન્ય સાધનો હોય તેમને જ ઉધાર માલ અથવા ઉછીની રકમ તેઓ આપે છે. એટલે કે સરકારી કર્મચારીઓ હોય તેવાઓને અથવા કોન્ટ્રાક્ટ ઉપર કામ કરતા મજૂરો વગેરેને. વળી, આ ઉધાર-ઉછીનો વ્યવહાર પોતાના જાણીતાં વર્તુળ પૂરતો જ તેઓ મર્યાદિત રાખે છે. આ ઉછીનાં નાણાં આપવાની પ્રવૃત્તિ કાપડના વેપારીઓને બીજી ઘણી રીતે મદદ કરે છે. કાપડના એક વેપારીનું કહેવું છે કે, 'એક વાર તેઓને ૨૮૦ રૂપિયા જેટલી નાની રકમની મદદ કરવામાં આવે એટલે તેઓ અમારા કાયમી ગ્રાહક બની જાય છે. પોતાને માટે અથવા પોતાના સંબંધીઓ માટે જ્યારે પણ તેમણે કાપડ ખરીદવાનું હોય ત્યારે તેઓ ફક્ત અમારી દુકાને જ આવે છે. બહુ ઓછા એવા નીકળે કે જેઓ પૈસા અમારી પાસેથી લે ને કાપડ બીજાઓની દુકાનેથી ખરીદે.'

આદિવાસી પ્રદેશમાં ખેતીવિષયક પરિસ્થિતિ જેવી કે પાકના સંજોગો વગેરે ઉપર કાપડના આ વેપારીઓ હંમેશ બારીક નજર રાખે છે. તેઓ એ વિશે જાગૃત રહે છે કે જો પાક નિષ્ફળ જશે તો તેમના હાટના વેપારને અસર પહોંચશે. તેઓ એ પણ જાણે છે કે તેમના ઘણા બધા દેણદારો તેમનું દેવું ચૂકવવામાં વિલંબ કરશે. આથી ઉનાળાના દિવસોમાં કાપડના આ વેપારીઓ આદિવાસીઓ પાસેથી પાકની ભવિષ્યની પરિસ્થિતિ કેવી રહેશે, તેમની ખેતીની તૈયારી કેવી છે વગેરે વિશે ચોકસાઈપૂર્વક માહિતી મેળવે છે.

તેઓ આદિવાસી સમાજમાં પ્રભાવ ધરાવનાર વર્ગ સાથે નજીકના અને ગાઢ સંબંધો રાખે છે. ખાસ કરીને મધ્યમ તેમ જ સમૃદ્ધ ખેડૂતો સાથે. તેઓ આ લોકોને ઉછીનાં નાણાં અથવા ઉધાર કાપડ થોડી ઉદાર શરતોએ અને ખાસ કશા ખંચકાટ વગર આપે છે. કેટલાંક આદિવાસી કુટુંબો સાથે આ વેપારીઓએ ઘર જેવા સંબંધો પણ વિકસાવ્યા છે. આવાં કુટુંબોના લગ્ન, મૃત્યુ, માંદગી વગેરે પ્રસંગોએ હાજરી આપવાનું



આ વેપારીઓ ચૂકતા નથી. રસિક વાત એ છે કે આ આદિવાસીઓ જ્યારે તેમની દુકાનેથી લગ્નપ્રસંગ માટે કાપડ ખરીદે છે ત્યારે આ વેપારીઓ તેમને એક મીટર સફેદ કાપડ અને સવા રૂપિયો અચૂક આપે છે. તેઓ કહે છે કે આ તેમના તરફની ભેટ છે જેને 'ચાંદલો' કહેવામાં આવે છે. સમયને માન આપવાની વેપારીઓની આ તરકીબ છે.

જમીનવિહોણા આદિવાસીઓ માટે આ વેપારીઓને જરા પણ માન હોતું નથી. હકીકતમાં કાપડનાં કેટલાક વેપારીઓ આ લોકોને ચોર, દારૂડિયા અને આદિવાસી સમાજના બેજવાબદાર તત્ત્વો તરીકે ઓળખે છે. છેલ્લાં પાંચ-સાત વરસથી કાપડના વેપારીઓ તેમની સલામતી માટે વધુ ને વધુ સાવચેતી રાખતા થયા છે. તેઓમાંના કેટલાકોએ ત્રણે બાજુ-ઓથી બંધ એવા તંબુઓ બનાવવા માંડ્યા છે, કારણ કે ચોરીના બનાવો વધી રહ્યા છે. તેઓ તેમના નોકરોને પોતાની દુકાનની આસપાસ આંટા મારતા આદિવાસીઓ ઉપર ચાંપતી નજર રાખવા કહે છે.

## ધાતુનાં વાસણોના વેપારીઓ

વાસણના વેપારીઓ પણ મોટા વેપારીઓ છે. કાપડના વેપારીઓની જેમ વાસણના વેપારીઓ પણ કેટલાક હાટમાં કેન્દ્રિત થયેલા જોવા મળે છે. અમારા અભ્યાસના ૪૮ હાટમાંથી ૩૦ હાટમાં તેઓ નિયમિતપણે આવે છે. કાપડના વેપારીઓની જેમ વાસણના વેપારીઓ પણ ૩૦ હાટમાં સમાનપણે વહેંચાયેલા હોતા નથી. ૪૬માંથી ૧૩ એટલે કે ત્રીજા ભાગની દુકાનો ૪ જુદા જુદા તાલુકાઓના ૪ હાટમાં કેન્દ્રિત થયેલી જોવા મળે છે. હાટનાં આ સ્થળો છે : સોનગઢ, વાંકલ, લુહારી અને સુરાલી. અન્ય સ્થળોએ વાસણ વેચનારા વેપારીઓ આવતા નથી (૧૮ હાટ); અથવા ૩ કરતાં ઓછા વેપારીઓ આવે છે (૨૬ હાટ); બારડોલી તાલુકાના સુરાલી હાટમાં ૪ વેપારીઓ આવે છે જે મોટામાં મોટી સંખ્યા કહેવાય. એ પણ યાદ રાખવા જેવું છે કે આમાંના ત્રણ હાટ સોનગઢ, લુહારી અને સુરાલીમાં કાપડના વેપારીઓનું પણ કેન્દ્રીકરણ થયેલું છે.

વાસણના વેપારીઓ પણ પોતાની મદદ માટે ૨–૩ કાયમી નોકરો રાખે છે. આ વેપારીઓ પણ આદિવાસી બોલીઓથી પરિચિત હોય છે. વાસણના વેપારીઓમાં એક પ્રકારની છાની સમજ પ્રવર્તતી હોય છે. તેઓ ગ્રાહકોને તેમના હરીફ પાસેથી પોતાના તરફ ખેંચવાનો પ્રયત્ન કરતા નથી. આનું પરિણામ એ આવે છે કે આદિવાસીઓ વાસણના

વેપારીઓ સાથે ભાવતાલમાં ભાગ્યે જ કશી બાંધછોડ કરી શકે છે. વાસણના વેપારીઓ એકબીજાને સહકાર આપવામાં માને છે અને તેથી હાટમાં તેમની વચ્ચેની હરીફાઈ અટકે છે.

આ વેપારીઓ કસબા અથવા શહેરમાં રહે છે. ત્યાં તેમની કાયમી દુકાનો હોય છે. કુટુંબનો એક સભ્ય હાથમાં ફરે છે જ્યારે બીજા ગામ-માંની તેમની દુકાનનું ધ્યાન રાખે છે. તેમની પાસે મોટે ભાગે બળદગાડાં હોય છે જેમાં તેઓ તેમના માલ સાથે મુસાફરી કરે છે. તેઓ સામાન્ય રીતે એક અઠવાડિયામાં ૪થી ૫ હાટની મુલાકાત લે છે. ચોમાસાના દિવસો દરમ્યાન તેઓ તેમનું ધ્યાન ગામમાંની તેમની દુકાનો પર કેન્દ્રિત કરે છે. તેમનામાંના કેટલાક પાસે ખેતી માટેની જમીન પણ હોય છે. આદિવાસીઓ આ લોકોને પણ **મોટા શેઠ** કહે છે. વાસણના વેપારીઓ હાટના ગામના સરપંચ અને પોલીસપટેલને માન આપે છે.

સામાન્ય રીતે જમીનવિહોણા આદિવાસીઓ તથા નાના અને મધ્યમ ખેડૂતો તેમના ગ્રાહક હોય છે. છેલ્લા બે પ્રકારના ખેડૂતો પિત્તળનાં, તાંબાનાં અને એલ્યુમિનિયમનાં વાસણો તેમની પાસેથી ખરીદે છે. મોટા આદિવાસી ખેડૂતો સામાન્ય રીતે હાટમાંથી વાસણો ખરીદતા નથી. જમીનવિહોણા આદિવાસીઓ મોટે ભાગે એલ્યુમિનિયમનાં વાસણો ખરીદે છે અને તે પણ પ્રસંગોપાત. નાના અને મધ્યમ ખેડૂતો આ દુકાનોની વારંવાર મુલાકાત લે છે. વળી આ લોકો સાથે વાસણના વેપારીઓ તેમનું વેચાણ અને નફો વધારવા માટે સંબંધો બાંધવાના પ્રયત્નો પણ કરે છે. તેઓ નાના અને મધ્યમ ખેડૂતો સાથે વિવેકપૂર્વક વર્તે છે અને તેઓ – તેમના હાથમાં આવે એ પ્રકારની ભાષામાં વાત કરે છે. આ વેપારીઓ જમીનવિહોણા આદિવાસીઓની બહુ દરકાર કરતા નથી. આંબાહાટના એક વેપારીનું કહેવું છે : 'જમીન વગરના આદિવાસીઓ નકામા માણસો છે. તેઓ નાની નાની વસ્તુઓમાં અમારો વખત અને શક્તિ બગાડે છે. અમને તેમની કંઈ પડી હોતી નથી.'

વાસણના વેપારીઓની દુકાનો ઘણી મોટી હોય છે. સોનગઢ અને સુથારપાડા વગેરે હાટમાં આ દુકાનો લગભગ ૪૦૦ ચોરસ ફીટ જેટલી જગ્યા રોકે છે. તેઓ મોટે ભાગે રોકડેથી જ વેપાર કરે છે. તેમનો રોજનો ઊથલો રૂ. ૩૦૦ થી માંડીને રૂ. ૩૦૦૦ સુધીનો રહે છે. કાપણીની મોસમ પછીના સમયમાં તેમની કમાણી ઠીક ઠીક વધી જાય છે.



ઉનાળાની મોસમમાં પણ તેમનો વેપાર સારો ચાલે છે, કારણ કે આદિવાસી પ્રદેશમાં આ મોસમ લગ્નની મોસમ હોય છે. લગ્નો હોળી પછી છે (એટલે કે માર્ચ પછી). સારી આર્થિક સ્થિતિ ધરાવતાં આદિવાસી કુટુંબોમાં લગ્નપ્રસંગે ધાતુનાં વાસણો ખરીદવાનો રિવાજ હોય છે. ગરીબ વર્ગના આદિવાસીઓ પણ તેમના કુટુંબમાં લગ્નપ્રસંગે એલ્યુમિનિયમનાં વાસણો ખરીદે છે.

વાસણના વેપારીઓ કેટલાંક આદિવાસી કુટુંબોને ઉધાર માલ આપે છે. પણ તેમની એક શરત હોય છે કે ઉધાર માલ લેનારે છ મહિનામાં પૈસા ચૂકવી આપવા – એટલે કે કાપણીની મોસમમાં. કેટલાંક પરિચિત કુટુંબોને તેઓ વ્યાજે નાણાં ઉછીનાં આપે છે. ઉધાર માલ આપતી વખતે અને ઉછીનાં નાણાં આપતી વખતે તેઓની પૈસા પાછા વાળવાની ક્ષમતાની આ વેપારીઓ પૂરી ચકાસણી કરે છે. દેખીતી રીતે જ જમીન-વિહોણા આદિવાસીઓને આ વેપારીઓ પાસેથી વાસણો ઉધાર મળતાં નથી.

## ઘરેણાંના વેપારીઓ

ઘરેણાંના વેપારીઓનું સ્થાન સંખ્યાની દૃષ્ટિએ બીજું આવે છે. એટલે કે કાપડના વેપારીઓ પછી. બધું થઈને ઘરેણાંની ૧૦૨ દુકાનો જોવા મળે છે. કાપડના વેપારીઓની જેમ તેઓએ પણ તેમની વેપારપ્રવૃત્તિઓ કેટલાક હાટમાં કેન્દ્રિત કરેલી જોવા મળે છે. કુલ ૪૮ હાટમાંથી તેઓ ૩૪ હાટમાં જાય છે. કેટલાક હાટમાં તેમની સંખ્યા વધારે મોટી હોય છે. (જુઓ કોઠો ૧૧) ઘરેણાંની ૫૭ દુકાનો એટલે કે અડધાં કરતાં વધારે છ તાલુકાઓના ૯ હાટમાં કેન્દ્રિત થયેલી જોવા મળે છે. સોનગઢ તાલુકાના બે હાટમાં બધું થઈને ૧૩ દુકાનો અને વ્યારા તાલુકાના ૩ હાટમાં બધું થઈને ૧૮ દુકાનો જોવા મળે છે. વાંસદા તાલુકામાં ફક્ત ઉનાઈના હાટમાં જ ઘરેણાંના વેપારીઓએ ધ્યાન કેન્દ્રિત કરેલું દેખાય છે. બાકીના હાટમાં ક્યાં તો ઘરેણાંના વેપારીઓ હોતા નથી (૧૪ હાટ) અથવા ચાર કરતાં ઓછા વેપારીઓ હોય છે (૨૫ હાટ). સોનાગઢ, બુહારી અને સુરાલી એ મુખ્ય હાટમાં કાપડ અને વાસણના વેપારીઓની જેમ વધારે દુકાનો દેખાય છે તેમ ઘરેણાંના વેપારીઓની દુકાનો પણ આ જ સ્થળોના હાટમાં વિશેષ જોવા મળે છે.

ઘરેણાંના વેપારીઓના બાહ્ય દેખાવ ઉપરથી કોઈ સહેલાઈથી ગેરસમજ કરે. તેઓ ભપકાના કે ઠાઠનાં કોઈ ચિહ્નો બતાવતા નથી. આમ

છતાં વાસ્તવમાં તેઓની સ્થિતિ ઘણી સારી હોય છે. તેઓ શહેરમાં પાકાં મકાનોમાં રહે છે. તેઓમાંના કેટલાંકોએ વેપારની મદદથી સ્થાવર મિલકતો પણ વસાવેલી છે. કસબાઓમાં અથવા શહેરોમાં તેમની દુકાનો હોય છે જ્યાં તેઓ ઘરેણાંની ડિઝાઈનો તૈયાર કરવાનું કામ કરે છે. હાટમાં તેમની દુકાનો નાનામાં નાની હોય છે. ઘરેણાંના કેટલાક નમૂનાઓ વાળી એક નાનકડી લાકડાની પેટી લઈને તેઓ આવે છે. અમુક પ્રકારનાં તૈયાર ઘરેણાંઓ તેઓ વેચતા નથી જેમ કે અછોડા, કડા વગેરે. મુખ્ય કામ તેઓ આદિવાસી ગ્રાહકોનું માપ લેવાનું કરે છે અને મુખ્યત્વે સ્ત્રી ગ્રાહકોનું. એક કે બે અઠવાડિયાં પછી તેઓ ઘરેણાં લઈ આપે છે. જ્યારે તેઓ માપ લે છે, એટલે કે પાકો ઑર્ડર લે છે ત્યારે ૫ કે ૧૦ રૂપિયાનું બાનું પણ લે છે. બાનું એટલે અગાઉથી લેવામાં આવતી રકમ. આદિવાસી ગ્રાહકો એકવાર ઘરેણાંની અંદાજિત કિંમત માટે સંમત થયા બાદ બાનાની રકમ ચૂકવે છે. બાનું લેવાની આ પ્રથા તાજેતરની છે, કહો કે ૧૦–૧૫ વરસની.

આ વેપારીઓ પાસેથી આદિવાસી સમાજના મુખ્યત્વે બે વર્ગો ઘરેણાં ખરીદે છે : નાના અને મધ્યમ ખેડૂતો. જમીનવિહોણા આદિવાસીઓ કુટુંબમાં લગ્ન જેવા પ્રસંગે ચાંદીનાં ઘરેણાં ખરીદે છે. નાના અને મધ્યમ ખેડૂતોમાં કુટુંબમાં લગ્નપ્રસંગે કુટુંબના સભ્યો અને સગાંસંબંધીઓ પણ ઘરેણાં ખરીદે છે અથવા જૂનાં ઘરેણાંની નવી ડિઝાઈન કરાવે છે. દિવાળી, બળેવ વગેરે પ્રસંગોએ પણ તેઓ ઘરેણાં ખરીદે છે. શ્રીમંત ખેડૂતો મોટે ભાગે હાટમાંથી ઘરેણાં ખરીદવાનું ટાળે છે.

ઘરેણાંના વેપારીઓને હાટમાં જવાનો ખર્ચ ઓછામાં ઓછો થાય છે. હાટમાં તેઓ સામાન્ય રીતે તંબૂ વગર બેસે છે. તેઓ નોકર રાખતા નથી. ઘરે, તેમના કુટુંબના સભ્યો ઘરેણાંની ડિઝાઈનો તૈયાર કરવામાં તેમને મદદ કરે છે. લગ્નની મોસમ દરમ્યાન ઘરેણાંના વેપારીઓનો ધંધો ઘણો સારો ચાલે છે. હકીકતમાં આ દિવસોમાં તેમની કમાણી સારી એવી વધે છે. લગ્નની મોસમમાં તેઓ રૂ. ૨૦૦૦ થી ૩૦૦૦ કમાય છે. મંદીના સમયગાળા દરમ્યાન તેઓ રૂ. ૧૦૦૦ થી ૧૫૦૦ કમાય છે. તેમના ધંધામાં તેઓને કોઈપણ પ્રકારની હરીફાઈનો સામનો કરવો પડતો નથી. તેમના ગ્રાહકો નિશ્ચિત હોય છે. વળી, તેમની આવડત વારસાગત છે. હાટમાં તેઓ મોટે ભાગે ઇજારાશાહી સ્થિતિ ભોગવે છે.



તેમનો વ્યવહાર મોટે ભાગે રોકડમાં ચાલે છે. જોકે ઘરેણાં ઉધાર આપવાના પ્રસંગો નથી બનતા એવુંયે નથી. તેઓ વ્યાજે નાણાં પણ ધીરે છે. પણ આવો ઉધાર-ઉછીનો વ્યવહાર તેઓ જેમને નજીકથી ઓળખતા હોય તેમની સાથે અથવા આવકપ્રાપ્તિ માટેનાં અન્ય સાધનો જેમની પાસે હોય તેમની સાથે કરે છે. જમીનવિહોણા આદિવાસીઓને તેઓ આવકારતા નથી કારણ કે તેઓમાં તેમને વિશ્વાસ હોતો નથી.

ઘરેણાંના આ વેપારીઓ બહારના માણસોને ખૂબ શંકાની નજરે જુએ છે. બાજીપુરાના હાટમાં અમે એક દુકાને ગયા ત્યારે ઘરેણાંના એ વેપારીએ તેનું કામ એકાએક બંધ કરી દીધું અને અમારા તરફ પ્રશ્નાર્થ ભાવે જોઈ રહ્યો. અમે તેને જ્યારે કહ્યું કે અમે તો હાટ જોવામાં રસ ધરાવનાર માણસો છીએ ત્યારેય તેને પૂરી ખાતરી થઈ નહોતી. ચાર આદિવાસીઓ એની પાસે બેઠા હતા, તેઓ અમારી તરફ જોવા લાગ્યા. પાછળથી માહિતી આપનાર એક ભાઈએ કહ્યું કે ઘરેણાંના આ વેપારીઓ શહેરના અજાણ્યા માણસોથી ભડકે છે. તેમને બીક રહે છે કે આ માણસો આદિવાસીઓ સાથેના તેમના ગેરરીતિભર્યા વ્યવહારને પકડી તો નહીં પાડે ?

એ હકીકત છે કે કેટલાક આદિવાસીઓ ઘરેણાંના વેપારીઓ ઉપર ખાસ વિશ્વાસ મૂકતા નથી. તેઓ તેમને 'ઠગ અને બદમાશ' કહે છે. તેઓની મુખ્ય ફરિયાદ તેમને આપવામાં આવતાં હલકી જાતનાં ઘરેણાં અંગે હોય છે. આદિવાસીઓનું કહેવું છે કે આ વેપારીઓ ચાંદીમાં નિકલ અથવા એવી કોઈ હલકી ધાતુની મેળવણી કરે છે. બે કે ત્રણ મહિના પછી ઘરેણાં કાળાં પડી જાય છે. તેની અસલી ચમક ચાલી જાય છે. આ આદિવાસીઓ જ્યારે વેપારીઓ પાસે ફરિયાદ લઈને જાય છે ત્યારે તેઓ જવાબદારી સ્વીકારવાની ના કહે છે.

સુથારપાડા હાટના એક આદિવાસીએ અમને કહ્યું, "વેપારીને મેં જ્યારે ઘરેણાંની હલકી જાત વિશે ફરિયાદ કરી ત્યારે સીધો જ તેણે મારી પત્નીનો વાંક કાઢ્યો. તેણે કહ્યું કે મારી પત્નીએ ઘરેણાં બેદરકારીથી વાપર્યાં છે. ધૂળને લીધે ઘરેણાં કાળાં થઈ ગયાં છે." બીજા એક હાટમાં એક ગરીબ આદિવાસી ગ્રાહકને ભારે કડવો અનુભવ થયો હતો. હાટના એક વેપારી પાસેથી તેણે કહેવાતા ચાંદીના બનાવેલા સાંકળા ખરીદ્યા હતા. તેણે એ સાંકળાના ૪૦ રૂપિયા આપ્યા હતા. બે મહિના પછી એ સાંકળા પૂરેપૂરા નિકલના બની ગયા. આ આદિવાસી વેપારી

પાસે ગયો અને ફરિયાદ કરી. વેપારીએ તેની ફરિયાદ સાંભળવાની ના કહી દીધી. આ આદિવાસીએ જ્યારે આ સાંકળાના બદલામાં નવા સાંકળા આપવાની અથવા રૂ. ૪૦ પરત આપવાની માગણી ચાલુ રાખી ત્યારે વેપારી ધીમેથી એની બેઠકમાંથી ઊભો થયો. મસાલાના એક વેપારી પાસે ગયો અને આઠ આનાનો મસાલો ખરીદ્યો. અને પછી તે મસાલાનું પડીકું પેલા આદિવાસીને આપતાં કહ્યું કે તારા સાંકળાની કિંમત આટલી થાય.

ગરીબ અને અભણ આદિવાસીઓને ભેળસેળવાળાં ઘરેણાં વેચવાના બનાવો વારંવાર બને છે. તેમની ફરિયાદને તેમ જ પૈસા પાછા આપવા માટેની તેમની માગણીને હસી કાઢવામાં આવે છે. જ્યારે વેપારી અને આદિવાસી વચ્ચે તકરાર ઊભી થાય છે ત્યારે હાટમાં હાજર એવા ઘરેણાંના અન્ય વેપારીઓ પોતાના ધંધાભાઈઓનો પક્ષ લે છે. આદિવાસી ગ્રાહકો સામે તેઓ એક થઈને ઊભા રહે છે.

## ઉપસંહાર

આદિવાસી પ્રદેશના હાટમાં ચીજવસ્તુઓ અને સેવાઓના બે પ્રકારના વેપારીઓ આવે છે. એક વર્ગ સદ્ધર આર્થિક સ્થિતિ ધરાવે છે, બીજો નબળી. મોટા વેપારીઓ પહેલા પ્રકારમાં આવે, નાના વેપારીઓ બીજામાં. મોટા વેપારાઓની આર્થિક સ્થિતિ ચોક્કસપણે ઘણી સારી હોય છે. નાના વેપારીઓ જેમાં માલ ઉગાડનાર અને વેચનારનો ખાસ સમાવેશ થાય છે તેમની સ્થિતિ પ્રમાણમાં નબળી હોય છે. તેમાંના કેટલાક ખાસ કરીને કારીગરો અને સમારકામ કરનારાઓ માંડ માંડ બે ટંકના રોટલા જેટલું કમાય છે. વળી, તેમની ધંધામાંની આવક પણ નિયમિત હોતી નથી.

મોટા વેપારીઓનું વિશેષ લક્ષણ તેમની સત્તા અને તેમનું પ્રભુત્વ છે. મોટે ભાગે તેઓ નાના અને મધ્યમ ખેડૂતો સાથે જ વ્યવહાર કરે છે. મોટા વેપારીઓમાંનો મુખ્ય વર્ગ આદિવાસીઓ પાસેથી અનાજ અને કઠોળ ખરીદનારા વેપારીઓનો છે. અનાજ અને કઠોળ મેળવવાની તેમની રીતો યોગ્ય હોતી નથી. આ વેપારીઓ આદિવાસીઓને ગુણવત્તામાં અથવા ભાવમાં અથવા બંનેમાં છેતરે છે. આવું નાના વેપારીઓ પણ માને છે. આદિવાસી પ્રદેશના હાટમાં મોટા વેપારીઓ ઇજારાશાહી ભોગવે છે.

નાના વેપારીઓની બાબતમાં પરિસ્થિતિ ઊંધી છે. એમની સંખ્યા ઘણી હોય છે. તેમનું રોકાણ ઓછું હોય છે અને તેમની જોખમ



ઉઠાવવાની શક્તિ પણ ઓછી હોય છે. કેટલાક હાટમાં તેઓ વચ્ચે ગળાકાપ હરીફાઈ થાય છે. નાના વેપારીના ગ્રાહકો મુખ્યત્વે અત્યંત ગરીબ એવા આદિવાસીઓ હોય છે : જમીનવિહોણા આદિવાસીઓ અને નાના ખેડૂતો.

મોટા વેપારીઓ હાટના ગામના આગેવાનો સાથે તેમ જ આજુબાજુનાં ગામોના સરપંચો અને પોલીસપટેલો સાથે સારા સંબંધો જાળવે છે. તેઓ તેમને ઉછીનાં નાણાં પણ આપે છે. યોગ્યતા ધરાવતા માણસોને તેઓ ઉધાર માલ પણ આપે છે. આ યોગ્યતા ધરાવતા માણસો એટલે જેમની પાસે પૂરતી જમીન હોય તેઓ. ઉધાર માલની અથવા ઉછીનાં નાણાંની સગવડ જમીનવિહોણા આદિવાસીઓને ક્યારેય આપવામાં આવતી નથી. આવી સગવડ મુખ્યત્વે આદિવાસી વિસ્તારના મધ્યમ અને શ્રીમંત ખેડૂતોને મળે છે. ઉધાર માલ આપીને તેમ જ ઉછાંનાં નાણાં આપીને મોટા વેપારીઓ હાટમાં પ્રભુત્વપૂર્ણ સ્થિતિ ધરાવે છે. તેમની વેપારની જાળ બહુ કુશળતાપૂર્વક ગૂંથાયેલી હોય છે. તેઓએ કોઈનો ભય રાખવાનો હોતો નથી. નાના વેપારીઓનું આવું ગજું હોતું નથી.

એક સૂચક નિરીક્ષણ એ છે કે આદિવાસીઓ ચીજવસ્તુઓ કે સેવાઓના કેવળ ગ્રાહકો જ નથી; તેઓ તેના ઉત્પાદકો અથવા પુરવઠો પૂરો પાડનારાઓ પણ છે. આ તાજેતરની ઘટના છે. ૩૦ કે ૪૦ વર્ષ પહેલાં આદિવાસીઓ ધંધાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા નહોતા. એ સાચું છે કે આદિવાસીઓ મુખ્યત્વે શાકભાજી, મસાલા, ફળ, ખાદ્યવાનગીઓ અથવા પીણાંઓ અને તમાકુની બનાવટો સાથે સંકળાયેલા હોય છે. અગર તો તેઓ કારીગર તરીકેની સેવા આપે છે. વાસ્તવમાં ત્રીજા ભાગથી વધુ વેપારીઓ આદિવાસીઓ હોય છે. હજી સુધી આ આદિવાસીઓમાંથી કોઈ મોટો વેપારી બન્યો નથી. અમે **હજી સુધી** એટલા માટે કહીએ છીએ કે સમય જતાં કેટલાક શ્રીમંત અને સાધનસંપન્ન આદિવાસીઓ મોટા વેપારમાં ઝંપલાવે પણ ખરા.

# ૫

# નીચલા સ્તરના આદિવાસીઓ

## પ્રાથમિક ટિપ્પણ

આદિવાસીઓને હાટમાં આવનારા એકસરખા જૂથના માની લેવાનું ભૂલભરેલું છે. હાટમાંની તેમની પ્રવૃત્તિઓ, હાટમાંનું તેમનું વર્તન, કેટલાક પ્રભાવો તરફનું તેમનું વલણ – આ બધાં વિશે ફળદાયી તપાસ કરવા માટે કોઈ પણ સંશોધકે તે લોકોના આર્થિક સ્તર વિશે ઊંડા ઊતરવું પડે. આ પ્રકરણનો તેમ જ પછીના પ્રકરણનો હેતુ આ પાસાની તપાસ કરવાનો છે. હાટમાં આવનારા આદિવાસીઓને આપણે ચાર જૂથોમાં અથવા વિભાગોમાં વહેંચી લઈએ : (૧) જમીનવિહોણા (૨) નાના ખેડૂતો – એટલે કે પાંચ એકર કરતાં ઓછી ખેતીલાયક જમીન ધરાવનારાઓ (૩) મધ્યમ ખેડૂતો – એટલે કે પાંચથી પંદર એકર સુધીની ખેતીલાયક જમીન ધરાવનારાઓ અને (૪) મોટા ખેડૂતો – એટલે કે પંદર એકરથી વધારે ખેતીલાયક જમીન ધરાવનારાઓ. પ્રથમ બે સ્તરના ખેડૂતોને આ પ્રકરણમાં અને બાકીના બેને અર્થાત મધ્યમ અને મોટા ખેડૂતોને પ્રકરણ ૬માં આવરી લીધા છે.

### ૧. જમીનવિહોણા આદિવાસીઓ

#### આર્થિક સ્તર

હાટમાં આવનારાઓમાં જમીનવિહોણા આદિવાસીઓની સંખ્યા ઘણી મોટી હોય છે. તેમનો મુખ્ય વ્યવસાય બીજાની જમીન ઉપર ખેતમજૂરી કરવાનો છે. આ પ્રદેશની ખેતી કાયમી મજૂરી પૂરી પાડી શકતી નથી. તેઓમાંના ઘણાએ ૧૨માંથી ૩.૪ મહિના કામ વગરના રહેવું પડે છે. વતનનાં ગામોમાં મજૂરીનો અભાવ ઘણા આદિવાસીઓને આજીવિકાની શોધમાં બીજાં ગામોમાં સ્થળાંતર કરવાની ફરજ પાડે છે.



તેમના પ્રદેશમાં ઓછા કામના સમયગાળા દરમ્યાનની તેમની સ્થળાંતરની પ્રક્રિયા છેલ્લા કેટલાક દાયકાઓથી ચાલી રહી છે.

ખેતમજૂરોને આખા દિવસના કામના બદલામાં બે કે ત્રણ રૂપિયા મળે છે. ખેતીકામના દિવસોમાં ખાસ કરીને જ્યારે તેમની માગ મોટા પ્રમાણમાં હોય છે, ત્યારે તેમને એક વખતનું ખાવાનું વધારામાં આપવામાં આવે છે. જેઓ જમીન ધરાવનારાં કુટુંબો સાથે કાયમ માટે સંકળાયેલા હોય છે તેમનાં વેતન નિશ્ચિત હોતાં નથી. (આ વેતનો રૂ. ૬૦ થી રૂ. ૧૫૦ વચ્ચે રહેતાં હોય છે.)

જેઓ ખેતી સિવાયના બહારના મજૂરીના કે કારીગર તરીકેના કામમાં રોકાયેલા હોય છે તેઓ પણ આર્થિક સ્થિરતા અનુભવતા નથી. ક્યાં તો તેમનું કામ મોસમ અનુસારનું હોય છે, પછી તેઓ અમુક સમયગાળા માટે કામ વગરના થઈ જાય છે જેમ કે ઈંટની ભઠ્ઠીનું કામ વગેરે. અથવા તો તે કામ શારીરિક રીતે ઘણું અઘરું અને સહન ન થાય તેવું હોય છે. જેમ કે ખાણોમાં પથ્થર ભાંગવાનું કામ વગેરે. તેઓનાં વેતન ખેતમજૂરો કરતાં ખાસ વધારે હોતાં નથી. જમીનવિહોણામાંના બહુ ઓછા નિયમિત મજૂરી મળે એવું કામ મેળવી શકે છે. જોકે તેઓની સ્થિતિ ખેતમજૂરો કરતાં પ્રમાણમાં કંઈક સારી હોય છે. તેઓ રેલવેમાં મજૂરો તરીકે કામ કરે છે, પોસ્ટઑફિસમાં અથવા પેટા પોસ્ટઑફિસોમાં તેમ જ શાળાઓમાં અથવા માધ્યમિક શાળાઓમાં પટાવાળા તરીકે કામ કરે છે. તેઓ તાલુકાના ફરતેના વિસ્તારમાં કામ કરે છે અને રહે છે. હમણાંનાં વર્ષોમાં કેટલાક જમીનવિહોણા આદિવાસીઓ અને ખાસ કરીને આ કુટુંબોમાંના જુવાનો તેમના ઘર નજીકનાં હીરા ઘસવાના કારખાનાંઓમાં કામે જાય છે. આ તાજેતરમાં થયેલો વિકાસ છે. કેટલાક જમીનવિહોણા આદિવાસીઓ ધરમપુર અને વાંસદા તાલુકામાં જંગલ કામદાર સહકારી મંડળીઓમાં ખાસ આવડતની જેમાં જરૂર ન હોય તેવું કામ શોધી કાઢે છે. તેઓ માસિક ૧૫૦ રૂપિયા કમાય છે પરંતુ આ કામ કાયમનું હોતું નથી.

આમ જેઓ કાયમી કામોમાં રોકાયેલા હોય છે તેમની સ્થિતિ પ્રમાણમાં સારી હોય છે. તેમને મળતાં વેતનનું પ્રમાણ પણ સારું હોય છે. પરંતુ જમીનવિહોણા આદિવાસીઓમાં કારખાનાંઓમાં કે ઑફિસોમાં કામ કરનારા અને નિયમિત આવક પ્રાપ્ત કરનારાં કુટુંબો ઘણાં ઓછાં

હોય છે. વિશેષપણે તો આ જમીનવિહોણા આદિવાસીઓએ ઓછો દર આપનારી અને અચોક્કસતા ધરાવનારી ખેતમજૂરી ઉપર જ જીવનગુજારો કરવો પડે છે.

## હાટમાંની તેમની સામેલગીરી અને ભૂમિકા

આ જમીનવિહોણા આદિવાસીઓ અવારનવાર હાટમાં આવે છે. હાટમાં આવવાના તેમના પ્રમાણનો આધાર તેમની પાસેનાં નાણાં ઉપર અથવા તેમની પાસેની વેચાણ માટેની ચીજવસ્તુઓ ઉપર રહે છે. તે દિવસ છુટ્ટીનો એટલે કે કોઈપણ પ્રકારનું કામ ન મળે એ પ્રકારનો હોય તો તે પણ એક અગત્યનું કારણ બને છે. દિવસ ખાંડો કરીને આ લોકો હાટમાં જતા નથી. જો દસ માણસોનું એક કુટુંબ હોય તો મજૂરીના કે બીજા કોઈ પણ પ્રકારના કામમાં રોકાયેલ ન હોય તેવા એક સભ્યને તેઓ હાટમાં મોકલે છે. ઘણીવાર તેઓ તેમના ફળિયામાં રહેતા સંબંધીઓને કે મિત્રોને તેમની જોઈતી કરતી વસ્તુઓ હાટમાંથી લઈ આવવાનું કહેતા હોય છે.

જો બે હાટ ચાલીને જઈ શકાય એટલા અંતરે (૫–૬ કિલોમીટર) ભરાતા હોય તો તેઓ બંને હાટમાં જુદા જુદા દિવસોએ જવાનું પસંદ કરે છે. મોટે ભાગે તેમના ગામથી હાટના સ્થળ સુધી તેઓ પગે ચાલીને જ જાય છે. એક વાર તેઓ હાટ પર પહોંચે તે પછી વાતો કરતા અને આરામ લેતાં હાટની બધી દુકાનો ફરવામાં ત્રણચાર કલાક વિતાવી દે છે. હોળી, દિવાળી વગેરે તહેવારના દિવસોએ તેમનું આખું કુટુંબ હાટમાં જાય છે.

હાટના બે-ત્રણ દિવસ આગળથી તેઓમાંના મોટા ભાગના તેમની મજૂરીની રકમનો થોડો ભાગ બચાવવાનો પ્રયત્ન કરે છે. પછી પોતાની જરૂરિયાતો ખરીદવા તેઓ હાટમાં જાય છે. તેઓમાંના કેટલાક એક કે બે બકરાં કે ચારથી પાંચ મરઘાં તેમની ઝૂંપડીમાં રાખી મૂકે છે અને તેમના ગામના સારી સ્થિતિ ધરાવતાં કુટુંબોને અથવા પંચાયતના કર્મચારીઓને અથવા ગામના દુકાનદારોને એ વેચે છે. કેટલાક આદિવાસીઓ આ બકરાં-મરઘાં હાટમાં જઈને પણ વેચે છે. આમ તેમના હાથમાં થોડી વધારાની રકમ આવે છે. કેટલાક આદિવાસીઓ કરમદાં, ગુંદર, મધ, લીલું-સૂકું ઘાસ જેવી વન્ય પેદાશો હાટમાં વેચવા લાવે છે. એમને મળનારી રકમનો આધાર આ વસ્તુઓના વેચાણ પર રહે છે. જમીન-



વિહોણા કોટવાળિયાઓની સ્થિતિ વિશેષ દયાજનક હોય છે. વાંસમાંથી તેઓ સાદડી ટોપલા વગેરે વસ્તુઓ બનાવે છે. તેના વેચાણ ઉપર તેમને મળનારી રકમનો આધાર રહે છે. તેઓ હાટમાં નિયમિત આવતા નથી. તેઓ વાંસમાંથી બનાવેલી વસ્તુઓ હાટમાં અથવા બીજે વેચે છે અને એમાંથી પ્રાપ્ત થતી રકમ વડે તેઓ તેમની જરૂરિયાતની વસ્તુઓ હાટમાંથી ખરીદે છે.

જમીનવિહોણો એક આદિવાસી હાટમાં ૨૧ રૂપિયા લઈને આવ્યો હતો. આ ૨૧ રૂપિયા તે દારૂ વેચીને કમાયો હતો. બીજા એક આદિવાસી પાસે વરજાખણના જંગલમાંથી ચોરેલું સાગનું લાકડું હતું તે તેણે એક ગ્રામજનને ૧૦ રૂપિયામાં વેચ્યું હતું. બીજા એક આદિવાસીએ જમીન ધરાવતા એક કુટુંબ પાસેથી પાંચ રૂપિયા જરૂર પડયે તેમની જમીન પર કામ કરી પોતે ચૂકી આપશે એ શરતે મેળવ્યા હતા. ચીખલી તાલુકાના વાડ ગામના હાટમાં અમે એક એવા આદિવાસીને મળ્યા કે જેની પાસે ખીસામાં ફક્ત ૭૫ પૈસા જ હતા. બીજા એક જમીનવિહોણા આદિવાસી પાસે તો માત્ર ૨૫ પૈસા જ હતા.

૩૫ આદિવાસીઓની યદૃચ્છિત મોજણીમાં જે ૩૩ જમીનવિહોણા આદિવાસીઓએ જવાબ આપ્યા તેમની પાસે કુલ ૨૯૬ રૂપિયા હતા. આ ઉપરથી હાટમાં આવનાર આ આદિવાસીઓ પાસે સરેરાશ ૯ રૂપયા હોય છે તેવો ખ્યાલ આપણને આવે છે. આ પ્રદેશમાં ખેતમજૂરીના જે દર પ્રવર્તે છે તે મુજબ આ રકમ ત્રણ દિવસની મજૂરી જેટલી થાય. જુદી જુદી વ્યક્તિઓ પાસે જુદી જુદી રકમ હતી. જુદા જુદા હાટમાં જે ૩૩ આદિવાસીઓનો સંપર્ક કરવામાં આવ્યો તે ૯ જણ પાસે ૫ રૂપિયાથી ઓછી રકમ હતી. ૧૭ જણ પાસે ૫ થી ૧૦ રૂપિયાની રકમ હતી. ૫ જણ પાસે ૧૧ થી ૧૫ રૂપિયાની રકમ હતી. ફક્ત બે જ આદિવાસીઓ પાસે ૨૦ રૂપિયા કરતાં વધારે રકમ હતી. ઓછામાં ઓછી રકમ ૨૫ પૈસા હતી. વધારેમાં વધારે રકમ બે માણસો પાસે હતી. તેમાંનો એક કોસંબા યાર્ડનો રેલવે કર્મચારી હતો. તે ૩૦ રૂપિયા લાવ્યો હતો. બીજા એક જમીનવિહોણા આદિવાસી પાસે પણ ૩૦ રૂપિયા હતા. તે ધરમપુર તાલુકાના બામટી ગામનો હતો. ચીખલી તાલુકાના વરપાડા હાટમાં વેચવા માટે તે તેની સાથે ૧૦ કિલો કરમદાં, ૨૦ કિલો કાચી કેરી અને ખાખરાનાં પાન લાવ્યો હતો.

આ આદિવાસીઓ હાટમાંથી જુદા જુદા પ્રકારની વસ્તુઓ ખરીદે છે. ૩૨ જમીનવિહોણા આદિવાસીઓએ ખરીદેલી વસ્તુઓની યાદી આ પ્રમાણે છે :

| **ખરીદાયેલી ચીજવસ્તુઓ** | **જમીનવિહોણા આદિવાસીઓની સંખ્યા (N=32)** |
|---|---|
| ખાદ્યપદાર્થો અને પીણાં | ૨૬ |
| શાકભાજી | ૧૪ |
| તૈયાર કપડાં | ૧૨ |
| લીલો અને સૂકો મસાલો | ૧૦ |
| તમાકુ અને બીડી | ૦૯ |
| માટીના ઘડા | ૦૮ |
| સૂકી માછલી | ૦૬ |
| સીંગતેલ | ૦૪ |
| ચાની ભૂકી અને ગોળ | ૦૩ |
| કાળો ગોળ અને નવસાર | ૦૩ |
| મિલનું કાપડ | ૦૨ |
| જૂનાં અને વપરાયેલાં કપડાં | ૦૨ |
| કટલરી સામાન | ૦૨ |
| ઘૂંઘડાં | ૦૨ |
| ફળ | ૦૧ |
| કાચનાં વાસણો | ૦૧ |
| ધાતુનાં વાસણો | ૦૧ |
| કપડાં ધોવાનો સાબુ | ૦૧ |
| ખાખરાનાં પાન | ૦૧ |

આ આદિવાસીઓ તેમના મોટા ભાગના નાણાં હાટમાં ખરચી નાખે છે. પરંતુ કેટલાક વેપારીઓ વારંવાર કહે છે તેમ આ ગરીબ આદિવાસીઓ તેમનાં બધાં નાણાં હાટમાં ઉડાવી દે છે તે સાચું નથી. જમીનવિહોણા આ ગરીબ આદિવાસીઓ એક દુકાનેથી બીજી દુકાને જતાં રસ્તામાં તેમની પાસેની રકમ કેટલીક વાર ગણતા જોવા મળે છે. તેઓ ફાવેતેમ ખરીદી કરતા નથી તેમ જ સારાનઠારાનો ભેદ પારખી શકે છે.



જમીનવિહોણા એક મજૂરે કહ્યું, "હું જ્યારે ખરીદી કરું છું ત્યારે મારા ધોતિયાના છેડે ૫૦ પૈસા જુદા બાંધી રાખું છું. મારા બધા પૈસા હાટમાં ખર્ચી નાખવાનું મને કદાચ મન થઈ જાય એટલા માટે હું આમ કરું છું. એક માણસ ખરીદી શકે એવી ઘણી બધી વસ્તુઓ હાટમાં મળે છે. પણ પછી બીજે દિવસે મારે તમાકુ કે બીડીની ભીખ મારા પડોશી પાસે માગવી પડે. મને આ ગમતું નથી." આ આદિવાસીઓ હાટના આ છેડાથી પેલા છેડા સુધી ફરે છે. જે દુકાનેથી તેમણે કોઈ વસ્તુની ખરીદી કરવાની હોય ત્યાં તેઓ ઊભા રહે છે. તેઓ વેપારીઓ સાથે ભાવતાલ કરે છે. પહેલાં ભાવ પૂછ્યા વિના તેઓ કશું ખરીદતા નથી. તેમની મુખ્ય નિસ્બત તેમની પાસેનાં નાણાંમાંથી કેટલું ખરીદી શકાય તે અંગેની હોય છે.

૩૫ જમીનવિહોણા આદિવાસીઓ જે ૩૦૦ રૂપિયા લાવ્યા હતા તેમાંથી બધું થઈને તેઓએ ૨૦૪ રૂપિયાનો ખર્ચ કર્યો. એટલે કે તેમની પાસેની રકમમાંની ૨/૩ ભાગની રકમ તેમણે હાટમાં ખર્ચી હતી. ૧/૩ તેમની પાસે રહી હતી. આ ૨૦૪ રૂપિયામાંથી સૌથી વધારે ૭૯ રૂપિયા (૩૯%) કપડાં માટે ખર્ચવામાં આવ્યા હતા. બીજી અગત્યની વસ્તુઓ મસાલા, શાકભાજી, સૂકી માછલી વગેરે હતી. ૫૬ રૂપિયા અથવા કુલ ખર્ચની ૨૮ ટકા રકમ આ માટે ખર્ચાઈ હતી. ૩૦ રૂપિયા અથવા ૧૫ ટકા ખર્ચ ખાવાની વસ્તુઓ અથવા પીણાંઓ અને તમાકુ માટે થયો હતો. ૧૭ રૂપિયા અથવા ૮ ટકા ખર્ચ પરચૂરણ વસ્તુઓ જેવી કે ખાખરાનાં પાન, વાંસનાં ઘૂંઘડાં વગેરે માટે થયો હતો.

આમ જમીનવિહોણા આદિવાસીઓ દ્વારા ૬૭ ટકા અથવા ૨/૩ ખર્ચ હાટમાં બે વસ્તુઓ પર થયો હતો : કપડાં અને મસાલા, શાકભાજી, સૂકી માછલી વગેરે. જો આપણે આમાં તેમના ખાદ્યપદાર્થો અને પીણાંઓના ખર્ચને ઉમેરીએ તો આ ત્રણે વસ્તુઓ મળીને તેમનો હાટમાંનો ખર્ચ ૮૨ ટકા જેટલો થાય. બીજા શબ્દોમાં કહીએ તો આ જમીનવિહોણા આદિવાસીઓ પ્રત્યેક રૂપિયામાંના ૮૦ પૈસા કપડાં અને ખાવાની વસ્તુઓ પર ખર્ચે છે.

જમીનવિહોણા આદિવાસીઓએ હાટમાંથી જૂના અથવા વપરાયેલાં કપડાં ખરીદ્યાં હતાં. તેમાંનો એક રંગામા ગામથી માંડવી તાલુકાના આંબા-હાટમાં આવ્યો હતો. જે ૩ રૂપિયા તે લાવ્યો હતો તેમાંથી રૂ. ૨–૫૦નું

એક જૂનું ખમીસ તેણે આંબાના હાટમાંથી ખરીદ્યું હતું. બાંજો જમીન-વિહોણો આદિવાસી માંગરોળ તાલુકાના લવેત ગામનો હતો. વાંકલના હાટમાં તે રેલવેના મજૂર તરીકે તેને મળતા પગારની રકમના એક ભાગ સમા રૂ. ૩૦ લઈને આવ્યો હતો. તેણે ૧૫ રૂપિયા પોતાનાં અને પોતાનાં બાળકો માટેનાં જૂનાં કપડાં ખરીદવામાં ખર્ચ્યાં.

મોટા ભાગના જમીનવિહોણા આદિવાસીઓનો અનુભવ છે કે હાટમાં તેમને ઉધાર ચીજવસ્તુઓ મળતી નથી. તેમનું કહેવું હતું કે નાના અથવા મોટા કોઈ વેપારી તેમને ઉધાર ખરીદીની સગવડ આપતા નથી. એક કોટવાળિયાએ કહ્યું, “અમારી જાતના લોકો હંમેશા પૈસા વગરના હોય છે. હાટના વેપારીઓ આ વાત બરાબર જાણે છે. આથી અમે જ્યારે ઉધાર માલ માગીએ છીએ ત્યારે તેઓ અમને કોઈ પણ જાતનો માલ ઉધાર આપવાની ના પાડી દે છે.” આ જ આદિવાસી એક વાર બુહારી હાટમાં કાપડના એક વેપારી પાસે ગયો હતો. તેણે તેની પાસે અઢી રૂપિયા-વાળું એક ગંજીફરાક માગ્યું. તેણે જ્યારે કહ્યું કે તે પૈસા પછીથી આપશે ત્યારે વેપારીએ ગંજીફરાક આપવાની સાફ ના કહી દીધી અને બોલ્યો, ‘તમે લોકો રોજ કમાઓ છો ને રોજ ખાવામાં ખરચી નાખો છો. તો પછી ઉધારીના પૈસા તમે કેવી રીતે ચૂકવી શકો ?’

આ જમીનવિહોણા આદિવાસીઓને તેમના ગામના માણસો પાસેથી ખબર પડે છે કે કેટલાક લોકોને માલ ઉધાર મળે છે. તેઓ એ પણ જાણે છે કે આ લોકો જમીન અને મિલકત ધરાવતા હોવાથી તેમને ઉધાર માલ મળે છે. જમીનવિહોણા એક આદિવાસી (જી. કે.)ને કાપડના એક વેપારી ઉપર ખૂબ ગુસ્સો હતો. તેણે કહ્યું, “હું પંચોલના હાટમાં જાઉં છું ત્યારે વેપારીઓ મને કોઈ પણ જાતનો માલ ઉધાર આપતા નથી. એ લોકો આમ કેમ કરે છે તે હું જાણું છું. તેઓ મારાં ફાટેલાં કપડાં જુએ છે મને મારી સ્થિતિ જાણી જાય છે. પણ મને તેમની શંકા ભરેલી નજરની ઘણી ચીડ ચઢે છે. જાણે હું ચોર હોઉં તેમ તેઓ મને ટીકી-ટીકીને જુએ છે. હું કંઈ ચોરી કરીને જીવતો નથી. મજૂર તરીકે હું સખત મહેનત કરું છું.”

જમીનવિહોણા આ આદિવાસીઓ હાટના વેપારીઓ વિશે અને તેમના વેપારની રીતરસમ વિશે જુદા જુદા અભિપ્રાય ધરાવે છે. કેટલાકનો તેમના વિશેનો અભિપ્રાય સારો પણ હોય છે. એક આદિવાસીએ કહ્યું,



‘પૈસાની બધાને જરૂર હોય છે, તેવી જ વેપારીઓને પણ પૈસાની જરૂર હોય છે. આથી તો તેઓ અહીં ધંધો કરવા આવે છે. આમાં આદિવાસી વેપારીઓ પણ હોય છે. પાટી ગામનો એક ઢોડિયા પટેલ અહીં મસાલા વેચવા આવે છે. મારી નજરે તો વેપારીઓ ભલા અને સમજદાર માણસો છે. હું તેમને મારા માય-બાપ માનું છું.’

વ્યારા તાલુકાના કાકડવાના એક આદિવાસીએ કહ્યું કે વેપારીઓ સમજદાર માણસો હોય છે. ધરમપુર તાલુકાના મુરબડ ગામના એક આદિવાસીએ કહ્યું કે બધી રીતે તે વેપારીઓને સારા અને સમજદાર માણસ ગણે છે. તેણે કહ્યું, ‘અમારા જેવા ગરીબ અને પછાત આદિ-વાસીઓ ઘણે દૂર જઈ ખરીદી કરી શકે નહીં. આ વેપારીઓ અહીં આવે છે. તેમને કારણે અમને ઘણી વસ્તુઓ મળી રહે છે. જો કે તેઓ ભાવ વધારે લે છે.’

તેઓમાંના કેટલાક આ વેપારીઓની ટીકા પણ કરે છે. આપણે કેલકુઈમાં રહેતા એક આદિવાસીના પ્રત્યાઘાતો જોઈ ગયા કે જેને ચોર તરીકે જોવામાં આવતો હતો. કાકડવા ગામના બીજા એક આદિવાસીએ કહ્યું કે જ્યારે તેની પાસે પૈસા હોય છે અને તે પંચોલ હાટમાં જાય છે ત્યારે વેપારીઓ તેને ‘ભાઈ’ કહે છે અને તેને માન આપે છે પણ જ્યારે તેની પાસે ઓછા પૈસા હોય છે અને તે ઉધાર માલ માગે છે ત્યારે તેઓ તદ્દન જુદા જ માણસો બની જાય છે. તેઓ તેને ઓળખવાની પણ ના કહે છે. નજીવી રકમ માટે પણ તેઓ તેનામાં વિશ્વાસ મૂકવાની તૈયારી બતાવતા નથી. પીપલવાડા ગામના બીજા એક આદિવાસીએ કહ્યું કે વેપારીઓને ગરીબ લોકો માટે સહાનુભૂતિ કે દયા હોતાં નથી. તેઓના આવા વલણને કારણે તેને આ વેપારીઓ ઉપર ગુસ્સો આવતો હતો. અને ચીડ ચઢતી હતી તેમ તેણે ઉમેર્યું. એ જ ગામમાંથી આવતા બીજા એક આદિવાસીએ કહ્યું, ‘વેપારીઓ હંમેશા તેમના માલના વખાણ કરે છે પણ અમને તો હલકી વસ્તુઓ જ ભેરવે છે (કાપડ, તૈયાર કપડાં, ઘરેણાં અને ખાવાની વસ્તુઓ પણ). તેઓ અમને છેતરે છે, અમને બનાવે છે.’

ધરમપુર તાલુકાના મુરબડ ગામના બીજા એક માણસને ઘણો કડવો અનુભવ થયો હતો. એક વાર હાટમાંથી તેની પત્ની માટે તે સાડી લાવ્યો

હતા. વેપારીને તેણે ૨૨ રૂપિયા ચૂકવ્યા. જ્યારે તેણે સાડી ખરીદી ત્યારે વેપારીએ કહ્યું, 'રંગ પાકો છે. મારામાં વિશ્વાસ રાખ.' પહેલી ધોલાઈમાં સાડીનો રંગ ઓળખાય નહિ તેટલો ઝાંખો પડી ગયો. એક સાડી ખરીદવામાં તેની લગભગ આઠ દિવસની ખેતમજૂરી ખર્ચાઈ હતી. પૈસા નકામા ગયા હતા. તેણે કહ્યું કે આ અનુભવ પછી તે કાપડના વેપારીનો વિશ્વાસ કરતો નથી.

કેલકુઈ ગામના જમીનવિહોણા એક આદિવાસીએ કહ્યું, 'બુહારીના હાટમાં હું લોકોને સારાં કપડાં પહેરેલાં જોઉં છું. હું એ પણ જોઉં છું કે હાટમાં જાતજાતનું સારું કાપડ વેચાય છે. હું જ્યારે આ જોઉં છું ત્યારે નવાં અને વધુ સારાં કપડાં મારે માટે ખરીદવાની મને ઇચ્છા થાય છે પણ મારે માટે એ ઘણાં મોંઘાં હોય છે એટલે હું લાચાર બની જાઉં છું.' બીજા ઘણાને હાટમાંથી પિત્તળનાં વાસણો ખરીદવાની ઇચ્છા થાય છે. વરજાખણ ગામના એક જમીનવિહોણા આદિવાસીએ કહ્યું, 'મારા ઘરે થોડાં વાસણો છે, પણ તે માટીનાં અથવા એલ્યુમિનિયમનાં છે. હું જ્યારે ઉનાઈના હાટમાં જાઉં છું ત્યારે મને પિત્તળનાં થાળી-વાડકા જેવાં વાસણો ખરીદવાની ખૂબ ઇચ્છા થાય છે. પણ હું ખરીદી શકતો નથી.'

તેઓમાંના ઘણાને લાગે છે કે તેમના ઘરમાં પિત્તળનાં, તાંબાનાં કે સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો હોવાં જોઈએ. કેટલાક પોતાની પાસે પહેરવા માટે પેન્ટ, બુશશર્ટ કે શર્ટ વગેરે હોય એવું ઇચ્છે છે. કેટલાકની ટેરીકોટનનાં કપડાં માટેની પણ ઇચ્છા હોય છે. આ જમીનવિહોણા આદિવાસીઓ જ્યારે હાટમાં જાય છે અને જાતજાતની વસ્તુઓ જુએ છે ત્યારે એ વસ્તુઓ વસાવવાની તેમને ઇચ્છા થાય છે. એટલું જ નહીં હાટમાં ન વેચાતી કેટલીક વસ્તુઓ પણ તેમનું ધ્યાન ખેંચે છે. હાટમાં આવનાર કેટલાક સાઇકલ પર કે તેમનાં પોતાનાં બળદગાડાંમાં આવે છે. તેમાંના થોડાક તેમની સાથે ટ્રાન્ઝિસ્ટર પણ લાવે છે. જમીનવિહોણા આદિવાસીઓ જ્યારે હાટમાં જાય છે ત્યારે આ બધું જુએ છે અને તેમને લાગે છે કે એક દિવસ તેમની પાસે પણ બળદગાડું, ટ્રાન્ઝિસ્ટર, સાઇકલ અથવા કાંડા-ઘડિયાળ હશે. જુદા જુદા આર્થિક સ્તર ધરાવનારા ઘણા લોકો હાટમાં ભેગા થાય છે. આથી જમીનવિહોણા આદિવાસીઓને બીજાઓની પાસે શું છે અને પોતાની પાસે શું નથી તે નજરે જોવાની તક સાંપડે છે.



જમીનવિહોણા આદિવાસીઓ કેવળ વસ્તુઓ ખરીદવા જ હાટમાં જતા નથી. તેઓ તેમનો વખત બીજી રીતે પણ વિતાવે છે. તેઓ બીજા ગામના તેમના મિત્રોને અને સગાંસંબંધીઓને મળે છે. જ્યારે તેઓ સાથે થાય છે ત્યારે એકબીજાની તબિયતના સમાચાર પૂછે છે અને તેમના ઠેકાણાં અંગેની ભાળ મેળવે છે. કુટુંબમાંથી કોણ ક્યાં ગયું છે, ક્યા કામ માટે અને કેટલી મજૂરી મેળવે છે તે અંગેની પણ તેઓ પૂછતાછ કરે છે. આવી પૂછતાછથી તેમની સામાજિક જરૂરિયાત સંતોષાય છે. એટલે કે તેઓ એકબીજાનાં ખબરઅંતર પૂછી શકે છે અને લાગણીના સંબંધોની દૃષ્ટિએ એકબીજાની નજીક આવી શકે છે. નોકરીને કારણે અથવા સામાજિક રિવાજને કારણે (જેમ કે ખંધાડિયા પદ્ધતિ) એકબીજાથી જુદા પડેલા ભાઈઓ હાટમાં મળી શકે છે.

જમીનવિહોણા કોટવાળિયાઓ જ્યારે તેમનાં સગાંસંબંધીઓને મળે છે ત્યારે તેઓ કૌટુંબિક બાબતો, તબિયત, માંદગી, મૃત્યુ વગેરે વિશે વાતો કરે છે. નજીકના જંગલની પરિસ્થિતિ વિશે જંગલના રક્ષકો વિશે પકડાયા વિના જંગલમાંથી વાંસ લાવવા વિશે પણ તેઓ વાતો કરે છે. જંગલમાં વાંસ લેવા જવાનું થાય ત્યારે ફોરેસ્ટરો સાથે થતી તકરાર અંગે પણ ગંભીરતાપૂર્વક આ કોટવાળિયાઓ વાતો કરે છે.

કેટલાંક જમીનવિહોણા આદિવાસી કુટુંબો હાટમાં આવવાની તકનો ઉપયોગ હાટની દુકાનોમાંથી વસ્તુઓ ખરીદવા ઉપરાંત બીજાં પણ કેટલાંક કામો પતાવવા માટે કરી લે છે. કસબા અથવા શહેરમાં હાટ ભરાય છે ત્યાં હાટમાં આવનાર આ આદિવાસીઓ રેશનકાર્ડ માટે તેમનાં નામ નોંધાવે છે અથવા કચેરીમાં કાર્ડ રીન્યુ કરાવે છે. સસ્તા અનાજની દુકાનોમાંથી અનાજની ખરીદી પણ તેઓ કરે છે. તેમાંના કેટલાક હાટનાં ગામોમાં, કસબામાં કે શહેરમાં વસતા તેમનાં સગાંસંબંધીઓના ઘરે પણ જાય છે. કેટલાક ખાનગી દાક્તરો પાસે દવા લેવા જાય છે. કેટલાક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત લે છે. કેટલાક તે દિવસે સિનેમા જોવા પણ જાય છે. તેઓ ચાલુ ચિત્રની, તેના કથાવસ્તુની કલાકારોની તેમ જ ગાયનોની વાત કરે છે. તેઓમાંના કેટલાક એસ. ટી. સ્ટેન્ડ કે ડેપોની ફરતે ભેગા થાય છે. કુતૂહલપૂર્વક આવતી જતી બસને જુએ છે. આ તેમને માટે સમય પસાર કરવાનું સાધન છે. સોનગઢ, ઉનાઈ, વ્યારા જેવા કેટલાક મોટા હાટમાં તેઓ ઘડિયાળની, રેડિયોની કે દરજીની

દુકાનની બહાર ઊભા રહે છે. પોતે જે જોયું હોય તે વિશે વાતો કરતા પણ તેઓ જોવા મળે છે.

## ૨. નાના ખેડૂતો

નાના ખેડૂતો પાંચ એકર અથવા તેથી ઓછી ખેતીલાયક જમીન ધરાવતા હોય છે. તેમની જમીનની ગુણવત્તા પણ હંમેશાં ઊંચા પ્રકારની હોતી નથી. તેઓ આવી જમીનને દાદરી જમીન કહે છે. તેઓ ખેતીમાં જે પકવે છે તે તેમને છ માસ પણ ચાલતું નથી. તેમના કુટુંબના કેટલાક સભ્યોએ ખેતમજૂર તરીકે કામ કરવું પડે છે, કારણ કે ખેતીમાંથી તેમને થતી આવક અપૂરતી હોય છે. આ ખેડૂતો અને જમીનવિહોણા આદિવાસીઓ વચ્ચેનો એક માત્ર તફાવત એ છે કે આ લોકો થોડી જમીન ધરાવે છે. આને કારણે વરસના અમુક દિવસો દરમ્યાન તો તેઓ કમસે કમ પોતાના કામમાં રોકાયેલા રહે છે. આ ઉપરાંત તેઓ થોડું અનાજ, કઠોળ અને શાકભાજી ઉગાડે છે જેથી તેમની થોડી જરૂરિયાત સંતોષાઈ શકે.

કેટલાક નાના ખેડૂતો હમણાં હમણાં હીરાનાં કારખાનાંઓમાં જાય છે. આ લોકો ખાસ ભણેલા હોતા નથી. હીરાને પહેલ પાડવાના કે પાલિસ કરવાના કામમાં આવડતની તેમજ એકનું એક કામ કરવાની તૈયારીની જરૂર હોય છે. નાના ખેડૂતના એક કુટુંબમાંના એક હીરા ઘસનાર સાથે અમારી મુલાકાત થઈ હતી. તે ચૌધરી હતો. તેનું કુટુંબ કેલકુઈ ગામમાં લગભગ બે એકર જમીન ધરાવતું હતું. તેની ઉંમર ૨૫ વર્ષની હતી. તે બિલકુલ ભણેલો નહોતો. હીરા ઘસવાના કામમાં પ્રત્યેક હીરાદીઠ ૮૫ પૈસાના ભાવે તે રોજના રૂ. ૮ થી ૮–૫૦ કમાતો. આ પ્રદેશમાં હીરા ઘસવાના દર ખેતમજૂરી કરતાં ત્રણ ગણા ઊંચા હતા. આથી આ માણસ મહિને લગભગ રૂ. ૨૦૦ થી ૨૫૦ કમાતો. વળી તેને બીજી પણ કેટલીક સગવડ હતી. તેને રવિવારે રજા મળતી. જમીન તેની પત્ની સાચવતી. કેટલાક દિવસોમાં તેની પત્ની પણ ખેતમજૂરી માટે જતી અને રોજના રૂ. ૨–૫૦ કમાતી. આ માણસ પોતે પણ જ્યારે ખેતીના કામમાં તેની જરૂર પડતી ત્યારે કારખાનામાં રજા પાડતો.

આમ જેઓની પાસે આવા યોગ્ય વેતન મળી રહે તેવાં કામો હોય છે તેઓ પોતાની જાતને નસીબદાર માને છે. નાના ખેડૂત આદિવાસીઓનાં સંતાનો હીરા ઘસવાના તેમ જ અન્ય એવા આવડત અથવા આંશિક



આવડતવાળા વ્યવસાયમાં પ્રવેશી રહ્યા છે. આવું ખાસ કરીને બુહારી, વાલોડ, વ્યારા, ચીખલી, કડોદ અને બારડોલીની આજુબાજુનાં ગામોમાં બની રહ્યું છે.

## હાટમાં તેમની ભૂમિકા અને સામેલગીરી

આદિવાસી પ્રદેશમાં ભરાતા હાટની આ નાના ખેડૂતો વારંવાર મુલાકાત લે છે. તેઓ ખાસ કરીને શાકભાજી અને ફળ ઉગાડે છે તેમ જ વન્ય પેદાશો ભેગી કરે છે. અને પોતાના ગામની નજીકના હાટમાં આ વસ્તુઓ તેઓ વેચવા લઈ જાય છે. અનાજ વગેરે પણ તેઓ હાટમાં વેચે છે.

ધરમપુર તાલુકાના ઓઝર ગામના આદિવાસીનો કિસ્સો આ બાબતમાં પ્રતિનિધિરૂપ છે. જે દિવસે અમે તેને મળ્યા તે દિવસે તેના ગામથી તે ૧૦ કિલો રીંગણાં લાવ્યો હતો. એક રૂપિયે એક કિલોના ભાવે તેણે એ રીંગણાં વેચ્યાં અને તે દિવસે તે ૧૦ રૂપિયા કમાયો. હાટ સિવાયના દિવસોએ તે આ રીંગણાં ગામમાં ફરીને ગામના લોકોને વેચી દેતો. પરંતુ તેને માટે હાટ વધુ સારું વેચાણકેન્દ્ર હતું. તેણે કહ્યું કે ગામમાં તેને શાકભાજીના સારા ભાવ મળતા નથી. વળી ગામમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરવું પડે છે, તેથી સમય અને શક્તિ બંનેનો બગાડ થાય છે. તેણે ઉમેર્યું કે શિયાળાની મોસમના ચાર મહિનામાં (નવેમ્બરથી ફેબ્રુઆરી) તે રૂ. ૨૫૦ થી ૩૦૦ કમાય છે. આમાંની અડધાથી વધુ રકમ તે ફક્ત ટીસકરી હાટમાંથી જ કમાય છે. બાકીની રકમ તે તેના ગામ ઓઝરની આજુબાજુ આવેલાં ગામોમાં ફરીને કમાય છે.

નાના ખેડૂતોને લાગે છે કે હાટ તેમનાં શાકભાજીના વેચાણ માટે વધારે લાભકારક સ્થળ છે. હાટમાં શાકભાજી વેચવા માટે ઘણાં આદિવાસીઓ આવે છે. શાકભાજી વેચવા આવતા એક નાના ખેડૂતે કહ્યું, “ટીસકરી તલાટના હાટમાં હંમેશા ૨૦–૩૦ આદિવાસીઓ શાકભાજી વેચવા આવે છે. આથી અમે અમારા ધાર્યા ભાવને વળગી રહી શકતા નથી. અમને જ્યારે લાગે છે કે વખત વીતતો જાય છે અને વેચાણ થતું નથી ત્યારે અમે ભાવ ઓછા કરી દઈએ છીએ.’ પરંતુ આમ છતાં ગામમાં ઘરે ઘરે ફરીને તેઓ જે ભાવ મેળવે છે તેનાથી વધુ સારા ભાવ તેમને હાટમાં મળે છે.

બીજા એક નાના ખેડૂતે (કુકણા) કહ્યું કે ટીસકરી તલાટના હાટમાં તે શાકભાજી વેચીને ૧૦ રૂપિયા કમાય છે. આ હાટમાં અઠવાડિયે એક દિવસ તે નિયમિત જાય છે. બીજા દિવસોમાં જુદાં જુદાં ગામોમાં ઘણું ફરીને તે માંડ ૩ કે ૪ રૂપિયા મેળવે છે. ધરમપુર, માંડવી, સોનગઢ, વ્યારા અને વાંસદાના જંગલ પ્રદેશમાં રહેતા નાના ખેડૂતો વન્ય પેદાશો ભેગી કરે છે અને હાટમાં વેચે છે. તેઓ ઈંડાં અને મરઘીનાં બચ્ચાં પણ વેચે છે.

આ નાના ખેડૂતો હાટમાં જે ચીજવસ્તુઓ લાવે છે અને વેચીને વેપારીઓ પાસેથી અને સામાન્ય ગ્રાહકો પાસેથી જે ભાવ મેળવે છે તેનું નિરીક્ષણ રસપ્રદ થઈ પડશે (કોઠો ૧૨). તેમની પાસે ખરીદી કરનારાઓમાં અથવા ગ્રાહકોમાં હાટમાં આવનાર આદિવાસીઓ તેમ જ બિન-આદિવાસીઓનો સમાવેશ થાય છે. અનાજના વેપારીઓ સાથે પણ આ લોકોએ વ્યવહાર કરવો પડે છે. આ વેપારીઓ તેમની ચીજવસ્તુઓ મોટા જથ્થામાં ખરીદે છે.

કોઠા ૧૨માં જે ભાવ દર્શાવવામાં આવ્યા છે તે ઉકતા, લવકર, ટીસકરી તલાટ અને નાના પોંઢા હાટમાં પ્રવર્તે છે. અનાજ અને કઠોળ ઉગાડનારા નાના ખેડૂતોએ પોતાની જરૂરિયાતોની અવગણના કરીને પોતાનું ઉત્પન્ન વેચી નાખવું પડે છે. પાક તૈયાર થઈ જાય છે ત્યારે જ તેઓ મોટા ભાગનું ઉત્પન્ન વેચી નાખે છે. તેઓને કપડાં, દવા, લગ્નખર્ચ વગેરે માટે નાણાંની જરૂર હોય છે.

ઓઝરના એક વારલી આદિવાસીએ એક મણ ભાત હાટમાં વેચી નાખ્યું. તે તેનાં બાળકો માટે નવાં કપડાં સિવડાવવા ઇચ્છતો હતો. ત્રણ મહિના પછી તેણે પોતાના વપરાશ માટે ભાત ખરીદવું પડયું. બીજા એક કુકણા આદિવાસીએ પાંચ મણ ભાત હાટમાં વેચ્યું. તેને તેના દીકરાના લગ્ન માટે નાણાં જોઈતાં હતાં. તેને ૧૦૦ રૂપિયા મળ્યા. આ નાણાંમાંથી તે ધરમપુર શહેરમાંથી ખાંડ, ચા, તેલ, મસાલા વગેરે લઈ આવ્યો. પરંતુ જૂનના અંત ભાગમાં પોતાના ઘરવપરાશ માટે તેણે અનાજ ખરીદવું પડયું. આવો જ કિસ્સો ઓઝર ગામના બીજા એક આદિવાસીનો હતો. કાપડના વેપારી પાસે લીધેલાં નાણાં ચૂકવવા તેમજ ઈલેક્ટ્રિક મોટરનાં નાણાં ચૂકવવા તેણે ભાત વેચવું પડયું. બીજા એક ગરીબ ખેડૂતે હોસ્પિટલમાં દાખલ કરાયેલ પોતાની પત્નીને દાક્તરી સારવાર અપાવવા માટે ભાત અને કઠોળ વેચી નાખવા પડયાં.



તેઓ સસ્તા દરે વેચે છે અને મોંઘા દરે ખરીદે છે. આથી વેચવા-ખરીદવાની સમગ્ર પ્રક્રિયામાં તેઓ નુકસાની જ વેઠે છે. એક કિલોગ્રામ અનાજ અથવા કઠોળ માટે તેઓએ ૫૦ પૈસાથી ૧ રૂપિયા સુધીની વધારે રકમ ચૂકવવી પડે છે. નીચેનો કોઠો ખરીદી અને વેચાણના ભાવની માહિતી આપે છે.

**અછતના સમયમાં નાના ખેડૂતો અનાજ અને કઠોળ ખરીદે છે તેના ભાવ (માર્ચ) પછી***

| | | A | B | |
|---|---|---|---|---|
| **અનાજ અને કઠોળ** | | **ખરીદના ભાવ** | **વેચાણના ભાવ** | **તફાવત** |
| ડાંગર/ભાત | એક કિલોના | રૂ. ૧–૫૦ | રૂ. ૧–૦૦ | રૂ. ૦–૫૦ |
| નાગલી | ,, | રૂ. ૧–૫૦ | રૂ. ૧–૦૦ | રૂ. ૦–૫૦ |
| કોદરા | ,, | રૂ. ૧–૨૫ | રૂ. ૦–૭૫ | રૂ. ૦–૫૦ |
| તુવેર | ,, | રૂ. ૨–૫૦ | રૂ. ૧–૫૦ | રૂ. ૧–૦૦ |
| અડદ | ,, | રૂ. ૨–૨૫ | રૂ. ૧–૫૦ | રૂ. ૦–૭૫ |
| વાલ | ,, | રૂ. ૧–૫૦ | રૂ. ૧–૦૦ | રૂ. ૦–૫૦ |
| વારી | ,, | રૂ. ૧–૨૫ | રૂ. ૦–૭૫ | રૂ. ૦–૫૦ |

* આ ભાવ ધરમપુર તાલુકાના સુથારપાડા, ટીસકરી તલાટ, લવકર અને નાના પોંઢાના છે.

A. ખરીદના ભાવ એટલે આ નાના ખેડૂતો હાટના વેપારીઓને અથવા ગામના દુકાનદારોને અનાજ અને કઠોળ ખરીદવા ચૂકવે છે તે. આ ભાવ ૧૯૭૭ના એપ્રિલ–મેમાં પ્રવર્તતા હતા.

B. વેચાણભાવ એટલે જે ભાવે નાના ખેડૂતો હાટના વેપારીઓને અનાજ અથવા કઠોળ વેચે છે તે. આ ભાવ ૧૯૭૮ના જાન્યુઆરીમાં પ્રવર્તતા હતા.

આમ નાના ખેડૂતો હાટમાંના ખરીદી-વેચાણમાં કશો લાભ પ્રાપ્ત કરતા નથી. જ્યારે તેઓ અનાજ-કઠોળ વેચે છે ત્યારે તેમણે અનાજના વેપારીઓ સાથે પાનું પાડવું પડે છે. આ વેપારીઓ ભાવની બાબતમાં ચાલાકી કરે છે. જ્યારે તેઓ શાકભાજી વેચે છે ત્યારે તેઓએ એનું વેચાણ હરીફાઈના ભાવે કરવું પડે છે, કારણ કે એક જ હાટમાં શાકભાજી વેચનારાઓની સંખ્યા મોટી હોય છે.

નાના ખેડૂતોના પણ બે ભાગ પડે છે. (૧) અનાજ, શાકભાજી, ફળો અને વન્ય પેદાશો વેચનારા. આ લોકો મોટેભાગે નિયમિતપણે હાટમાં આવે છે. હાટમાં (અને હાટ સિવાયના દિવસોએ ગામોમાં ફરીને) જે કંઈ કમાય છે તે જ તેમની ખરીદશક્તિનું મુખ્ય સાધન બને છે. (૨) એવા ખેડૂતો કે જેઓનું આજીવિકાનું મુખ્ય સાધન ખેતરનું કામ કે કારખાનાંઓમાંની આવડત આ બિન-આવડતનું કામ છે. તેઓ હાટમાં નિયમિત આવતા નથી.

આદિવાસી પ્રદેશના જુદા જુદા હાટમાં આવનાર ૧૫ નાના ખેડૂતો પાસેથી મેળવેલી માહિતી દર્શાવે છે કે તેઓમાંના ફક્ત એક પાસે જ ૫ કરતાં ઓછા રૂપિયા હતા. ૮ પાસે ૧૧ થી ૧૫ રૂપિયા હતા; ૪ પાસે ૧૧ થી ૧૫ રૂપિયા હતા અને ૨ પાસે ૧૬ થી ૨૦ રૂપિયા હતા. આમ જમીનવિહોણા આદિવાસીઓ સાથે સરખાવતાં નાના ખેડૂતોની ખરીદશક્તિ પ્રમાણમાં સારી હતી. ૫ જમીનવિહોણા આદિવાસીઓ પૈકી ફક્ત ૧ પાસે જ ૧૦ રૂપિયાથી વધારે રકમ હતી. નાના ખેડૂતો પૈકી દર પાંચમાંથી બે પાસે ૧૦ થી વધારે રૂપિયા હતા.

૬ એવા નાના ખેડૂતો હતા જેમની પાસે ૧૦ રૂપિયાથી વધારે રકમ હતી. તેમાંનો એક પીપલવાડા ગામનો હતો. તે પંચોલ હાટમાં ૨૦ રૂપિયા લઈને આવ્યો હતો. આ રકમ તેણે જંગલ સહકારી મંડળીના કામદાર તરીકે મેળવી હતી. એ જ ગામના બીજા એક માણસે સોંઢીના એક મુસ્લિમ વેપારીને ૧૫ રૂપિયામાં એક મરઘી વેચી હતી. ત્રીજો કેળકુઈ ગામનો હતો. તેણે ગામના એક દુકાનદારને ૧ મણ કડાનું ભાત ૨૦ રૂપિયામાં વેચ્યું હતું. આ ૨૦ રૂપિયા તે પંચોલના હાટમાં લાવ્યો હતો. ચોથો ચીખલી તાલુકાના આછવણી ગામનો હતો. તેની પાસે ૧૫ રૂપિયા હતા. આ રૂપિયા તેને નવસારીની કાપડની મિલમાં કામ કરતા તેના દીકરાએ આપ્યા હતા. પાંચમો ધરમપુર તાલુકાના સમરસીંગીનો હતો. તેની પાસે પણ ૧૫ રૂપિયા હતા. આ રકમ બિલપુડીના આશ્રમમાં પટાવાળા તરીકે તેને મળતા પગારના એક ભાગ રૂપ હતી. છઠ્ઠો ધરમપુર તાલુકાના ઓઝર ગામનો હતો. તે ૧૦ કિલો કેરી, ૧૦ ઈંડાં અને ૫ કિલો કરમદાં લાવ્યો હતો. ઈંડાં તેણે ધરમપુરથી આવેલા હાટના વેપારીને વેચ્યાં હતાં. કેરી અને કરમદાં તેણે હાટમાં આવેલા સામાન્ય ગ્રાહકોને વેચ્યા હતા અને ૧૨ રૂપિયા કમાયો હતો.



નાના ખેડૂતો દ્વારા હાટમાં ઓછામાં ઓછી લવાયેલી રકમ ૪ રૂપિયા હતી. જમીનવિહોણા આદિવાસીના કિસ્સામાં એ રકમ ફક્ત ૨૫ પૈસા જ હતી. આમ છતાં તેઓની સમગ્ર ખરીદશક્તિને લાગેવળગે છે છે ત્યાં સુધી આ બંને જૂથો વચ્ચે મહત્ત્વનો તફાવત નથી. જે ૧૫ નાના ખેડૂતોની અમારી પાસે વિગતવાર માહિતી છે તે મુજબ તેઓ પાસે કુલ રકમ રૂ. ૧૬૭–૫૦ પૈસા હતી. જે નાના ખેડૂતોની પ્રત્યેક ખેડૂત દીઠ સરેરાશ રકમ રૂ. ૧૧–૭૦ બતાવે છે. જમીનવિહોણા આદિવાસીઓની સરેરાશ રકમ લગભગ રૂ. ૯ હતી.

આ આદિવાસી નાના ખેડૂતો હાટમાંથી શું ખરીદે છે? જે ૧૫ નાના ખેડૂતોની અમે મુલાકાત લીધી તેમાંથી એકે કશું નહોતું ખરીદ્યું. બાકીના ૧૪ નાના ખેડૂતોમાંથી નીચે મુજબ ખરીદી થઈ હતી. સીંગતેલ (૩), શાકભાજી (૫), ફળ (૧), સૂકી માછલી (૧), લીલો અને સૂકો મસાલો (૪), અનાજ કઠોળ (૧), ખાદ્યવાનગીઓ અને પીણાં (૧૦), મિલનું કાપડ (૨), તૈયાર કપડાં (૪), માટીનાં વાસણ (૧), કટલરી સામાન (૧), ન્હાવાનો સાબુ (૨), તમાકુ (૧), નોટબુક અને બોલપેન (૧), વાંસનાં ઘૂંઘડાં (૧) અને ખાખરાનાં પાન (૩).

પંદરે પંદર નાના ખેડૂતો જે રકમ હાટમાં લાવ્યા હતા તેનો સરવાળો કરીએ તો રૂ. ૧૬૭–૫૦ થાય. આમાંથી રૂ. ૯૯ તેઓએ હાટમાં ખર્ચ્યા હતા. એટલે કે તેઓ જે નાણાં લાવ્યા હતા અથવા કમાયા હતા તેમાંથી ૬૦ ટકા રકમ તેઓએ હાટમાં ખર્ચી હતી. જમીનવિહોણા આદિવાસીઓ સાથે સરખાવતાં નાના ખેડૂતોએ પ્રમાણમાં ઓછી રકમ હાટમાં ખર્ચી હતી. જે ૯૯ રૂપિયા તેઓએ ખર્ચ્યા તેમાં રૂ. ૩૧ શાકભાજી, મસાલા, ફળ, સૂકી માછલી વગેરેમાં ખર્ચાયા હતા (૩૧ ટકા). કુલ ખર્ચના ત્રીજા ભાગના રૂ. ૩૪ કપડાં માટે ખર્ચાયા હતા. રૂ. ૯ તમાકુ અને ખાદ્યવાનગીઓ માટે અને રૂ. ૧૧ વાંસના ઘૂંઘડાં, ખાખરાનાં પાન વગેરે પરચૂરણ વસ્તુઓ માટે ખર્ચાયા હતા. ફક્ત રૂ. ૪ ઘરગથ્થુ વસ્તુઓ જેવી કે માટીના ઘડા, ચપ્પુ કે સાબુ વગેરે માટે ખર્ચાયા હતા.

હાટમાંની ખરીદીને લાગેવળગે છે ત્યાં સુધી જમીનવિહોણા આદિ-વાસીઓ નાના ખેડૂત આદિવાસીઓ કરતાં પ્રમાણમાં વધારે રકમ તૈયાર કપડાં (જૂનાં અને વપરાયેલાં કપડાં સહિત), ઘરગથ્થુ વસ્તુઓ, ખાદ્ય-વાનગીઓ અને તમાકુ માટે ખર્ચે છે. નાના ખેડૂતો ખાવા માટે વપરાતી

વસ્તુઓ અને પરચૂરણ વસ્તુઓ માટે વધારે રકમ ખર્ચે છે. પરંતુ સમગ્ર રીતે જોતા આ તફાવત ઘણો ઓછો છે. (૪ થી ૬ ટકા) હાટમાં થતા કુલ ખર્ચમાંથી ખાવા માટે વપરાતી વસ્તુઓ તથા કપડાંના ૬૫ ટકા થતા હતા. બાકીની વસ્તુઓના ૩૫ ટકા.

નાના ખેડૂતો હાટના વેપારીઓ પાસેથી માલ અથવા ચીજવસ્તુઓ ઉધાર મેળવે છે. કેટલીક વાર આ ઉધારની સગવડ સાથે ખાસ પ્રકારની કોઈ શરતો જોડવામાં આવતી નથી. એક ચૌધરી આદિવાસીએ કહ્યું, 'પંચોલ હાટનો એક વેપારી મારો ઓળખીતો છે. તેણે મને અનાજ-કઠોળ વગેરે ઉધાર આપ્યું હતું. ઉધારીની કુલ રકમ લગભગ રૂ. ૧૦ હતી. આ ત્રણ મહિના પહેલાંની વાત. પરંતુ હજી ગયા અઠવાડિયે જ આ પૈસા મેં તેને ચૂકવ્યા. આ પૈસાની તેણે મારી પાસે કોઈ દિવસ ઉઘરાણી કરી નથી.'

કેટલાક નાના ખેડૂત આદિવાસીઓ જાણીજોઈને હાટના વેપારીઓ પાસેથી ઉધાર માલ લેતા નથી. તેઓ તેમની જરૂરિયાતો ખરીદવાનું મુલતવી રાખે છે. હીરા ઘસનાર એક આદિવાસીએ કહ્યું કે વેપારી એક વાર તમને માલ ઉધાર આપે તે પછી તે તમારા વિશે બીજા માણસો જેવા કે સગાંસંબંધીઓ, ગામના માણસો વગેરેને પૂછવા માંડે. પછી એવું બને કે આ પછી બે કે ત્રણ અઠવાડિયાં તમે હાટમાં જઈ ન શકો. વેપારીઓ તમારા સગાંસંબંધીઓ કે મિત્રોને જે પૂછે તે ઉપરથી તેઓને એમ લાગે કે વેપારીની તમારી પાસે મોટી રકમ નીકળે છે અને એને કારણે જ તમે હાટમાં જવાનું ટાળો છો. અને પછી આવા ખોટા સમાચાર ફેલાવવામાં આવે છે. નજીવી રકમ માટે આવી ચર્ચાનો વિષય હું બનવા માગતો નથી.

નાના ખેડૂત આદિવાસીઓ કાંઈ એક જ દુકાનેથી ખરીદી કરતાં પહેલાં એક જ પ્રકારની ચીજવસ્તુઓ જ્યાં વેચાતી હોય તેવી જુદી જુદી દુકાનોએ ફરે છે. તેઓ ઉતાવળમાં ખરીદી કરતા નથી. માલના ભાવ, ગુણવત્તા અને ટકાઉપણા વિશે તેઓ પૂછપરછ કરે છે. ખાસ કરીને જેઓ હાઈસ્કૂલમાં ભણ્યા હોય તેઓ તેમ જ વ્યારા, બારડોલી, સુરત, વલસાડ વગેરે શહેરોની દુકાનોમાં ખરીદીનો અનુભવ ધરાવતા હોય છે તેઓ તેમની માગણીમાં વધારે ચોક્કસ હોય છે. તેઓ હાટના વેપારીઓને સ્પષ્ટપણે કહે છે કે તેઓ કાપડ, વાસણ વગેરે માટે ઘણા વધારે ભાવ



લે છે. હાઈસ્કૂલમાં ભણેલા કેટલાક આદિવાસીઓ વેપારીઓના લોભિયા-પણાની અને પૈસા પડાવવા માટેની તેમની દાનતની ટીકા પણ કરે છે.

કેટલાક મોટા વેપારીઓ બરાબર જાણે છે કે ભણેલા, તેમ જ શહેરનાં ઔદ્યોગિક કેન્દ્રો સાથે સંપર્કમાં રહેનારા આદિવાસીઓ ત્યાં વેચાતા માલના ભાવતાલ અને ગુણવત્તા વિશે ખૂબ જ સારી માહિતી ધરાવતા હોય છે. બુહારી હાટના કાપડના એક વેપારીએ ટીકા કરતાં કહ્યું, 'આદિવાસી કુટુંબોના આ ભણેલા જુવાનિયા અમારે માટે માથાનો દુખાવો થઈ ગયા છે. તેઓ કંઈ ખરીદતા નથી પણ ફક્ત લહેર કરી વખત પસાર કરે છે. તેઓ અમારા ઉપર આક્ષેપો કરે છે અને અમારી ધંધાની રીતોનો દોષ કાઢે છે. આ લોકોને ભણાવીને સરકાર ઘણું નુકસાન કરી રહી છે. આ લોકોના શિક્ષણ પાછળ પૈસા ખરચવા એ નર્યો બગાડ છે.' આમ વ્યારા, બુહારી, પંચોલ, સોનગઢ, ઉનાઈ, આછવણી વગેરે હાટમાં નાના અને મધ્યમ ખેડૂતોનાં કુટુંબોમાંના ભણેલા યુવાન છોકરાઓની હાજરી મોટા વેપારીઓમાં અશાંતિનું વાતાવરણ સરજી રહી છે.

હાટના વેપારીઓના મૂલ્યાંકનમાં નાના ખેડૂતો એકબીજાથી જુદા પડે છે. જે લોકો વેપારીઓ તરફથી ઉધાર માલની સગવડ મેળવે છે તેઓ હાટના વેપારીઓ વિશે સારો અભિપ્રાય ધરાવે છે. બીજા કેટલાક એવા છે કે જેઓ હાટના વેપારીઓના વર્તનવ્યવહાર વિશે સંપૂર્ણપણે પ્રતિકૂળ અભિપ્રાય ધરાવે છે. 'આ વેપારીઓ અમારા જેવા ગરીબ લોકોનું હંમેશા શોષણ કરે છે. ગરીબ આદિવાસીઓ માટે તેમનામાં દયાની લાગણી નથી.' પીપલકૂવા ગામના બાપુ ગામીતે કહ્યું. ચીખલી તાલુકાના આછવણી ગામના એક આદિવાસીનો અભિપ્રાય એવો હતો કે મોટા વેપારીઓ (અનાજ, કાપડ, વાસણ અને ઘરેણાં વેચનારા) અને કેટલાક નાના વેપારીઓ (સૂકી માછલી વેચનારા) હંમેશા વધારે ભાવ લે છે અથવા માલની ગુણવત્તા બાબતમાં ગ્રાહકોને છેતરે છે.

સાથે સાથે નાના ખેડૂતામાં એક એવું પણ જૂથ છે કે જે આ અભિપ્રાયને તરત માન્ય રાખતું નથી. તેઓ વેપારીઓને પણ સારાં નરસાં તત્ત્વો ધરાવતા કોઈ એક જૂથ જેવા જ ગણે છે. હકીકતમાં આ લોકોમાંના કેટલાક વેપારીઓને તેમના મિત્રો ગણે છે. હાટના વેપારીઓ તરફ જેઓ સહાનુભૂતિપૂર્વક જુએ છે તે નાના ખેડૂતોએ ક્યાં તો ભૂતકાળમાં વેપારીઓ પાસેથી ઉધારની સગવડ મેળવી હોય છે, ક્યાં તો

હાલમાં મેળવતા હોય છે. વેપારી નાના ખેડૂતને જ્યારે માલ ઉધાર આપે છે ત્યારે તેના પક્ષે ઘણી નાની રકમ એમાં રોકાય છે પણ નાના ખેડૂતને માટે એક મોટી સહાય બને છે. આથી આવા ખેડૂતો વેપારીઓના વર્તનના વખાણ કરે છે. તેઓ આ વેપારીઓને 'મિત્રો', 'દાતાઓ' કે 'સારા માણસો' તરીકે ઓળખાવે છે.

નાના ખેડૂતો ઉપર હાટનો એક ચોક્કસ પ્રભાવ છે. તેઓ જ્યારે હાટમાં જાય છે ત્યારે ઉત્તમ ગુણવત્તાવાળું કાપડ (ટેરીકોટન, ટેરેલીન, નાયલોન વગેરે) તેમ જ પિત્તળનાં તથા સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો હાટમાંથી ખરીદવાની ઇચ્છા કરે છે. એઓને લાગે છે કે જો તેઓ પાસે સારી રકમ હોય તો તેઓ આ વસ્તુઓ ખરીદી શકે. તેઓમાંના ઘણા નિઃસહાયતાનો અનુભવ કરે છે. કેટલાક નાના ખેડૂતોની આકાંક્ષા જમીન-વિહોણા આદિવાસીઓ કરતાં સ્પષ્ટપણે જુદી જ હોય છે. તેઓ જ્યારે હાટમાં જાય છે ત્યારે વેપારીઓએ અને હાટમાં આવનાર બીજા કેટલાકોએ પહેરેલાં કાંડા-ઘડિયાળો જુએ છે અને તેઓને લાગે છે કે તેઓએ એ ખરીદવાં જોઈએ.

કેટલાક નાના ખેડૂતોને વેપાર કરવાની ઇચ્છા થાય છે. તેમને લાગે છે કે તેમણે તેમનું હાલનું ખેતમજૂરીનું કામ અથવા થોડી જમીનના ખેડાણની પ્રવૃત્તિ છોડી દેવાં જોઈએ અને કોઈક સ્વતંત્ર ધંધો શરૂ કરવો જોઈએ. હાટમાં જવાને કારણે અને હાટના કેટલાક વેપારીઓના સંપર્કને પરિણામે તેમનામાં આ ઇચ્છા જાગી છે. એક ચૌધરી આદિવાસી કાપડનો ધંધો શરૂ કરવા ઇચ્છે છે. તેને લાગે છે કે તેણે પેલા કાપડના વેપારી સાથે ભાગીદારીમાં કામ કરવું જોઈએ.

બીજા એક નાના ખેડૂતે કહ્યું, 'હું જ્યારે હાટમાં જાઉં છું ત્યારે મને મારી હાલની બિલપુડી આશ્રમના પટાવાળાની નોકરી છોડી દેવાનું અને કાંઈ ધંધો ચાલુ કરવાનું મન થાય છે. નોકરીમાં તમે એકના એક કામ સાથે જડાયેલા રહો છો અને વખતથી બંધાયેલા રહો છો. તમે વધારે કમાઈ શકતા નથી. હું લાચાર છું, વેપારીને કોઈ બંધન નથી. એને એની પ્રવૃત્તિમાં કોઈ મર્યાદા નડતી નથી. એ એક સારો ધંધો છે.' ભવિષ્યમાં કાપડનો ધંધો શરૂ કરવાનું તે વિચારે છે. આમ કેટલાક નાના ખેડૂતો તેમની આર્થિક સ્થિતિની સરખામણી કેટલાક સારી સ્થિતિ ધરાવતા વેપારીઓ સાથે કરે છે અને તેઓ આવા વેપારીઓ થવાની આશા પણ રાખે છે.



નાના ખેડૂતો હાટને સામાજિક સંપર્કોનું, ખબરઅંતર પૂછવાનું અને આનંદ પ્રાપ્ત કરવાનું એક સ્થળ માને છે. તેઓ મિત્રો અને સગાંસંબંધીઓ સાથે હાટમાં જાય છે. તેઓ તેમનો સમય ખરીદી કરવામાં તેમ જ સામાજિક બાબતોની વાતો કરવામાં વિતાવે છે. તેઓ એક-બીજાના ઘર-કુટુંબ વિશે તેમ જ કામકાજ વિશે વાતો કરે છે. બિન-આદિવાસી વેપારીઓ પાસેથી તેઓ શહેરી જીવનનાં કેટલાંક પાસાંઓ વિશે જાણકારી મેળવે છે. જેમ કે, શહેરમાં મકાનની અછત, ત્યાંનું સખત કામ અને દોડધામવાળું જીવન વલસાડ, સુરત વગેરે શહેરોમાં ભણેલા લોકોમાં વધતી જતી બેકારી વગેરે. આમ તેમની વાતોમાં સામાજિક, રાજકીય, આર્થિક વગેરે જુદાં જુદાં પાસાંઓનો સમાવેશ થાય છે.

નાના ખેડૂતો પણ હાટમાં જવાની તકનો બીજાં કામો પતાવવામાં ઉપયોગ કરે છે. જો હાટ કસબાના સ્થળે હોય તો તેઓ કેટલીક સરકારી કચેરીઓની મુલાકાત લે છે. અર્થાત્ બીજા ત્રીજા વર્ગના અધિકારીઓ પાસે જાય છે અને તેમનું કામ પતાવવાના પ્રયત્ન કરે છે. વિશેષ કરી તેમનું કામ નહેર સંબંધી અથવા જમીનના રેકોર્ડ, વીજળી, જમીનનો વિકાસ અથવા વિકાસની કે સહાયની યોજના સંબંધી હોય છે. જમીન-વિહોણા આદિવાસીઓની જેમ તેઓ પણ હાટના દિવસે સિનેમાની લાઈનમાં ઊભા રહે છે.

નાના ખેડૂતોમાં જમીનવિહોણા આદિવાસીઓ કરતાં કંઈક જુદું પડતું તત્ત્વ દેખાય છે તે એ કે જે કસબા અથવા શહેરમાં હાટ ભરાય છે ત્યાંની કેટલીક ખાસ દુકાનો ઉપર તેમનો વધતો જતો વિશ્વાસ. આમાં લોટ દળવાની ઘંટી, તેલનો ડેપો, ભાત છડનારી મિલ, નાના પ્રકારનાં ખેતીવિષયક ઓજારોનું સમારકામ કરનારી દુકાનો વગેરેનો સમાવેશ થાય છે. આ નાના ખેડૂતો તાલુકા અથવા કસબાકક્ષાની જુદી જુદી સરકારી કચેરીઓ સાથે થોડે અંશે સંકળાયેલા હોય છે. આવું જમીનવિહોણા આદિવાસીઓની બાબતમાં હોતું નથી.

નાના ખેડૂતો સામાજિક મુલાકાતોમાં તથા એ અંગેની ચર્ચામં પણ રોકાય છે. તેઓ જ્યારે હાટમાં આવે છે ત્યારે તેમના મિત્રોને, સંબંધીઓને કે પરિચિતોને મળવામાં તેમના બે-ત્રણ કલાક વિતાવી દે છે. તેઓ ઘણી બધી બાબતો વિશે વાતો કરે છે. તેઓ એકબીજાને ચા-નાસ્તો પણ કરાવે છે. હાટમાં તેઓ ઘણી બધી વસ્તુઓ વિશે શીખે છે. આમ હાટમાં જવાનું કામ તેમને માટે એક સામાજિક બનાવ છે.

૬

# ઉપલા સ્તરના આદિવાસીઓ

## ૧. મધ્યમ ખેડૂતો–આર્થિક સ્થિતિ

૫ થી ૧૫ એકર સુધીની ખેતીલાયક જમીન ધરાવનારાઓ મધ્યમ ખેડૂતો છે. તેઓ ગામીત, વસાવા, ચૌધરી, ઢોડિયા, વારલી, કુંકણા વગેરે છે. તેઓ પાસે સિંચાઈની સગવડવાળી જમીન છે. તેઓ કુદરતી ખાતર તેમ જ રસાયણિક ખાતરોનો પણ ઉપયોગ કરે છે. તેઓ ખેતી માટેનાં આધુનિક ઓજારોનો પણ ઉપયોગ કરે છે. કુકણા આદિવાસી મધ્યમ ખેડૂત ગમન ભાયલુની વાત અહીં કહેવા જેવી છે. ગમન ધરમપુર તાલુકાના બીલપુડીમાં રહે છે. તે તલાટ વિસ્તાર ( એટલે કે મેદાનો )માં ૬ એકર ખેતીલાયક જમીન ધરાવે છે. તે નવમા ધોરણ સુધી ભણેલો છે. હાલમાં તે માલનપાડામાં ડેપો ક્લાર્ક તરીકે નોકરી કરે છે. આ નોકરી સરકારી છે. તેને મહિને રૂ. ૩૦૦નો પગાર મળે છે. તેના કુટુંબના સભ્યો જમીન ખેડે છે. તેનું ઘર મોટું છે. ઘરવપરાશની ટકાઉ વસ્તુઓ તેની પાસે છે.

બીજો કિસ્સો કાન્તાબહેનનો છે. કાન્તાબહેન ચૌધરી છે. તેઓ વ્યારા તાલુકાના ડોલવણ ગામમાં રહે છે. તેમની પાસે ૮ એકરથી વધારે ખેતી લાયક જમીન છે. તેઓ પોતે ભણેલાં નથી. પરંતુ તેમણે તેમની દીકરીને એસ. એસ. સી. સુધી ભણાવી છે. તેમનો એક દીકરો વ્યારાની કૉલેજમાં ભણ્યો છે. હમણાં તે જ ખેતી સંભાળે છે. તેઓ વિલાયતી નળિયાવાળા પાકા મકાનમાં રહે છે. તેમના ઘરમાં સ્ટીલનો કબાટ તથા પિત્તળ અને સ્ટીલનાં વાસણો પણ છે. કમ્પાઉન્ડમાં કૂવો પણ છે. પોતાની માલિકીના આંબાના કેટલાંક ઝાડ છે. તેઓ મરઘાં પણ રાખે છે. તેમની આર્થિક સ્થિતિ સરેરાશ કરતાં ઊંચી છે.

અગાઉ વર્ણવેલાં બે જૂથો કરતાં મધ્યમ ખેડૂતોની સ્થિતિ વધારે સારી છે. તેઓને તેમની આર્થિક કક્ષા વિશે પૂછવામાં આવે તો તેઓ



ખંચકાટ વિના કહે છે કે તેઓ મધ્યમ કક્ષા ધરાવે છે. ગરીબ પણ નહિ, પૈસાદાર પણ નહિ. જમીન-મિલકત ધરાવતા હોવાથી તેઓને બીજાઓ ઉપર આધાર રાખવો પડતો નથી. તેઓ પોતાની જમીન ખેડે છે. કેટલાક જમીન ખેડવા મજૂરો પણ રાખે છે. તેમનામાંના કેટલાકે સારું શિક્ષણ મેળવેલું છે : હાઈસ્કૂલનું અને તેથી ઉપરનું. આ શિક્ષણે તેમને ગામડાંની શાળાઓ, પોસ્ટઑફિસ, રાજ્ય પરિવહનની કચેરી, સહકારી મંડળીઓ વગેરેમાં નોકરી મેળવવામાં સહાય કરી છે. તેમનાં કુટુંબના ઓછું ભણેલા સભ્યો સુરત, નવસારી, વલસાડ વગેરે શહેરોનાં કારખાનાંઓમાં કામ કરે છે. પોષણક્ષમ જમીન ઉપરાંત ક્લાર્ક, શિક્ષક, પટાવાળા કે પોસ્ટમેન જેવી સલામત નોકરી : આ બંનેએ આ સ્તરના આદિવાસી કુટુંબોને ગામમાં સ્થિર અને સગવડવાળું જીવન ગુજારવામાં સહાય કરી છે. આમ વ્યાપકપણે જોતાં આ સ્તર સામાજિક અને આર્થિક રીતે જમીનવિહોણા અને નાના ખેડૂતોનાં કુટુંબો કરતાં ઊંચી કક્ષાનાં કુટુંબો ધરાવનારું છે.

### હાટમાં તેમની ભૂમિકા અને સામેલગીરી

મધ્યમ ખેડૂતો તેમના ગામની નજીક ભરાતા હાટમાં નિયમિત જાય છે. જો કે કેટલાક પ્રસંગોપાત્ત જાય છે : મહિનામાં એક વાર કે બે મહિને એક વાર. તેમની હાટમાં જવાની નિયમિતતા ઘણાં પરિબળો ઉપર આધાર રાખે છે. વધારે મઝાની વાત એ છે કે આ ખેડૂતોમાંના કેટલાક પોતાના ગામમાં દુકાનો પણ ચલાવે છે. આ દુકાનોમાં તેઓ દૈનિક જરૂરિયાતની વસ્તુઓ જેવી કે ખાંડ, ચા, તમાકુ, મસાલા, કેરોસીન વગેરે વેચે છે. આ દુકાન ચલાવનારા ખેડૂતો નિયમિતપણે હાટમાં જાય છે. તેઓ તેમની દુકાનની જરૂરિયાતો હાટમાંથી મોટા જથ્થામાં ખરીદે છે. પછી તેઓ તેમની ગામની દુકાનોમાં આ વસ્તુઓ છૂટકમાં ઊંચા ભાવે વેચે છે. આદિવાસી પ્રદેશના ઘણાં ગામોમાં મોટી સંખ્યામાં આવી દુકાનો થઈ છે. આમાંના મોટા ભાગના દુકાનદારો આદિવાસીઓ છે. અને તેઓ આદિવાસી સમાજના મધ્યમ અથવા ઉપલા સ્તરોમાંથી આવે છે.

કાકડવાનો બાબર ધનજી ( કુકણા જાતિ ) દર મંગળવારે ઉનાઈ હાટમાં જાય છે. એ ગામમાં તેની દુકાન છે. તે પોતાના બળદગાડામાં હાટમાં જાય છે. બીજો માંડવી તાલુકાનો મધ્યમ ખેડૂત દુકાનદાર મનોહર ઇચ્છુ તેના ગામથી ચાર માઈલ દૂર આવેલા આંબા હાટમાં જાય છે.

તેના ગામમાં પાંચ દુકાનો છે. તેમાંની એક તેની માલિકીની છે. મોટા ભાગની ચીજવસ્તુઓ તે આંબાના હાટમાંથી ખરીદે છે અને તેના ગામના તેમ જ આજુબાજુનાં પાંચછ ગામોના લોકોને વેચે છે.

જેઓની હાટના ગામમાં અથવા હાટની આજુબાજુના ગામમાં કાયમી નોકરી હોય છે તેવા મધ્યમ ખેડૂતો પણ નિયમિતપણે હાટમાં જાય છે. તેઓમાંનો એક તે ગજેન્દ્ર છનિયા (ગામીત). તે જામખડી (સોનગઢ તાલુકો) ગામનો છે. તે સોનગઢમાં ટેલિફોન ઓપરેટર તરીકે કાયમી નોકરી કરે છે. તે તેની જરૂરિયાતો સોનગઢ હાટમાંથી ખરીદે છે. બીજી વ્યક્તિ તે એક શાળાના શિક્ષક છે. તેઓ એકલા જ રહે છે અને જાતે જ રસોઈ બનાવે છે. તેઓ તેમની જરૂરિયાતો પીપલવાડા હાટમાંથી ખરીદે છે.

બીજા મધ્યમ ખેડૂતો હાટમાં જવામાં અનિયમિત હોય છે. તેઓ મહિનામાં એક વાર અથવા બે-ત્રણ મહિનામાં એક વાર હાટમાં જાય છે. કોઈ ખાસ વસ્તુની જરૂર હોય તો અથવા બીજા કોઈ કામે હાટના ગામમાં તેઓ જઈ ચઢ્યા હોય તો જ હાટમાં જાય છે. તેઓમાંના એકે કહ્યું, 'જો મારે ખાસ કંઈ ખરીદવાનું ન હોય તો દુકાને દુકાને ફરવું એ સમયનો બગાડ છે. જેઓને ફાજલ સમય મળતો હોય તેઓ જ આમાં સમય બગાડી શકે. હાટમાં નવું શું હોય છે? તેના તે જ માણસો અને તેની તે જ વસ્તુઓના સંપર્કમાં તમારે મોટે ભાગે આવવું પડે છે. ચોક્કસ કામ વગર હાટમાં જવું બેકાર છે.' આ આદિવાસી મહિનામાં એક વાર કોઈ એક ચોક્કસ જરૂરિયાતને ધ્યાનમાં લઈને પંચોલ તથા ઉનાઈ હાટમાં જાય છે. કેટલાક મધ્યમ ખેડૂતોને કોઈ ચોક્કસ હેતુ વગર હાટમાં જવાનું ગમતું નથી.

મધ્યમ ખેડૂત આદિવાસીઓ હાટમાં વધારે રકમ લઈ જાય છે. જે ૨૪ મધ્યમ ખેડૂતોની અમે મુલાકાત લીધી તેમાં કોઈની પાસે પણ ૫ રૂપિયાથી ઓછી રકમ નહોતી. ૮ વ્યક્તિઓ પાસે રૂ. ૫ થી ૧૦, ૩ પાસે રૂ. ૧૧ થી ૧૫, ૩ પાસે રૂ. ૧૬ થી ૨૦, ૩ પાસે રૂ. ૨૧ થી ૩૦, ૧ પાસે રૂ. ૩૧ થી ૫૦ અને ૫ પાસે રૂ. ૫૧ થી વધારે રકમ હતી. એક વ્યક્તિ પાસે ચોક્કસ રકમ અમે જાણી શક્યા નહિ. આ મધ્યમ ખેડૂતો પૈકી ઓછામાં ઓછી રકમ રૂ. ૫ ની અને વધારેમાં વધારે રકમ રૂ. ૧૦૦ ની હતી.



મધ્યમ ખેડૂતો પાસેની રકમનો સરેરાશ રૂ. ૨૮ની આવે. નાના ખેડૂતો સાથે સરખાવતાં આ રકમ રૂ. ૧૭ વધારે અને જમીનવિહોણાઓ સાથે સરખાવતાં રૂ. ૧૯ વધારે થાય. આમ હાટમાંની ખરીદશક્તિના સંદર્ભમાં એક મધ્યમ ખેડૂતની ખરીદશક્તિ ત્રણ જમીનવિહોણા આદિવાસીઓની ખરીદશક્તિ બરાબર અથવા બે નાના ખેડૂતોની ખરીદશક્તિ બરાબર થાય. વેપારીઓ તેમની આ શક્તિ જાણે જ છે. ધરમપુર વિસ્તારમાં આ વેપારીઓ તેમને 'પાટિલ' તરીકે અને અન્ય આદિવાસી પ્રદેશમાં 'પટેલ' તરીકે સંબોધે છે. આ સંબોધન તેમની નાણાંશક્તિનો સંકેત આપનારું છે.

મધ્યમ ખેડૂતો હાટમાંથી શું ખરીદે છે? જે ૨૪ મધ્યમ ખેડૂતોની અમે મુલાકાત લીધી તેમની ખરીદી આ પ્રમાણે હતી: સીંગતેલ (૫), શાકભાજી (૧૨), ફળ એટલે કે કેરી (૧), સૂકી માછલી (૨), સૂકો અને લીલો મસાલો (૧૩), ખાદ્યવાનગીઓ, ચા અને ઠંડા પીણાં (૧૬), ચાની ભૂકી (૧), મિલનું કાપડ (૭), તૈયાર કપડાં (૮), માટીનાં વાસણો (૩), કેરોસીન (૧), તમાકુ અને બીડી (૨), નોટબુક અને શાહીનો ખડિયો (૨), ? (૧). તેઓમાંની બે વ્યક્તિઓએ હાટમાં વાળ કપાવ્યા હતા. આમ મધ્યમ ખેડૂતો પણ તેમની કેટલીક જરૂરિયાતો માટે હાટ પર આધાર રાખે છે. ખાસ કરીને અનાજ, કાપડ અને કપડાંની બાબતમાં હાટમાં જાય છે ત્યારે તેઓ પણ ચા-નાસ્તાની દુકાનોમાં બેસવાનો આનંદ માણે છે. તેઓ નાસ્તાની વિવિધ વાનગીઓ ખરીદે છે અને ખાય છે. જો કે તેઓ પોતે શાકભાજી ઉગાડે છે છતાં તેઓને હાટમાંથી જુદાં પ્રકારનાં શાકભાજી ખરીદવાનું ગમે છે.

તેઓની પૈસા ખરચવાની શક્તિ સ્પષ્ટપણે નાના ખેડૂતો અને જમીન-વિહોણાઓ કરતાં વધારે હોય છે. મધ્યમ ખેડૂતો વધુ જથ્થામાં ખરીદી કરે છે અને વધુ સારી વસ્તુઓની ખરીદી કરે છે. તેઓ હમેશાં ગુણવત્તાનો આગ્રહ રાખે છે. તેઓમાંના ઘણા માટે ભાવ એ ગૌણ બાબત હોય છે. ઓછા ભાવની અને હલકા પ્રકારની વસ્તુઓ ખરીદવાનું તેઓ પસંદ કરતા નથી.

આ મધ્યમ ખેડૂતોની ચોક્કસ પસંદગીને ધ્યાનમાં લઈને કેટલાક વેપારીઓ કાપડની, કપડાંની, વાસણોની, રસોડામાં ઉપયોગી સાધનોની, કટલરી-સાધનો અને સૌંદર્યપ્રસાધનોની તેમ જ પગરખાંઓની મોંઘી

જાતો લાવતા થયા છે. સેવા આપનારા કેટલાક વર્ગો એટલે કે કારીગરો અને સમારકામ કરનારાઓ નાના ખેડૂતો અને જમીનવિહોણાઓ કરતાં આ મધ્યમ ખેડૂતો ઉપર વધારે આધાર રાખે છે. લુહાર, દરજી, વાળંદ, ઘડિયાળ અને બેટરી દુરસ્ત કરનારાઓ, સાઇકલ દુરસ્ત કરનારાઓ અને ખાટલા બનાવનારાઓના વધુ ગ્રાહકો આદિવાસી સમાજના આ સ્તરમાંથી આવે છે.

શાકભાજી વેચનાર એક વ્યક્તિએ કહ્યું, 'ગરીબ આદિવાસીઓ મારી પાસેથી શાકભાજી ખરીદતા નથી, ખરીદી શકતા નથી. એ મોંઘાં હોય છે. ગરીબ લોકો પાલક, મેથી, ચોળા વગેરે પાંદડાંવાળી ભાજી અથવા કાંદા-બટાકા ખરીદે છે. બાર આને કે રૂપિયે કિલોથી મોંઘાં શાકભાજી તેઓ ખરીદી શકતા નથી. પણ મારા ઘરાકો સારી જમીનવાળા છે. તેમાંના કેટલાક નર્સ, માસ્તર, ક્લાર્ક વગેરેની નોકરી કરનારા છે. હું આવા લોકો માટે શાકભાજી લાવું છું. તેઓ આ હાટમાં મારી રાહ જુએ છે.'

આમ આદિવાસી સમાજના આદિવાસી મધ્યમ ખેડૂતો હાટમાં વિશિષ્ટ દરજ્જો ભોગવે છે. આનું કારણ તેમની ખરીદશક્તિ અથવા નાણાં ખર્ચ-વાની શક્તિ છે. જે એ જ સમાજના અન્ય બે સ્તરો કરતાં અવશ્ય વધારે ઊંચી છે. તેમના ગુણવત્તાના આગ્રહનું તેમ જ ઊંચા પ્રકારની પસંદગીનું પ્રતિબિંબ કેટલાક વેપારીઓ દ્વારા વેચાતી વસ્તુઓમાં જોવા મળે છે. હકીકતમાં આવા વેપારીઓનું વેચાણ આ ખેડૂતોના પ્રોત્સાહન ઉપર જ આધાર રાખે છે.

મધ્યમ ખેડૂત આદિવાસીઓ સ્વીકારે છે કે હાટના વેપારીઓ — ખાસ કરીને કાપડના અને વાસણના વેપારીઓ — તેમને ઉધારની સગવડ આપે છે. જે લોકો ઉધારી જલદી ચૂકવતા નહિ હોય તેવાઓને જ તેઓ વિવેકપૂર્વક ઉધારની સગવડ અંગે ના કહે છે. એવાઓ આગળ તેઓ પોતાની લાચારી પ્રગટ કરે છે. તેઓ જાણે છે કે મધ્યમ ખેડૂતો વગવાળા અને શક્તિશાળી હોય છે. ગરીબ અને નબળા આદિવાસી ખેડૂત જો ઉધાર નાણાં ન ચૂકવે તો તેઓ તેમને ખુલ્લે ખુલ્લી ગાળ દે છે. પરંતુ જેઓ કંઈક રાજકીય પ્રભાવ ધરાવતા હોય છે તેમની સાથે વેપારીઓ ખૂબ જ વિનમ્રતાથી અને વિવેકપૂર્વક વર્તે છે. એનું કારણ સ્પષ્ટ છે અને તે એ કે વેપારીઓને ડર લાગે છે કે આવી વ્યક્તિઓ સાથે સંઘર્ષમાં ઊતરવાથી નાહક દુશ્મનાવટ વહોરી બેસવા જેવું થાય.



મધ્યમ ખેડૂતોને વેપારીઓ તરફથી અપાતી ઉધારની સગવડ ખૂબ છૂટછાટવાળી હોય છે. અખા સુખા (ચૌધરી)ને પંચોલ હાટના કાપડના એક વેપારી સાથે સારા સંબંધો છે. ૩૫ થી ૪૦ રૂપિયા સુધીનું ઉધાર કાપડ તે કોઈ પણ સમયે ખરીદી શકે છે. બીજા એક ખેડૂત વેલજી જેઠિયાએ (ગામિત) કહ્યું : 'હું જ્યારે પણ ઉનાઈ હાટમાં જાઉં છું ત્યારે તે (એટલે કે કાપડનો વેપારી) મને ચા પીવડાવે છે. તે મારી તબિયત વિશે તેમ જ કામકાજ વિશે પૂછે છે. મેં જ્યારે જ્યારે તેની પાસે ઉધાર કાપડ માગ્યું છે ત્યારે એક વખત પણ તેણે મને ના પાડી નથી. કાપડનો આ વેપારી ખરેખર ચોખ્ખો માણસ છે. એના જેવો માણસ તમને આખા ઉનાઈ કસબામાં નહિ મળે.'

જામખડી ગામના ગજેન્દ્ર છનિયાએ કહ્યું કે કોઈ પણ વેપારી પાસેથી ઉધાર માલ લેવાનું તે પસંદ કરતો નથી. 'એ મને સારું લાગતું નથી. એ અમારા મોભાને છાજતું નથી' તેણે ઉમેર્યું. તે ઉકાઈના થર્મલ પાવર સ્ટેશનમાં ટેલિફોન ઓપરેટર તરીકે નોકરી કરે છે. તે મહિને લગભગ રૂ. ૩૫૦ કમાય છે. તેને સોનગઢ હાટના વેપારીઓ સાથે ઘણા સારા સંબંધો છે. ગજેન્દ્રની જેમ આદિવાસી સમાજના આ સ્તરના ઘણા માણસો એવા છે કે જેઓને વેપારીઓ સાથેની લાંબા સમયની ઉધારી ગમતી નથી. હાટના વેપારીઓ સાથે ઉધારીના સંબંધો રાખવા એ તેઓને તેમના મોભા અને સ્વમાનની દૃષ્ટિએ ઊતરતી કક્ષાનું લાગે છે.

આદિવાસી ખેડૂતોના પ્રત્યાઘાતો ગમે તે હોય, કેટલાક વેપારીઓ આદિવાસી સમાજના ઉપલા વર્ગો સાથે ઘનિષ્ઠ સંબંધો વિકસાવવામાં ધીમે ધીમે આગળ વધ્યા જ છે. કેલકુઈ ગામના ગુરુજી મોગજી (ચૌધરી)નો કિસ્સો સૂચક છે. તે નિશાળમાં શિક્ષક છે. તે તેની ખેતીની પણ સંભાળ રાખે છે. લુહારીનો કાપડનો એક વેપારી શર્ટપીસ, સાડી, શાળાના ગણવેશનું કાપડ વગેરે તેને ઉધાર આપે છે. ઘણા પ્રસંગોએ આ આદિવાસીએ આ વેપારી પાસેથી ઉધાર કાપડ ખરીદ્યું છે. સામાન્ય રીતે તેને તેનો પગાર મળી જાય તે પછી ઉધારીનાં નાણાં ચૂકવી આપે છે. ગુરુજી મોગજીના કહેવા મુજબ તેના ગામના મોટા ભાગના લોકો આ જ વેપારી પાસેથી કાપડ ખરીદે છે. આ વેપારી તેમના ગામના દરેકને નામથી ઓળખે છે.

આમલવાણી ગામના નવીન સોમજી (છોડિયા)નો કિસ્સો પણ નોંધપાત્ર છે. વડપાડા હાટના મોટા ભાગના વેપારીઓ સાથે તેને ઘનિષ્ઠ

સંબંધો છે. બે વેપારીઓ તો 'કુટુંબના મિત્ર' જેવા છે. તેઓ નગીનને ગામ આવે છે અને એકબે દિવસ તેના ઘરે મહેમાન તરીકે રહે છે. નગીનને કહેતાંની વાર જ કાપડ ઉધાર મળે છે.

હાટમાં વેપાર કરતા દુકાનદારો અને વેપારીઓ માટે મધ્યમ આદિવાસી ખેડૂતો વ્યાપકપણે સારો અભિપ્રાય ધરાવે છે. તેઓમાંના એકે કહ્યું, 'તેઓ સારા માણસો છે. તેઓ માલ અથવા ચીજવસ્તુઓ ઉધાર આપે છે. પહેલાં તેઓ કોઈ પણ જાતની યોગ્ય ઓળખાણ-પિછાણ વગર કોઈને પણ ઉધારની સગવડ આપતા હતા. હવે તેઓ તેમ કરતા નથી. એને માટે આદિવાસીઓ પોતે જ જવાબદાર છે કારણ કે તેઓ ઉધાર માલ લે છે પણ ઉધારીના પૈસા ચૂકવી આપવાની પોતાની નૈતિક ફરજની દરકાર કરતા નથી. તેઓ પ્રમાણિક નથી. વેપારીઓ માટે મને લાગણી છે. તેઓ હંમેશ મદદ કરનારા અને બીજાઓનો વિચાર કરનારા છે. અમે આદિવાસીઓ તેમના ઉપકારનો બદલો વાળવામાં પાછા પડયા છીએ.' જ્યાં એ પ્રસંગોપાત્ત જતો હતો તે ઉનાઈ હાટના વેપારીઓ વિશેની આ વાત હતી.

બીજા એક મધ્યમ ખેડૂતે જણાવ્યું, 'મારી દૃષ્ટિએ વેપારીઓનું મુખ્ય ધ્યાન તેમના વેપાર અને નફા ઉપર હોય છે. પરંતુ તેઓ આદિવાસીઓ માટે મોટી સેવા પણ કરે છે. આ સામાજિક કામ પણ છે. વેપારીઓ કોઈને છેતરતા નથી. તેઓનું ઘરાકો સાથેનું વર્તન પણ સારું હોય છે.'

જેમને વર્તમાનમાં કે ભૂતકાળમાં વેપારીઓ સાથે ઉધારીના સંબંધો રહ્યા નથી એવા કેટલાક મધ્યમ ખેડૂતો પણ વેપારીઓ અને વેપારીઓની પ્રવૃત્તિ તરફ સહાનુભૂતિ અને પ્રશંસાના ભાવથી જુએ છે. કેટલાકની દૃષ્ટિએ આ વેપારીઓ થોડેક અંશે વેપારીઓ અને થોડેક અંશે સામાજિક કાર્યકરો છે. કેટલાક આ વેપારીઓની અપ્રમાણિકતાને તેમ જ નફો કમાવાના તેમના હેતુને માન્ય રાખે છે અને તેમના આ વર્તનને વાજબી પણ માને છે. એક આદિવાસી શિક્ષકે તો એટલે સુધી કહ્યું કે સંબંધો માટેની પરંપરાગત રીતે ચાલી આવતી લાગણી અથવા માન એક વાત છે અને ધંધો અથવા વેપાર અલગ વાત છે. બંનેની બિનજરૂરી સેળભેળ ન કરવી જોઈએ.

મધ્યમ ખેડૂતો જ્યારે હાટમાં આવે છે ત્યારે તેઓ શું ખરીદવા ઇચ્છે છે અથવા તો કઈ વસ્તુઓ વસાવવા આકર્ષણ અનુભવે છે? તેઓ



સારી ઓલાદના બળદ, બળદગાડાં, સાઇકલ, કાંડા-ઘડિયાળ અથવા ટ્રાન્ઝિસ્ટર રેડિયો વસાવવા ઇચ્છે છે. કાંઈ પણ હાટમાં આ બધાં વસ્તુઓ વેચાવા આવે છે એવું નથી પણ હાટમાં આવનારા કેટલાક, તેમ જ વેપારીઓ તેમનાં બળદગાડાં તેમ જ સાઇકલ લઈને આવે છે. તેઓ કાંડા-ઘડિયાળ પહેરે છે અથવા ટ્રાન્ઝિસ્ટર રેડિયો લાવે છે. આથી આવી વસ્તુઓ મધ્યમ ખેડૂતોને વસાવવાની અને વાપરવાની ઇચ્છા થાય છે.

વ્યારા તાલુકાના કાકડવાના એક કુકણા ભાઈએ કહ્યું કે તે જ્યારે ઉનાઈ હાટમાં જાય છે ત્યારે ઉનાઈ ગામના કેટલાક સારી સ્થિતિ ધરાવનારાઓના પાકાં ઘરોનું તે આકર્ષણ અનુભવે છે. તેને લાગે છે કે તેણે પણ આવું ઘર બાંધવું જોઈએ. પોતાના ગામમાં તેનાં બે ઘર છે પણ તેમાંનું એકેય ઉનાઈ ગામમાં જે ઘર તે જુએ છે તેના જેવું સારું નથી અથવા સારી રીતે બંધાયેલું નથી.

કેટલાક મધ્યમ ખેડૂતો એવા હોય છે કે જેઓ વધુ સારું અને મોંઘું કાપડ ખરીદવા પ્રેરાય છે – જેમ કે ટેરીકોટન, ટેરેલીન અને નાયલોન. એક નાયકા જાતિના માણસે કહ્યું કે આવા સારા કાપડના રંગ, ડિઝાઈન અને ગુણવત્તાથી તે આકર્ષાય છે. વડપાડા હાટમાં તેણે આ માટેની પૂછપરછ પણ કરી હતી.

આમ આદિવાસી સમાજના અગાઉ વર્ણવેલા બે સ્તરોની જેમ મધ્યમ ખેડૂતોને માટે પણ હાટની મુલાકાત ઇચ્છા-આકાંક્ષા જન્માવવાના સાધનરૂપ બને છે. હાટમાં વેચાવા માટે આવતી વસ્તુઓ પૂરતી જ આ ઇચ્છા મર્યાદિત રહેતી નથી. હાટમાં ન વેચાતી છતાં હાટમાં જોવા મળતી વસ્તુઓ માટે પણ તેઓ આકર્ષણ અનુભવે છે. ખાસ કરીને ઉત્તમ ગુણવત્તા ધરાવતી વસ્તુઓ ખરીદવાની તેમને ઇચ્છા થાય છે.

કેટલાક મધ્યમ ખેડૂતો માટે હાટ પરિચિત અને સસ્તી ચીજવસ્તુઓની દુકાનો ધરાવતું રોજબરોજના બજાર જેવું એક સામાન્ય બજાર છે. ઉત્તમ ગુણવત્તાવાળી વસ્તુઓ મેળવવાની તેમની ઇચ્છા આ હાટમાં સંતોષાતી નથી. તેઓની ઇચ્છા મુજબની મોંઘી વસ્તુઓ હાટમાં મળતી નથી. તેમને મન હાટ કોઈ પણ સામાન્ય બજાર જેવું શાકભાજી, મસાલા અને માંસમચ્છી ખરીદવાનું સ્થળ છે. હાટમાં જે કંઈ વેચાય છે તેની તેમને નવાઈ હોતી નથી. એ બધું તો તેમણે મેળવેલું જ હોય છે. ત્યાં વેચાતી ચીજવસ્તુઓના ભાવ તેમને વધારે લાગતા નથી. હાટમાં જવાથી અલબત્ત તેમના આત્મગૌરવ યા સામાજિક મોભાનું મૂલ્ય ઓછું

અંકાતું નથી. ત્યાં જવાથી તેમને ફક્ત એ વાતનું સ્મરણ થાય છે કે ગ્રાહકોના સામાન્ય સમૂહ કરતાં તેઓ ઘણા ઊંચા છે.

આ પરિસ્થિતિ એવું સૂચવે છે કે મધ્યમ ખેડૂતોનું હાટ ઉપરનું અવલંબન આંશિક હોય છે. તેઓ જ્યારે હાટમાં જાય છે ત્યારે તેમની જરૂરિયાતો ગામની કાયમી દુકાનોમાંથી પણ ખરીદે છે અથવા જ્યારે તેઓ શહેરના બજારમાં જાય છે ત્યારે જો એ દિવસ હાટનો હોય તો તેઓ હાટની દુકાનોમાં પણ જાય છે.

કેટલાક મધ્યમ ખેડૂતો હાટમાંથી ખરીદી કરવી જ જોઈએ એ રીતે કશું ખરીદતા નથી. તેઓ કસબાની કે શહેરની કાયમી દુકાનોમાંથી પણ ખરીદી કરે છે. દાખલા તરીકે, તેઓમાંના કેટલાક સાડી, ચપ્પલ, તમાકુ અને ખેતીના ઓજાર (દાંતરડા, કુહાડી વગેરે) લુહારીની કાયમી દુકાનો-માંથી ખરીદે છે. ત્યાં ભરાતા હાટમાંથી નહિ. કાકડવા ગામનો બાબર ધનજી ગોળ, સૂકાં મરચાં, ટામેટા અને સૂકાં શાકભાજી ઉનાઈની કાયમી દુકાનોમાંથી ખરીદે છે, ઉનાઈના હાટમાંથી નહિ. ઉમરવા ગામનો ગમન ગોપાલ કપડાં અને વાસણ હંમેશાં વ્યારાની કાયમી દુકાનોમાંથી ખરીદે છે, દર શનિવારે વ્યારામાં ભરાતા હાટમાંથી નહિ. ધરમપુર તાલુકાનો મધ્યમ ખેડૂત પણ તેની કેટલીક જરૂરિયાતો ધરમપુરમાંથી ખરીદે છે, જ્યાં તેને મહિને કે બે મહિને એક વાર જવાનો પ્રસંગ આવે છે. તેઓમાંના મોટા ભાગના કાપડ અને વાસણ ખરીદવા શહેરના બજારમાં જાય છે, હાટમાં નહિ.

તેઓના જણાવ્યા મુજબ શહેર કે કસબાની દુકાનોમાં વિવિધ પ્રકારનો માલ મોટા જથ્થામાં મળી રહે છે. વળી માલના ભાવ પણ ઓછા હોય છે. કાપડ અને વાસણની ગુણવત્તા તથા ટકાઉપણા માટે તેઓ હાટની દુકાનો કરતાં કાયમી દુકાનો પર વિશેષ આધાર રાખે છે. શહેરની કઈ દુકાનોમાં કઈ વસ્તુઓ મળે છે તેની તેમજ તેના સંભવિત ભાવની તેઓને પૂરેપૂરી જાણકારી હોય છે. તેઓમાંના ઘણાને માટે 'શહેરની દુકાન' એ હવે રોજબરોજનો શબ્દ થઈ ગયો છે.

કપડાં સિવડાવવા, વાળ કપાવવા, સાઇકલ સુધરાવવા વગેરે કામો માટે તેઓ બારડોલી, મઢી, વ્યારા, ધરમપુર વગેરે શહેરોની જાણીતી દુકાનોમાં જાય છે. વિશેષ કરી શિક્ષિત વર્ગના અને નોકરિયાત વર્ગના આદિવાસીઓ આ દુકાનોમાંથી ખરીદી કરે છે. દરજી, વાળંદ તેમના



ગામમાં, બાજુના ગામમાં કે હાટમાં હોતા નથી એવું નથી, પરંતુ બારડોલી, સુરત અને વલસાડ જેવાં શહેરોમાં કપડાં સિવડાવવા એ પોતાનાં ગામમાં સિવડાવવા કરતાં વિશેષ શોખ પસંદગી અને મોભાની બાબત બની છે. આ લોકોની નજરમાં શહેરના મધ્યમ વર્ગના માણસો હોય છે. તેઓ કપડાં, વાસણ, ઘરેણાં વગેરે બાબતોમાં પોતાના જીવનધોરણને આ લોકોની સમકક્ષ બનાવવાના પ્રયત્ન કરે છે.

મધ્યમ ખેડૂતો પૈકી કેટલાકોમાં એવી સભાનતા પ્રગટતી જાય છે કે હાટ હવે તેમની વધતી જતી અપેક્ષાઓ અને જરૂરિયાતોને સંતોષી શકે તેવું સ્થળ રહ્યું નથી. હાટમાં હવે તેમને ઘણી અધૂરપો લાગે છે. ગામમાં દુકાન ધરાવનાર એક મધ્યમ ખેડૂતે કહ્યું કે આંબાપારડીના હાટમાં સ્ટવ મળતા નથી. કારખાનામાં નોકરી કરતા બીજા એક મધ્યમ ખેડૂતે કહ્યું કે બાજીપુરાના હાટમાં સારા પ્રકારનું ટેરીકોટનનું કાપડ મળતું નથી. જેના કુટુંબના બે સભ્યો મહિને રૂ. ૯૦૦ની ચોખ્ખી આવક ધરાવનાર શિક્ષકો છે તેવા એક મધ્યમ ખેડૂતે કહ્યું કે બુહારીના હાટમાં ખુરશી, ટેબલ, શો-કેસ વગેરે ફરનિચર મળતું નથી. વાલોડમાં બિલ-કલાર્ક તરીકે કામ કરતા બીજા એક મધ્યમ ખેડૂતે કહ્યું કે ઉનાઈ હાટમાં સોનાનાં ઘરેણાં વેચતી દુકાન નથી.

આમ કેટલાક મધ્યમ ખેડૂતોને હાટની ઘણી ઊણપો સાલે છે. તેમને જે જોઈએ છે તે ત્યાં મળતું નથી. તેમને મન હાટ વિકાસની શક્યતા વગરનું સ્થગિત થઈ ગયેલું કેન્દ્ર છે, એ તેઓની જરૂરિયાતોને તેમજ તેમની પસંદગીને પૂરી સંતોષી શકે તેમ નથી. તેઓ કહે છે કે હાટ હવે ગરીબ આદિવાસીઓ માટેનું સ્થળ છે. આર્થિક રીતે પ્રગતિ સાધી રહેલા આદિવાસી કુટુંબો માટેનું નહિ. ઉમરવાવ ગામના ગમન ગોપાલે (ચૌધરી) આ લોકોની લાગણીને ટૂંકમાં યોગ્ય રીતે આમ રજૂ કરી : 'હાટમાં મારા મોભાને, શોખને અને જરૂરિયાતને સંતોષે તેવું કશું જ મળતું નથી.'

કેટલાક મધ્યમ ખેડૂતો જ્યારે હાટમાં જાય છે ત્યારે તેઓ તેમનો સમય માલ કે ચીજવસ્તુઓની ખરીદી સિવાયની પ્રવૃત્તિઓમાં વિતાવે છે. તેઓમાંના કેટલાકને હાટમાં હરવાફરવાની મઝા આવે છે. તેઓ પોતાના ગામના લોકો સાથે, મિત્રો અને સગાંસંબંધીઓ સાથે વાતો કરે છે. તેઓ સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક બાબતો વિશે ચર્ચા કરે છે.

આમ અન્ય બે સ્તરના આદિવાસીઓની જેમ થોડાક મધ્યમ ખેડૂતો હાટની મુલાકાતને સામાજિક ઘટના તરીકે જુએ છે. ગમે તેમ પણ હાટ એ બધાને ભેગા થવા માટેનું એક સ્થળ છે એ વાત તેઓ સારી રીતે જાણે છે. તેઓ પરસ્પરના કુટુંબના સભ્યોની તબિયતના સમાચાર પૂછે છે; ખેતીની બાબતો જેમ કે પાકની જાત, વાપરવામાં આવેલું ખાતર, છાંટવામાં આવેલી જંતુનાશક દવાઓ અને માલના પ્રવર્તમાન બજાર ભાવ વગેરે વિશે પણ તેઓ માહિતીનું આદાનપ્રદાન કરે છે.

જ્યારે નજીકના સંબંધીઓ એકબીજાને મળે છે ત્યારે ચર્ચા મોટે ભાગે વ્યક્તિગત કે કૌટુંબિક બાબતો અંગે થાય છે. દા. ત. તબિયત, માંદગી, લગ્ન વગેરે. ઘણી વાર હાટની મુલાકાત તેઓને પાકના પ્રકાર, ખેડાણની ખાસ પદ્ધતિઓ, પાકના રોગને કાબૂમાં રાખવાની પદ્ધતિઓ, ખેતમજૂરોની પરિસ્થિતિ નફાકારક ભાવે તેમની પેદાશોનું વેચાણ વગેરે માહિતી ભેગી કરવામાં મદદરૂપ થાય છે. આ બધી વાતો તેમનાં ખેતીવિષયક અને ધંધાવિષયક હિતો સાથે સંકળાયેલી હોય છે. વેપારીઓ સાથે સારા સંબંધો ધરાવનાર કેટલાક મધ્યમ ખેડૂતો વેપારની પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત ચર્ચા કરે છે : જેમ કે ધંધામાં નાણાંનું રોકાણ, ધંધામાંથી થતી આવક વગેરે. આમ અન્ય બે સ્તરના આદિવાસીઓની જેમ મધ્યમ ખેડૂતો માટે હાટ હજી પણ ચીજવસ્તુઓની લેવડદેવડ ઉપરાંત મિત્રો અને સંબંધીઓને મળવા માટેનું સ્થળ રહ્યું છે.

### ૨. મોટા ખેડૂતો : આર્થિક સ્તર

આદિવાસી સમાજમાં મોટા ખેડૂતો પણ છે. તેઓ પંદર એકરથી વધુ ખેતીલાયક જમીન ધરાવે છે. તેઓ ઘણી સારી આર્થિક સ્થિતિવાળા ખેડૂતો છે. કેળકુઈ ગામમાં રહેતા એક ઢોડિયા આદિવાસી મોટા ખેડૂત છે. તેના કુટુંબ પાસે ૩૫ એકર ખેતીલાયક જમીન છે. આ કુટુંબ ખેતમજૂરો રાખે છે. બાજરી, કવચી, ઝેડ–૩૧, પદમા, રાજુલા જેવા પ્રકારનું ભાત, ઘઉં, વાલ, ચણા જેવાં કઠોળો વગેરે તેઓ પકવે છે. આ પ્રદેશનો રોકડિયો પાક કહેવાતી શેરડી પણ તેઓ ઉગાડે છે.

ફળદ્રુપ જમીન અને તેમાંથી થતી સારી આવકે આ સ્તરના ખેડૂતોને આગળ પડતા અને સમૃદ્ધ બનાવ્યા છે. દાખલા તરીકે એક આદિવાસી મોટા ખેડૂતે ૧૯૭૩માં ફોર્ડ–૩૦૦૦ ટ્રેક્ટર ખરીદવાનો નિર્ણય કર્યો. આ ટ્રેક્ટરની કુલ કિંમત રૂ. ૪૦,૦૦૦ હતી. આ આદિવાસી કુટુંબ ૫૦ ટકા સરકારી આર્થિક સહાય અને ૫૦ ટકા સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાની વાલોડ શાખામાંથી લોન મેળવવા જેટલી વગ ધરાવતું હતું. બે વર્ષ જેટલા ટૂંકા સમયગાળામાં એટલે કે ૧૯૭૬ પહેલાં લોનની પૂરેપૂરી રકમ એટલે કે રૂ. ૨૦,૦૦૦ બે હપ્તામાં તેઓએ બેંકને પરત કરી દીધી હતી. આ સ્તરનાં કુટુંબો ખેતીકામ માટે ટ્રેક્ટરનો ઉપયોગ કરે છે. જ્યારે તેમનું ટ્રેક્ટર પોતાના કામમાં ન હોય ત્યારે બીજા ખેડૂતોને તે ભાડે આપવામાં આવે છે અને જમીનનું લેવલિંગ જેવા કામ માટે કલાકના રૂ. ૪૦ લેખે ભાડું લેવામાં આવે છે. ટ્રેક્ટર પણ વાર્ષિક આવક માટેનું એક સાધન તેમને માટે થઈ ગયાં છે. તેઓ કેલકુઈ, વ્યારા, બુહારી, બારડોલી અને સુરતથી માલ લાવવા અને લઈ જવા માટે પણ ટ્રેક્ટર ભાડે આપે છે.



તેઓમાંના કેટલાકની ગામમાં દુકાનો પણ છે. તેઓ અનાજ, તેલ જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓ વેચે છે. દુકાનો પણ તેમને માટે વધુ નાણાં કમાવા માટેનું એક સાધન બની છે. તેમને કસબાના અથવા શહેરના મોટા વેપારીઓ સાથે સીધો સંપર્ક હોય છે. એક મોટા ખેડૂતે કહ્યું, 'જથ્થાબંધ ભાવે મોટા વેપારીઓને અનાજ વેચવામાં ફાયદો છે. તેઓ ભાવ સારા આપે છે. કેટલાક તેમનો માલ રાખી મૂકવા માટે અમને અગાઉથી પૈસા પણ આપે છે.' એટલું જ નહિ આદિવાસી મોટા ખેડૂતોને હવે સમજાયું છે કે ઉચ્ચ શિક્ષણ હિતકારી છે. આથી તેઓ તેમનાં સંતાનોને માધ્યમિક શાળાનું અને કૉલેજનું શિક્ષણ લેવા માટે પ્રોત્સાહિત કરે છે. તેઓ તેમને સારા પગારવાળી નોકરી બીજાં ગામોમાં સ્વીકારવા માટે પણ પ્રોત્સાહન આપે છે. આમ તેમની સામાજિક અને આર્થિક સ્થિતિ સદ્ધર જ રહે છે. ખેતીની સંભવિત સ્થિતિ પછી ભલે ગમે તેવી હોય.

આદિવાસી મોટા ખેડૂતોના ૧૨ કુટુંબોની કરવામાં આવેલી તપાસ આ બાબતમાં રસપ્રદ માહિતી આપે છે. ૧૨માંના ૧૧ કુટુંબોમાં તેમનાં કુટુંબના સભ્યોએ મેળવેલું ઊંચામાં ઊંચું શિક્ષણ કયાં તો હાઇસ્કૂલ સુધીનું એટલે કે ૮મા ધોરણથી ઉપર અથવા કૉલેજ સુધીનું એટલે કે બી. એ., બી. ટી., બી. એડ. કે પ્રી. યુનિવર્સિટી વગેરે હતું. ૧૨માંથી ફક્ત ૬ જ કુટુંબો સંપૂર્ણપણે ખેતી ઉપર આધાર રાખતાં હતાં. ત્રણ કુટુંબોમાં તેમના કુટુંબના સભ્યો કાયમી સરકારી નોકરીમાં હતા; તેઓ શિક્ષક તરીકે,

ક્લાર્ક તરીકે કે સર્વેયર તરીકે નોકરી કરતા હતા. અન્ય ત્રણ કુટુંબોમાં દુકાનો અથવા ટ્રેક્ટરનું ભાડું તેમની વધારાની આવકનાં સાધન હતાં. એક ચૌધરી કુટુંબમાં એસ. એસ. સી. સુધી ભણેલી એક છોકરી બાલમંદિર ચલાવતી હતી. તેઓ સહજપણે કબૂલે છે કે તેઓ પૂરતું અનાજ ઉગાડે છે અને અનાજ-કઠોળ તેમણે બજારમાંથી ખરીદવા પડતાં નથી. તેઓ-માંના કેટલાક ખેડૂતો નીચલા સ્તરના માણસોને તેઓની મુશ્કેલીમાં ઉછીનું અનાજ આપે છે. આદિવાસી સમાજના આ સ્તરના ખેડૂતો ગામના અર્થકારણમાં પ્રભુત્વપૂર્ણ સ્થિતિ ધરાવે છે.

## હાટમાં તેમની ભૂમિકા અને સામેલગીરી

આદિવાસી મોટા ખેડૂતો દર અઠવાડિયે હાટમાં જતા હોય એવા પ્રસંગો ભાગ્યે જ બને છે. તેઓમાંના મોટા ભાગના ખેડૂતો તેમની ખેત-પેદાશો વેચવા માટે હાટ ઉપર આધાર રાખતા નથી. તેઓ તેમનું અનાજ વગેરે સીધેસીધું વેપારીઓને વેચે છે. આ વેપારીઓ તેઓના ખેતરમાંથી એ લઈ જાય છે. જે ખેડૂતો શાકભાજી, ફળો વગેરે મોટા પ્રમાણમાં ઉગાડે છે તેઓ તાલુકાસ્થળોએ આવેલી ઉત્પાદક સહકારી મંડળીઓમાં તે વેચે છે અથવા જથ્થાબંધ બજારના વેપારીઓને બધો જ માલ આપી દે છે.

આદિવાસી મોટા ખેડૂતો આમ માલની ખરીદી કે વેચાણ માટે હાટ ઉપર આધાર રાખતા નથી છતાં ક્યારેક ટેવને કારણે અથવા કોઈ ખાસ વસ્તુઓ ખરીદવા અથવા કંઈક સુધરાવવા હાટમાં જાય છે. ૨૫–૩૦ વર્ષ પહેલાં આમાંના મોટા ભાગના ખેડૂતો હાટમાં વારંવાર જતા ત્યારે હાટમાં તેઓ બે કારણથી જતા : (૧) તેમના અનાજ-કઠોળ થોડા પ્રમાણમાં વેચવા અને (૨) તેમની ઘરગથ્થુ જરૂરિયાતો ખરીદવા. છેલ્લાં ૨૦–૨૫ વર્ષથી તેઓનું હાટ ઉપરનું અવલંબન સારા એવા પ્રમાણમાં ઘટી ગયું છે. તેનું એક કારણ એ છે કે મોટા વેપારીઓનો આદિવાસી ગામોમાં પ્રવેશ થયો છે. આ વેપારીઓ ખેડૂતના ઘરઆંગણથી તેનો માલ લઈ જાય છે. તાલુકાસ્થળોની બજાર મંડળીઓએ પણ મોટા ખેડૂતોને તેમના માલનું વેચાણ કરવામાં મદદ કરી છે. બીજું કારણ તે તાલુકાસ્થળોએ કાયમી બજારનો થયેલો ઉદ્ભવ. આ કાયમી બજારનો હવે ઝડપી વિકાસ થયો છે. આદિવાસી સમાજના ઉપલા સ્તરના લોકોની જુદી જુદી જરૂરિયાતો આ બજાર પૂરી પાડે છે.



જ્યાં કાયમી દુકાનો આવેલી હોય છે એવા કસબા કે શહેરમાં પણ હાટ ભરાય છે. મોટા ખેડૂતોને આ કસબા કે શહેરો સાથે નજીકના સંપર્કો હોય છે. આથી તેઓ જ્યારે કસબા કે શહેરમાં જાય છે ત્યારે ત્યાં ભરાતા હાટમાં પણ જાય છે. અને તેમની જરૂરિયાતો ખરીદે છે. જોકે આમાં પણ કસબા અથવા શહેરમાં જવાની બાબત મુખ્ય હોય છે. હાટમાં જવાની ગૌણ.

કસબા અથવા શહેરમાં તેમને કયા પ્રકારનું કામ હોય છે? મોટા ખેડૂતો મિલમાં ભાત છડાવવા, ટ્રેક્ટરમાં ડિઝલ પુરાવવા, ઓઈલ એન્જિન અથવા અન્ય યંત્રસાધનોના છૂટા ભાગ ખરીદવા ગામની પોતાની દુકાન માટેનો માલ ખરીદવા તેમ જ હાટમાં ન મળતી હોય તેવી બીજી ઘણી વસ્તુઓ ખરીદવા શહેરમાં કે કસબામાં જાય છે. તાલુકાની ઓફિસોમાં પણ તેમને લેવીને લાગતું, દુકાનની નોંધણીનું, લાઈટનાં બિલ ભરવાનું વગેરે કામ હોય છે. કેટલાક ખેડૂતો અનાજ-કઠોળના જથ્થાબંધ વેપારી-ઓને અનાજ-કઠોળના ભાવ નક્કી કરવા માટે મળે છે. આમ વર્ષોના વીતવા સાથે શહેર અને કસબાનાં બજારો સાથે તેમના સંપર્કો અને સંબંધો સારા એવા પ્રમાણમાં વિકસ્યા છે. તેઓમાંથી કેટલાક તો એક અઠવાડિયામાં બે કે ત્રણ વાર પણ શહેરમાં જાય છે.

તેઓ જ્યારે પણ હાટમાં જાય છે ત્યારે તેમની સાથે પ્રમાણમાં ઘણી મોટી રકમ લઈ જાય છે. ૧૨ મોટા ખેડૂતોની યદૃચ્છિત કરવામાં આવેલી તપાસમાં જોવા મળ્યું કે તેઓમાંના ૨ પાસે રૂ. ૨૧ થી ૩૦, બીજા ૨ પાસે રૂ. ૩૧ થી ૫૦ અને અન્ય ૭ પાસે રૂ. ૫૦ થી વધુ રકમ હતી. બીજા એક ખેડૂતે પોતાની પાસેની રકમ ચોક્કસપણે જણાવી નહિ. અહીં એ યાદ કરવા જેવું છે કે ૨૩માંથી ફક્ત ૫ જ મધ્યમ ખેડૂતો તેમની સાથે રૂ. ૫૦થી વધારે રકમ લાવ્યા હતા. મોટા ખેડૂતોમાં આ સંખ્યા ૧૧માંથી ૭ની હતી. મોટા ખેડૂતોની ખરીદશક્તિ ચોક્કસપણે જમીન-વિહોણા અને નાના ખેડૂતો કરતાં વધારે હતી. મોટા ખેડૂતો જે રકમ લાવ્યા હતા તેમાં ઓછામાં ઓછી રકમ રૂ. ૩૦ની હતી. જમીનવિહોણા આદિવાસીમાં આ રકમ ફક્ત ૨૫ પૈસા જ હતી. નાના ખેડૂતોમાં આ રકમ રૂ. ૪ની હતી. મોટા ખેડૂતો દ્વારા લવાયેલી મોટામાં મોટી રકમ રૂ. ૨૦૧ની હતી. જમીનવિહોણા આદિવાસીઓની રકમથી એ ૬ ગણી વધારે અને નાના ખેડૂતો કરતાં ૧૦ ગણી વધારે હતી. મોટા ખેડૂતોની

સરેરાશ રકમ રૂ. ૯૪ થાય. ખરીદશક્તિને સંબંધ છે ત્યાં સુધી એક આદિવાસી મોટો ખેડૂત બરાબર ૧૦ જમીનવિહોણા આદિવાસીઓ અથવા ૮ નાના ખેડૂતો એવું સમીકરણ માંડી શકાય.

હાટમાંથી તેઓ મોટે ભાગે શાકભાજી, સૂકી માછલી, લીલા અને સૂકા મસાલા, ગોળ અને ખાંડ વગેરે ખરીદે છે. કેટલીક વાર તેઓ ચા પણ ખરીદે છે. આમાંની મોટા ભાગની વસ્તુઓ તેઓ મોટા પ્રમાણમાં ખરીદે છે. સોનગઢ હાટના એક વેપારીએ કહ્યું, 'આ પૈસાવાળા આદિવાસીઓ આવે છે ત્યારે તેઓ તાજાં અને સારાં શાકભાજીનો આગ્રહ રાખે છે. એ લોકોને વધારે પૈસા ચૂકવવામાં વાંધો હોતો નથી. પરંતુ તેઓ ખરેખર "સરસ શાકભાજી" માગે છે.' સીંગતેલ તેઓ મોટા જથ્થામાં ખરીદે છે : સીધું બે કે ત્રણ કિલો તેલ ખરેખર મોંઘા ભાવની વસ્તુ કહેવાય, કિલોના રૂ. ૮.૭૫. જમીનવિહોણા આદિવાસીઓ અને નાના ખેડૂતો પણ તેલ ખરીદે છે પણ તેઓનું પ્રમાણ ઓછું હોય છે. કેટલાક ખેડૂતો આખા વર્ષનું તેલ પણ ખરીદે છે. ૧૬ કિલોના બે કે ત્રણ ડબ્બા.

તેઓ તેમની ભાવિ જરૂરિયાતોની પણ કાળજી રાખે છે. નાણાંની આ વર્ગને છૂટ હોય છે તેથી તેઓ કાંદા-બટાકા વગેરે મોટા જથ્થામાં ખરીદે છે અને ચોમાસા માટે તે ભરી લે છે. મેના છેલ્લા અઠવાડિયામાં અથવા જૂનના પહેલા અઠવાડિયામાં હાટમાં જવાની મોટા ખેડૂતોની એક સામાન્ય રીત હોય છે. ઉપર ઉલ્લેખેલ વસ્તુઓ પછી તેમના રસનો વિષય કેટલેક અંશે કાપડ અને કપડાંનો ગણી શકાય. રૂ. ૩૭૬માંથી લગભગ રૂ. ૧૯૧ તેમણે ખાદ્યસામગ્રીઓ માટે જ ખર્ચ્યા હતા. બીજો સૌથી મોટો ખર્ચ કપડામાં થયો હતો. લગભગ રૂ. ૧૧૯. આનો અર્થ એ કે હાટમાં તેમણે કરેલા કુલ ખર્ચનો ત્રીજો ભાગ કાપડ-કપડાં માટે ખર્ચાયો હતો. નીચલા સ્તરોની સરખામણીમાં મોટા ખેડૂતોનો કાપડ-કપડાં માટે હાટમાં થતો ખર્ચ ઓછો હતો. પૂરી રકમના સંદર્ભમાં ઓછો નહિ, પરંતુ ખાદ્યસામગ્રીઓ માટે કરવામાં આવતા ખર્ચની સરખામણીમાં.

બીજું નોંધપાત્ર લક્ષણ એ હતું કે મોટા ખેડૂતો હાટમાં લારીવાળાઓ પાસે વેચાતાં તૈયાર કપડાં ખરીદતા નથી. તેઓ આવી ખરીદીથી દૂર રહે છે. હાટની દુકાનોમાંથી તેઓ સાડી, ધોતિયાં, શર્ટના અને પેન્ટના પીસ, ચાદર, રૂમાલ વગેરે ખરીદે છે. કેટલીક વાર તેઓ બંડી અને સફેદ ટોપી પણ ખરીદે છે. બોલપેન, દોરડાં અને દોરીઓ, કપાસિયા, ખાખરાનાં



પાન અને અગરબત્તી જેવી કેટલીક પરચૂરણ વસ્તુઓ માટે મોટા ખેડૂતો નાણાંનો ખર્ચ કરે છે.

હાટના વેપારીઓ આ વર્ગની દેખીતી ઊંચી ખરીદશક્તિ તથા તેમના માલની ગુણવત્તા માટેના આગ્રહ વિશે સભાન હોય છે. વળી ભણેલા અને નોકરિયાતો પણ મોટે ભાગે આ સ્તરમાંથી જ આવે છે. આ લોકોની પસંદગી ઓછું ભણેલા અને આર્થિક રીતે નબળા સ્તરના લોકો કરતાં જુદી હોય છે. આ બાબતને ધ્યાનમાં લઈને વેપારીઓ નવા વર્ષનાં કેલેન્ડર, ગ્રીટિંગ કાર્ડ્સ, મોંઘાં ફટાકડા, ડિઝાઈનના નમૂનાઓ વગેરે લાવે છે. આ કુટુંબોના ભણેલા માણસો ગ્રીટિંગ કાર્ડ્સ તેમ જ નવા વર્ષની ડાયરીઓ વગેરે ખરીદે છે. બાજીપુરા, વ્યારા, સોનગઢ, સુથારપાડા વગેરે હાટના કેટલાક વેપારીઓએ આ મોટા ખેડૂતોની જરૂરિયાતો સંતોષવાનો પ્રયત્ન કર્યો છે. તેઓ હવે નાયલોન, ટેરીકોટન, ટેરેલીન અને એવું બીજું કાપડ આ ઉપલા સ્તરના લોકોની જરૂરિયાતો પૂરી પાડવા માટે રાખે છે. તેઓ મોંઘા ભાવના સ્ટેનલેસ સ્ટીલનાં વાસણ તથા અન્ય એવી આધુનિક વસ્તુઓ પણ રાખે છે.

કેટલાક એવા નિર્દેશો મળે છે કે સમૃદ્ધ આદિવાસી ખેડૂતો શહેરનાં કાયમી બજારો તરફ વળી રહ્યા છે. આ પ્રક્રિયા હજી સ્પષ્ટપણે સ્થિર થઈ નથી. કેટલાંક કુટુંબો હજી પણ પોતાની કપડાંની અને અન્ય જરૂરિયાતો હાટમાંના આવી વસ્તુઓ વેચતા ઓળખીતા વેપારીઓ પાસેથી ખરીદે છે. તેઓમાંના થોડા તો શહેરી બજારો તરફ વળી ગયા છે જ. કેલકુઈ ગામનો એક મોટો ખેડૂત (ચૌધરી) તેની મોટા ભાગની જરૂરિયાતો (કાપડ, પગરખાં, છત્રી વગેરે) વ્યારા, બુહારી અને ઉનાઈના બજારોની કાયમી દુકાનોમાંથી ખરીદે છે. તે કાપડ અને ઘરેણાં જેવી વસ્તુઓ સુરત શહેરમાંથી ખરીદે છે. ધરમપુર તાલુકાના જામલિયા ગામનો બીજો એક મોટો ખેડૂત (કુકણા) તેની જરૂરિયાતનું કાપડ ધરમપુર, વાપી કે વલસાડમાંથી ખરીદે છે. તેના ગામની નજીક આવેલા સુથારપાડાના હાટમાંથી નહિ. વ્યારા તાલુકાના કાટીસકુવાનો બીજો એક મોટો ખેડૂત કાપડ, ઘરેણાં, વાસણ અને પગરખાં વગેરે તેઓ જેને 'મોટા બજાર' કહે છે તે બારડોલી અથવા સુરતમાંથી ખરીદે છે.

આ ઉદાહરણો દર્શાવે છે કે મોટા ખેડૂતોએ હાટની દુકાનોના ગ્રાહકો થવાનું ઓછું કર્યું છે અને તેમનો શહેરની દુકાનોમાં રસ વધ્યો છે.

એક વાર શહેરના બજાર તરફ અને ત્યાં વેચાતી આકર્ષક અને વૈવિધ્યસભર વસ્તુઓ તરફ આકર્ષાયા બાદ હાટના વેપારીઓ જે વસ્તુઓ વેચે છે તેમાં આ મોટા ખેડૂતો રસ દાખવતા નથી. તેઓમાંના કેટલાક ખુલ્લેખુલ્લી ટીકા કરે છે કે હાટની દુકાનોમાં તેઓને ખરેખર જે જોઈએ છે તે મળતું નથી. હાટની દુકાનોમાં નવીનતા વગરનાં કાપડ-કપડાં વેચાય છે. તેઓ પાસે વૈવિધ્ય હોતું નથી. કેટલાકને લાગે છે કે હાટમાં બધા જ પ્રકારની વસ્તુઓ મળી શકે તેવી સ્થિતિ હવે રહી નથી.

કેટલાક મોટા ખેડૂતો એવા પણ છે કે જેઓ અગાઉ હાટમાં વારંવાર જતા. તેઓને હાટના મોટા વેપારીઓ તેમ જ દુકાનદારો સાથે ગાઢ સંપર્કો પણ હતા. આ મોટા ખેડૂતો ઉપર કાપડના તેમ જ વાસણના વેપારીઓ વગેરેનો ઉપકાર રહેતો. તેઓને ઉધારની સગવડ આપવામાં આવતી. તેઓ ઉધાર માલ અને ઉછીનાં નાણાં મેળવી શકતા.

મોટા ખેડૂતો પૈકી કેટલાક હજી હાટના વેપારીઓ સાથે ઉધારીના સંબંધો ધરાવે છે તેનો ચોક્કસ અંદાજ બાંધવાનું મુશ્કેલ છે. પરંતુ તેમનામાંના કેટલાક હજી આવા સંબંધો ધરાવે છે તેના પુરાવા મળે છે. તેઓમાંથી કેટલાક ગામમાં દુકાનો ચલાવે છે. આથી તેઓ હાટમાંથી ઉધાર માલ ખરીદે છે. ઉધારીની આ રકમ ક્યારેક રૂ. ૨૦૦૦ સુધીની પણ હોય છે. આ નાણાં પરત ચૂકવવા માટે તેઓને બે, ત્રણ કે ચાર અઠવાડિયાંની મુદત આપવામાં આવે છે. આમ આવા કિસ્સાઓમાં હાટના મોટા વેપારીઓ તથા ગામમાં દુકાન ચલાવનારા મોટા ખેડૂતો બંનેનાં હિતો પરસ્પરને ઉપયોગી બને છે.

જેઓને ગામમાં આવી દુકાનો વગેરે હોતાં નથી તેવા કેટલાક ખેડૂતો પણ હાટના આ વેપારીઓ ઉપર તેમની મોટી જરૂરિયાતો માટે આધાર રાખે છે. ખાસ કરીને લગ્નની મોસમમાં તેઓ તેમની પાસેથી કાપડ ખરીદે છે. કેટલાક વળી મોટા જથ્થામાં વાસણ પણ ખરીદે છે. મોટા ખેડૂતો ખરીદીની રકમનો અમુક હિસ્સો તરત ચૂકવી દે છે અને બાકીની રકમ ત્રણ, છ કે બાર મહિનાની મુદત દરમ્યાન ચૂકવી આપવાની ખાતરી આપે છે. વ્યારા, સોનગઢ, સુથારપાડા વગેરે હાટના કાપડના અને વાસણના વેપારીઓ આદિવાસી મોટા ખેડૂતોની ઉધારી અંગે વાત કરે છે. એ બતાવે છે કે આ ખેડૂતોની હાટ ઉપરની નિર્ભરતા હજી સંપૂર્ણપણે દૂર થઈ નથી.



વેપારીઓ અને મોટા ખેડૂતો વચ્ચેના જૂના સંબંધો કેટલાક કિસ્સાઓમાં હજી ચાલુ રહ્યા છે તો કેટલાકમાં બંધ થઈ ગયા છે. કેટલાક મોટા ખેડૂતોએ વિકલ્પ શોધી કાઢયો છે અને કસબાની દુકાનોમાંથી અથવા શહેરોની દુકાનોમાંથી તેમનો વપરાશનો માલ ખરીદતા થયા છે. પ્રસંગોપાત્ત તેઓ જ્યારે હાટમાં જાય છે ત્યારે તેઓ હાટના વેપારીઓ સાથેના ભૂતકાળના સંપર્કો અને સંબંધોને હજી પણ સંભારે છે. એવું પણ જોવા મળે છે કે બધાં મોટાં ખેડૂત કુટુંબોને ગ્રાહક તરીકે જાળવવા જેટલી ક્ષમતા હાટ ધરાવતા નથી. આ સ્તરના કેટલાક ખેડૂતો હવે હાટનો ઉંબર ઓળંગી ગયા છે. તેઓએ શહેરના બજારના વેપારીઓ સાથે સંપર્કો સ્થાપ્યાં છે અને સંબંધો બાંધ્યા છે.

મોટે ભાગે તો મોટા ખેડૂતો વેપારીઓની અને તેમની વેપારવિષયક પ્રવૃત્તિઓની પ્રશંસા જ કરે છે. આ સામાન્ય વલણ છે. કેટલાક કિસ્સાઓમાં તો આદિવાસી મોટા ખેડૂતો પોતાના ગામમાં દુકાન ચલાવતા હોય છે. તેઓમાંના કેટલાક તો મોટા વેપારીઓના જૂથ સાથે ભાઈચારાની લાગણી અનુભવે છે. જે મોટા ખેડૂતો માત્ર ખેતી જ કરે છે અથવા નોકરી જ કરે છે તેઓ પણ હાટના વેપારીઓના કાર્યની કદર કરે છે. વેપારીઓ માટેના આવા લગભગ દ્વેષરહિત અને તેમની તરફેણ કરતા દૃષ્ટિબિંદુનાં કારણો શોધવા દૂર જવું પડે એમ નથી. પહેલું એ કે મોટા ખેડૂતો વેપારીઓ દ્વારા આપવામાં આવતી ઉધારની સગવડનો લાભ લે છે. બીજું એ કે તેમનામાંના કેટલાક રોકડ રકમ પણ ઓછા વ્યાજે અથવા વગર વ્યાજે વેપારીઓ પાસેથી મેળવે છે. ત્રીજું એ કે જે મોટા ખેડૂતો ગામમાં દુકાન ચલાવે છે તેઓ હાટના વેપારીઓ પર આધાર રાખે છે. તેઓ તેમનો માલ આ વેપારીઓ પાસેથી ખરીદે છે. તેઓ સરળતાથી ઉધારની સગવડ મેળવે છે. ગામના દુકાનદારો તરીકેનાં તેમનાં હિત હાટનાં વેપારીઓ સાથે મૈત્રીભર્યા સંબંધો રાખવાથી ઘણી સારી રીતે સચવાય છે. ચોથું એ કે વેપારીઓએ પોતે પણ આદિવાસી સમાજના ઉપલા સ્તરો સાથે ગાઢ સંબંધો વિકસાવ્યા છે. કેટલાક મોટા વેપારીઓની આદિવાસી મોટા ખેડૂતો સાથેની ઘનિષ્ઠતા એટલી બધી હોય છે કે આ ખેડૂતો વેપારીઓ સાથે 'અમારામાંના એક તરીકે' કુટુંબના સભ્ય તરીકે વર્તે છે.

એ જાણીતી વાત છે કે મોટા ખેડૂતો નગર સંસ્કૃતિ તરફ વિશેષ આકર્ષાયેલા છે. શહેરના સુખી લોકો જે ચીજવસ્તુઓનો ઉપભોગ કરે

છે તે તેઓ વસાવે છે અથવા વસાવવાની ઇચ્છા રાખે છે. આમ મધ્યમ ખેડૂતોની જેમ આદિવાસી સમાજના મોટા ખેડૂતો પણ એવી આકાંક્ષા સેવતા થયા છે જે તાત્ત્વિક રીતે તેમજ ગુણવત્તાની દૃષ્ટિએ એ જ સમાજના અન્ય બે સ્તરો – જમીનવિહોણા આદિવાસીઓ અને નાના ખેડૂતો કરતાં જુદા પ્રકારની છે.

ભીલા છના (ઢોડિયા) નામનો એક સમૃદ્ધ ખેડૂત ઉનાઈ હાટમાં અનાજકરિયાણાનો ધંધો શરૂ કરવા ઇચ્છે છે. તેણે કહ્યું, 'અનાજકરિયાણાનો ધંધો ઘણો નફાકારક છે. પાંચ વરસમાં આ જ ગામમાં પાકું મકાન બાંધવા જેટલા પૈસા હું કમાઈ શકું.' આમ વધારે નાણાં કમાવા નવા ધંધામાં પ્રવેશવા તે વિચાર કરી રહ્યો છે.

કાકડવા ગામનો ખીમા જોડા (ચૌધરી) નફાકારક એવા આ ધંધાઓ પૈકી કોઈ એકમાં પ્રવેશવાની ઇચ્છા ધરાવે છે. તેણે કહ્યું, 'મને હાટમાં કાપડની દુકાન શરૂ કરવાની ખૂબ ઇચ્છા થાય છે. હાટમાં કાપડના ધંધામાં હું સરળતાથી સારું કમાઈ શકું. કેટલાક પ્રસંગોએ અમને નડતી નાણાં-ભીડ જો હું આ ધંધામાં દાખલ થાઉં તો ઉકલી જાય.'

બીજા એક સમૃદ્ધ ખેડૂતે (કુકણા) પણ એવી ઇચ્છા વ્યક્ત કરી કે જો તેની પાસે રૂ. ૮૦૦૦ થી ૧૦૦૦૦ની મૂડી હોય તો તે સીધેસીધો હાટમાં કાપડનો ધંધો શરૂ કરી દે. કેલકુઈ ગામનો સમૃદ્ધ ખેડૂત દેગણિયા રેશમા (ગામિત) પોતાના જ ગામમાં એક રાઈસ મિલ કાઢવાનું વિચારે છે. ઉનાઈની રાઈસ મિલના માલિક સાથે તેને ગાઢ સંપર્ક છે. તેની પાસેથી દેગણિયાએ પ્રાથમિક માહિતી ભેગી કરેલી છે.

અમે જેમની મુલાકાત લીધી હતી તે અન્ય સમૃદ્ધ ખેડૂતોએ ટ્રક, જીપ, શહેરમાં પાકું મકાન, સોનાના દાગીના અને જ્યારે તેઓ હાટમાં અને કસબા તેમજ શહેરની કાયમી દુકાનોમાં જતા ત્યારે તેમને જે કંઈ ગમતું તે ખરીદવાની તેમની ઇચ્છા વ્યક્ત કરી હતી. તેમની મુખ્ય ઇચ્છા જેમાં નફાનો ગાળો મોટો હોય તેવા મોટા ધંધામાં જોડાવાની હતી. હાટ આ ખેડૂતોને મોટા વેપારીઓ અને દુકાનદારોના નજીકના સંપર્કમાં મૂકી આપે છે.

મોટા વેપારને સંબંધ છે ત્યાં સુધી હાટમાં એવા વેપારની તકો બિન-આદિવાસીઓના હાથમાં છે. પણ સમય જતાં શ્રીમંત આદિવાસી ખેડૂતો આજના મોટા વેપારીઓની હરોળમાં આવે પણ ખરા. મનોમન



તેઓ હાટમાં મોટો વેપાર કરવાનું વિચારે છે તો ખરા જ. તેઓ ઝડપથી ઊંચે આવવા માગે છે અને વધુ ને વધુ નાણાં મેળવવા ઇચ્છે છે. તેમની હાટની અને કાયમી દુકાનોની મુલાકાતો તેમનામાં આ આકાંક્ષા જન્માવવામાં નિશ્ચિતપણે સાધનરૂપ બની છે. આ ખેડૂતો તેમની વેપાર-પ્રવૃત્તિને પોતાના ગામની બહાર પણ વિસ્તારવા ઇચ્છે છે અને તેમાં નવીનતા લાવવાનું પણ વિચારે છે. પરંતુ હાલ તુરત તો તેમની આ વિચારણા ઇચ્છા અથવા આકાંક્ષાના તબક્કે જ છે. પરંતુ તેને સાકાર સ્વરૂપ આપવામાં તેઓને કદાચ વધુ સમય નહીં લાગે.

આ આદિવાસી મોટા ખેડૂતો પણ કેવળ માલ ખરીદવામાં જ તેમનો સમય વિતાવતા નથી. તેમના પરિચિત માણસો હાટમાં આવ્યા છે કે કેમ તે શોધવા પણ તેઓ પ્રયત્ન કરે છે. તેઓ વેપારીઓનું અભિવાદન કરે છે. જ્યારે તેઓ તેમના સંબંધીઓ કે મિત્રોને મળે છે ત્યારે તેઓ તેમના કુટુંબના સભ્યોના આરોગ્યની ખબર પૂછે છે. લગ્ન-સંબંધી બાબતોની પણ લંબાણથી વાતો થાય છે.

ખૂબ અગત્યનો અને સ્પષ્ટપણે વાતોમાં જેનું પુનરાવર્તન થતું રહે છે એવો વિષય તેમની ધંધાકીય પ્રવૃત્તિઓનો અથવા આર્થિક હિતોનો હોય છે. એક હાટમાં આ ખેડૂતો બારડોલીના ખાંડના કારખાનામાંથી તેમની શેરડીના ઓછા ચૂકવાયેલા ભાવ અંગે વાતો કરતા હતા. તેઓમાંના એકે ફરિયાદ કરી કે છેલ્લાં બે વર્ષમાં શેરડી ઉગાડવાના ખર્ચમાં વધારો થયો છે. તેણે એમ પણ કહ્યું કે રોજના રૂ. ૨ ની મજૂરીથી હવે મજૂરો પણ મળતા નથી. અને છતાં ખાંડના કારખાનાવાળા શેરડીના ભાવ વધારતા નથી. આ સમૃદ્ધ ખેડૂતો તેમને સરકારી સહાય દ્વારા મળનાર ખાતર અંગે પણ વાત કરતા હતા. તેમની આ વાતો ઉપરથી લાગે છે કે આર્થિક હિતોને લગતી બાબતો તેમના મનમાં અગ્રતાક્રમ ધરાવે છે.

# ૭

## સારદોહન

હાટ એ બજારનું સ્થળ છે. સુરત-વલસાડ જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં કેટલાક દાયકાઓથી હાટ ભરાય છે. કેટલાંક સ્થળોએ આ હાટ ૧૦૦થી ૧૫૦ વર્ષ જૂનાં છે.

હાટના આરંભ પૂર્વે ફેરી કરનારા વેપારીઓ આદિવાસી ગામોમાં ફરતા. તેઓ પોતાની સાથે કાપડ, વાસણ, ઘરેણાં વગેરે લઈ જતા. પહોંચી શકાય તે બધાં ગામોમાં તેઓ પહોંચતા. જોકે જુદા જુદા કારણોસર તેઓ આ ગામોમાં નિયમિતપણે જઈ શકતા નહિ. પણ તેઓએ આદિવાસીઓ માટે અપરિચિત એવી કેટલીક વસ્તુઓ તે લોકોમાં પ્રિય બનાવી. તેઓએ આદિવાસીઓને પોતાની સાથે સાથે કાપડ, કપડાં, વાસણ, ઘરેણાં વગેરેની જાણકારી મેળવવામાં સહાય કરી. આ ફેરી કરનારા વેપારીઓ બિન-આદિવાસીઓ હતા. તેઓ ખેતપેદાશો અથવા વન્ય પેદાશોના બદલામાં આદિવાસીઓને મીઠું, મસાલા, કાપડ વગેરે ચીજવસ્તુઓ આપતા. આદિવાસીઓ અને વેપારીઓ વચ્ચે આ વસ્તુઓનો વિનિમય થતો.

આ ફેરી કરનારા વેપારીઓએ કોઈ એક સ્થળે અમુક દિવસે મળવાનું સર્વ પ્રથમ નક્કી કર્યું. આ તેમને માટે વધારે અનુકૂળ હતું. તેમણે કરેલી શરૂઆતને કારણે સગવડવાળાં સ્થળોએ હાટ ભરાતા થયા અને આમ હાટનો જન્મ થયો.

હાટ નિયમિત અને વિશેષ વ્યવસ્થિત બજારસ્થળો હતાં. અઠવાડિયે એક વાર કોઈ ચોક્કસ સ્થળ અને સમયે એ ભરાતા. હાટ જ્યારે અસ્તિત્વમાં આવ્યા ત્યારે આજુબાજુનાં ગામોમાંથી આદિવાસીઓ આ હાટમાં સમૂહમાં આવવા લાગ્યા. આદિવાસી સમાજમાં હાટનું સ્થળ કૌટુંબિક શબ્દ બની ગયો.



અમારું નિરીક્ષણ છે કે આદિવાસી સમાજમાં અને તેના અર્થકારણમાં હાટનાં મૂળ ઊંડાં છે. એ તેઓના સામાજિક અને આર્થિક જીવનનો એક ભાગ બની ગયા છે. ગામોમાં થયેલી દુકાનો અથવા કસબા કે શહેરમાં અસ્તિત્વમાં આવેલાં કાયમી કે રોજબરોજના બજારો જેવી ઘટનાએ પણ ભરાતા હાટને કોઈ ખાસ અસર પહોંચાડી નથી. વ્યારા, સોનગઢ, ધરમપુર જેવાં સ્થળો આનાં ઉદાહરણરૂપ ગણી શકાય. દાયકાઓથી જૂના હાટ ચાલુ રહ્યા છે, એટલું જ નહિ નવા હાટ અસ્તિત્વમાં આવ્યા છે. ગાઢ જંગલોમાં કે ટેકરીઓ ઉપર આવેલાં વધારે અંદરનાં સ્થળોમાં હાટ વિસ્તર્યા છે. રસ્તા, વાહનવ્યવહારનાં સાધનો જેવી સુવિધાઓમાં થયેલા સુધારાને કારણે આમ બનવા પામ્યું છે.

અગાઉ બિન-આદિવાસી સમાજ માટે આ સ્થળો પહોંચ બહારનાં હતાં. આદિવાસીઓ બહારની દુનિયા સાથે બિલકુલ જ સંપર્કમાં નહોતા એવું ન હતું. પરંતુ તેઓ પ્રમાણમાં અલગ તો હતા જ. આદિવાસીઓનું આવું પ્રમાણમાં અલગ અને નિજી અસ્તિત્વ બીજાં ઘણાં વિશાળ, સામાજિક, આર્થિક અને રાજકીય પરિબળોથી ભાંગ્યું. હાટે પણ પોતાનો ભાગ ભજવ્યો. આ હાટે આદિવાસીઓને તેમની પરંપરાગત અને એકવિત્ર જીવનપદ્ધતિમાંથી હલાવી નાખ્યા. જ્યાં જ્યાં આ હાટ અસ્તિત્વમાં આવ્યા ત્યાં ત્યાં આદિવાસી સમાજમાં ચોક્કસ પરિવર્તનો એના વડે આવ્યાં જ. હવે આપણે આ પાસાનો વિચાર કરીશું.

હાટનું પ્રાથમિક કાર્ય આર્થિક પ્રકારનું છે. ચીજવસ્તુઓ અને સેવાઓના વિનીમયની તક હાટ પૂરી પાડે છે. આપણે જોયું કે વિવિધ પ્રકારની ચીજવસ્તુઓ અને સેવાઓ હાટમાં ઉપલબ્ધ બને છે. વિનીમય માટે આવતી ચીજવસ્તુઓ બે પ્રકારની હોય છે : ખેતપેદાશો અને બિન-ખેતપેદાશો. હાટમાં જેનો સૌથી વધુ વિનીમય થાય છે તે ચીજવસ્તુઓમાં અનાજ અને કઠોળનો સમાવેશ થાય છે. આદિવાસી ખેડૂતો એ લઈ આવે છે. આ ચીજવસ્તુઓનો ખાસ વેપાર કરનારા વેપારીઓ આદિવાસીઓ પાસેથી એ ખરીદે છે. આ વેપારીઓ બિન-આદિવાસીઓ હોય છે અને નજીકના કસબા અથવા શહેરમાં રહેતા હોય છે. અનાજના આ વેપારીઓ આદિવાસીઓ પાસેથી અનાજ-કઠોળ ખરીદીને દૂરના જથ્થાબંધ વેપારીઓને તે વેચે છે. આમ અનાજના આ વેપારીઓ આદિવાસી ખેડૂતો તથા તાલુકાકેન્દ્રો અથવા શહેરના

જથ્થાબંધ વેપાર કરનારાઓ વચ્ચેની કડી પૂરી પાડે છે. આ વેપારમાં નફાનું ધોરણ ઘણું ઊંચું હોય છે. વળી આ વેપાર અમુક જ વ્યક્તિઓના હાથમાં કેન્દ્રિત થયેલો છે. આને કારણે ઇજારાશાહી, ગેરરીતિઓ તેમ જ અસમાનતાભરી લેવડદેવડના સંબંધો આદિવાસી ખેડૂતો તેમજ આ વેપારીઓ વચ્ચે પ્રવર્તે છે.

આ સિવાય આદિવાસી ખેડૂતો માટે અને ખાસ કરીને ૧૫ એકરથી ઓછી ખેતીલાયક જમીન ધરાવનારાઓ માટે પાયાની જરૂરિયાતો પૂરી પાડવાનું હાટનું કામ ચાલુ રહ્યું છે. આ આદિવાસીઓ પોતાની ખેતપેદાશોની લેવડદેવડ હાટમાં કરે છે. બદલામાં તેઓ રોકડ નાણાં મેળવે છે. આ નાણાંથી તેઓ જીવનની અન્ય જરૂરિયાતો ખરીદી શકે છે. હાટમાં ખેતીવિષયક જે ચીજવસ્તુઓનો વિનીમય થાય છે તેમાં શાકભાજી, મસાલા, ફળ, સૂકી માછલી વગેરેનો સમાવેશ થાય છે. આ વસ્તુઓ આ પ્રદેશના બધા જ હાટમાં પ્રાપ્ય હોય છે. બિન-ખેતીવિષયક ચીજવસ્તુઓમાં કાપડ, તૈયાર કપડાં, કટલરી માલ, સૌંદર્યપ્રસાધનો, ઘરેણાં વગેરેનો સમાવેશ થાય છે. આ ચીજવસ્તુઓ જેમાં વેચાતી હોય એવી દુકાનો લગભગ બધા જ હાટમાં જોવા મળે છે. આ ચીજવસ્તુઓ આદિવાસી પ્રદેશમાં પ્રાપ્ત થાય છે એનો અર્થ એ કે વિકાસ પામેલાં ગામડાંઓમાં કે જંગલનાં ગામડાંઓમાં રહેતા આદિવાસીઓ આ ચીજવસ્તુઓથી પરિચિત થાય છે. ૩૦થી ૪૦ વર્ષ પહેલાં મોટા ભાગના હાટમાં મર્યાદિત પ્રકારની ચીજવસ્તુઓ જ વેચાતી. હવે આ હાટમાં ઘણી બધી જુદા જુદા પ્રકારની ચીજવસ્તુઓ મળે છે.

હવે કારીગરો અને સમારકામ કરનારાઓ વિશે જોઈએ. થોડાં વરસ પહેલાં હાટમાં દરજી નહોતા. એ જ રીતે વાળંદની સેવાઓ પણ અમુક જ હાટમાં પ્રાપ્ય હતી. ધીમે ધીમે આ સેવાઓ હવે જુદા જુદા હાટમાં વિસ્તરવા લાગી છે. હવે કેટલાક હાટમાં સાઇકલનું સમારકામ કરનારની તથા બેટરી, લાઇટર અને ઘડિયાળનું દુરસ્તી કામ કરનારની સેવા મળતી થઈ છે. પહેલાં આ સેવાઓનું અસ્તિત્વ નહોતું. આ રીતે હાટ આદિવાસી સમાજને તેના વિસ્તાર બહારના સમાજના અથવા બહુજન સમાજના કાર્યક્ષેત્રમાં લાવવામાં સાધનરૂપ બન્યા છે. આદિવાસી સમાજની જરૂરિયાતો બિન-આદિવાસી સમાજની અથવા તેની આજુબાજુના સમાજની જરૂરિયાતોથી અસર પામે છે. હાટનો આ ફાળો છે.



આપણે ઉલ્લેખ કર્યો કે ફેરી કરનારા વેપારીઓ બિન-આદિવાસીઓ હતા. એ જ રીતે હાટનાં આરંભનાં વર્ષોમાં પણ વેપારીઓ મુખ્યત્વે બિન-આદિવાસીઓ જ હતા. બિન-આદિવાસી પ્રદેશના દૂરનાં મોટાં ગામો અથવા શહેરોમાંથી તેઓ આવતા. પછીથી તેમાંના કેટલાક વેપારીઓ આદિવાસી પ્રદેશનાં મોટાં ગામો અથવા કસબાઓમાં સ્થિર થયાં. પરંપરાગત હાટની નજીક તેઓ રહેવા ઇચ્છતા હતા. હાટના વેપારીઓને બે જૂથમાં વહેંચી શકાય : મોટા વેપારીઓ અને નાના વેપારીઓ. મોટા વેપારીઓ નાના વેપારીઓથી ઘણી બાબતોમાં સ્પષ્ટપણે જુદા પડે છે. મોટા વેપારીઓ બધા જ બિન-આદિવાસીઓ હોય છે. વેપાર કરવાની વર્ષોની પરંપરા તેઓ ધરાવે છે. આ મોટા વેપારીઓમાંના કેટલાંક કુટુંબોની તો આદિવાસી પ્રદેશમાં ચારથી પાંચ પેઢીઓ થઈ છે.

આ બિન-આદિવાસી મોટા વેપારીઓ આદિવાસીઓની કોઈ પણ બોલીમાં સડસડાટ વાતો કરી શકે છે. જે આદિવાસી લોકોમાં તેઓ વેપાર કરે છે તેઓની પરંપરાઓ રીતરિવાજો અને વિધિઓની નાની નાની વિગતો તેઓ જાણે છે. તેમનામાંના કેટલાકે આદિવાસી સમાજના અમુક સ્તર સાથે નજીકના અને ગાઢ સંબંધો સ્થાપ્યા છે. આ વેપારીઓની વેપારની રીતો, આવડતો અને અન્ય કેટલીક અગત્યની બાબતો જાણવામાં આવી. આથી આદિવાસીઓને મદદ મળી છે. એવી ચોક્કસ શક્યતા છે કે ભવિષ્યમાં આદિવાસીઓ પોતે જ મોટા ધંધામાં પ્રવેશશે.

નાના વેપારને સંબંધ છે ત્યાં સુધી કેટલીક અગત્યની નવી ઘટના બની છે. આદિવાસીઓ હવે મોટી સંખ્યામાં નાનો વેપાર કરતા થયા છે. હાટને કારણે આમ બની શક્યું છે. અમારું નિરીક્ષણ કહે છે કે દર ત્રણ નાના વેપારીઓ પૈકી એક આદિવાસી હોય છે. આદિવાસી વેપારીઓ શાકભાજી, મસાલા, ફળફળાદિ, કટલરી સામાન, તૈયાર કપડાં વગેરે વેચે છે. આ ધંધામાં ઓછા રોકાણની જરૂર હોય છે અને મહેનત વધુ કરવાની હોય છે. પરંતુ અગત્યની વાત એ છે કે આદિવાસી સમાજ હવે ૩૦–૪૦ વર્ષ પૂર્વે હતો તેવો કેવળ ખરીદી કરનારો સમાજ રહ્યો નથી. હવે હાટમાં તેઓ ચીજવસ્તુઓ અને સેવાઓના વેપારી તરીકે પણ ભાગ લે છે. વેપારી તરીકે તેઓ તેમની પાસે ખરીદી કરનારા આદિવાસીઓની અસરમાં તો આવે જ છે પરંતુ બિન-આદિવાસી વેપારીઓની અસરમાં પણ આવે છે.

રસિક બાબત એ છે કે આમાંના કેટલાક આદિવાસી વેપારીઓ

પહેલાં બિન-આદિવાસી વેપારીઓના નોકર હતા. પ્રથમ તેઓએ તમની પાસેથી આવડત અને જાણકારી મેળવ્યાં અને પછીથી પોતાની દુકાનો કરી. આદિવાસી નાના વેપારીઓ એમનું વેચાણ અને આવક વધારવામાં બીજાઓ સાથે હરીફાઈ કરે છે. હરીફાઈની દુનિયામાં જીવવાનું તેઓ શીખી રહ્યા છે. આદિવાસી વેપારીઓ ગ્રાહકો સાથે સોદો કેમ પતાવવો અને પોતાની વસ્તુઓનું વેચાણ કેમ કરવું તે પણ શીખી રહ્યા છે. હાટે તેઓને આજીવિકા પ્રાપ્ત કરવાનો માર્ગ ખોળી આપ્યો છે. એકની એક અથવા એક જ પ્રકારની ચીજવસ્તુઓ અથવા સેવાઓ પૂરી પાડનાર આદિવાસી કે બિન-આદિવાસી વેપારીઓ સાથે સફળતાપૂર્વક હરીફાઈ કરવાની જરૂરી કુશળતા પ્રાપ્ત કરવા માટેના તેઓ પ્રયત્ન કરી રહ્યા છે. તેઓ સ્વયંભૂપણે એ ભૂમિકા માટે તૈયાર થઈ રહ્યા છે.

હાટમાં આવનાર આદિવાસીઓ હાટમાંની તેમની પ્રવૃત્તિના સંદર્ભમાં અંદરોઅંદર જ જુદા પડે છે. મધ્યમ અને સમૃદ્ધ આદિવાસી ખેડૂતોનો બનેલો ઉપલો વર્ગ હાટ ઉપર આંશિક આધાર જ રાખે છે. સમૃદ્ધ ખેડૂતો હાટમાં નિયમિતપણે આવતા નથી. તેઓ હાટને અપ્રસ્તુત અને અનાવશ્યક સ્થળ માને છે. તેઓએ કહ્યું કે તેમની જીવનશૈલીની જે માગ છે તે હાટ સંતોષી શકતા નથી. એટલું જ નહિ, તેઓમાંના ઘણાનો છે. હાટ માટેનો અભિપ્રાય ઊતરતી કક્ષાનો. આ સાથે જ મધ્યમ અને સમૃદ્ધ આદિવાસીઓ મોટા વેપારીઓ સાથે નજીકનો અને ગાઢ સંબંધ રાખતા પણ જોવા મળે છે. આમાંના કેટલાક ખેડૂતો મોટા વેપારીઓને પોતાના 'મિત્રો' અથવા 'કુટુંબના સભ્યો' પણ ગણે છે. આ આદિવાસી મોટા ખેડૂતો પાસે આર્થિક ઉપાર્જનનાં સાધનો હાથવગાં હોય છે. તેઓ પોતાના ગામમાં દુકાનો ધરાવે છે અથવા ટ્રેક્ટર ભાડે આપે છે અથવા તેલની મિલો ચલાવે છે.

અમારું અનુમાન એવું છે કે આ આદિવાસી મોટા ખેડૂતો ભવિષ્યનાં વર્ષોમાં મોટા વેપારમાં દાખલ થશે. આદિવાસી મોટા ખેડૂતો પાસે આવશ્યક સાધનો અને આવડત હોવાથી તેઓ સ્વબળે મોટા વેપારમાં સરળતાથી પ્રવેશ મેળવી શકે એમ છે. કેટલાક મધ્યમ ખેડૂતો પણ કદાચ આ માટે હરીફાઈ કરે. તેઓમાંથી કેટલાક આ દિશામાં બિન-આદિવાસી મોટા વેપારીઓ સાથે ચોકસાઈપૂર્વકની પૂછતાછ પણ કરે છે. આમ હાલમાં મોટા વેપારમાં વર્ચસ્વ ધરાવનાર મોટા વેપારીઓ સાથે તેઓ



મોટા વેપારી તરીકે હરીફાઈ કરે અથવા સહકાર આપે. આ ખૂબ જ સંભવિત ઘટના છે.

નીચલા સ્તરના આદિવાસીઓ – જમીનવિહોણા અને મધ્યમ ખેડૂતો – હાટ ઉપર ખૂબ જ આધાર રાખે છે. તેમની જરૂરિયાતો અથવા અવલંબને આદિવાસી પ્રદેશોમાં હાટને ચાલુ રાખવામાં અને વિકસાવવામાં સહાય કરી છે. જમીનવિહોણા આદિવાસીઓ મુખ્યત્વે ચીજવસ્તુઓ અને સેવાઓના ગ્રાહકો તરીકે હાટમાં આવે છે. પ્રસંગોપાત્ત તેઓ વન્ય પેદાશો, ટોપલા-ટોપલી તથા સાવરણી વગેરે વેચે છે. હાટમાં આવવાથી તેઓને મુખ્ય લાભ એ થાય છે કે તેઓ કેટલીક વસ્તુઓ સસ્તા ભાવે ખરીદી શકે છે. ગામની દુકાનોમાં પોતાની રોજિંદી જરૂરિયાતો માટે તેઓએ વધુ નાણાં ચૂકવવા પડે છે.

આપણે એ પણ જોયું કે જમીનવિહોણા આદિવાસીઓ હાટમાંની જુદી જુદી વસ્તુઓ તરફનું પોતાનું આકર્ષણ પ્રગટ કરે છે. તેઓ ઘણી ચીજો ખરીદવા માટે લલચાય છે પરંતુ ગરીબીને કારણે તેઓ પોતાની ઇચ્છા પૂરી કરી શકતા નથી. આ પરિસ્થિતિ તેઓને પોતાની અપૂરતી ખરીદશક્તિ માટે સભાન બનાવે છે. તેઓ પોતાની નબળી આર્થિક સ્થિતિ માટે તેમ જ જે આદિવાસીઓ વધુ પ્રમાણમાં અને વધુ સારી વસ્તુઓ ખરીદે છે તે બાબતમાં જાગ્રત થતા જાય છે. નાણાં જીવન અને જીવનપદ્ધતિમાં કેવું પરિવર્તન લાવે છે તે તેઓ સાવધાનીપૂર્વક પ્રત્યક્ષ જોઈ રહ્યા છે.

જમીનવિહોણા આદિવાસીઓને સભાન બનાવવામાં આવી રહ્યા છે કે નાણાં વિના તેમના જીવતરનો કોઈ અર્થ નથી. હાટના વેપારીઓનાં વાણી અને વર્તનથી તેઓ ગરીબી એટલે શું તેનો બરાબર અનુભવ કરી રહ્યા છે. તેઓ પોતાના અનુભવો ઉપરથી શીખી રહ્યા છે કે તેઓ જમીન વગરના, મિલકત વગરના હોવાથી તેમના ઉપર વિશ્વાસ મૂકવામાં આવતો નથી, તેમના પર શંકા કરવામાં આવે છે. અમારું નિરીક્ષણ છે કે હાટમાં તેઓ આદિવાસીઓ આદિવાસીઓ વચ્ચેની આર્થિક અસમાનતા વિશે તીવ્ર સભાનતા અનુભવે છે. હાટનો આ સભાનતા કેળવવામાં ફાળો રહ્યો છે તે વિશે કોઈ શંકા નથી.

બીજી બાજુ ઉપલા સ્તરના આદિવાસીઓ અન્યોના તેમના વિશેના ખ્યાલને સંબંધ છે ત્યાં સુધી જુદી અને વધુ સારી હાલતમાં છે. તેઓની

આર્થિક સ્થિતિ જમીનવિહોણા આદિવાસીઓ અને મધ્યમ ખેડૂતો કરતાં ઊંચી છે. તેઓની ખરીદશક્તિ પણ વધારે સારી છે. હાટમાં તેઓ સારી સાખ ધરાવે છે. તેઓમાંના મોટાભાગના હાટના વેપારીઓ સાથે સારો પરિચય ધરાવે છે. તેઓને હાટના વેપારીઓ સાથે ઘનિષ્ટ સંબંધો હોય છે. તેઓ મોંઘી અને ટકાઉ વસ્તુઓ ખરીદવા ઇચ્છે છે. આમ જોઈ શકાય છે કે આદિવાસી સમાજના જુદા જુદા સ્તરો ઉપર હાટની જુદી જુદી અસર હોય છે.

હાટ બજારનું સ્થળ તો છે જ પણ તે એકબીજાને મળવા માટેનું સ્થળ પણ છે. ત્યાં જે લોકો ભેગા થાય છે તેઓ સામાજિક, આર્થિક અને રાજકીય બાબતો વિશે માહિતીની આપ-લે કરે છે. તેઓ લગ્ન, છૂટાછેડા તેમ જ અન્ય બાબતોની પણ ચર્ચા કરે છે. તેઓ આર્થિક બાબતોને રાજકીય માળખા સાથે સાંકળે છે. ગામડાંઓમાં રાજકીય પક્ષો પોતાની સભાઓ હાટના દિવસોએ ગોઠવે છે તેમાં હાટનું મહત્ત્વ પ્રગટ થાય છે.

આમ, આપણે જે હાટનો અભ્યાસ કર્યો તે આદિવાસી વિસ્તારની આજુબાજુના સમાજમાં પ્રવેશી રહેલા બજારના અર્થકારણનું ઉદાહરણ પૂરું પાડે છે. આને કારણે આદિવાસીઓની વ્યક્તિગત તેમ જ ઘરસંબંધી જીવનપદ્ધતિમાં તથા તેમનાં દૃષ્ટિબિંદુ અને આકાંક્ષામાં પરિવર્તન આવે છે. આ પરિવર્તન બિન-આદિવાસી સમાજ અથવા બહુજનસમાજની દિશામાંનું છે.

●●●